શ્રી આત્મતિલક ગ્રન્થ સોસાયટી પુસ્તક નં ૧૨

શ્રી સીમન્ધર સ્વામીને

ખુલ્લા પત્રો.



લેખકઃ—

મણિલાલ નથુભાઈ દોશી. બી. એ.

શ્રી આત્મતિલક ગ્રન્થ સોસાયટી પુસ્તક નં. ૧૨

શ્રી સીમન્ધર સ્વામીને ખુલ્લા પત્રો.

લેખક,
મણિલાલ નથુભાઇ દોશી. બી. એ.
રતનપોળ—અમદાવાદ.

પ્રકાશક,
શ્રી આત્મતિલક ગ્રન્થ સોસાયટી તરફથી
શા. સદુભાઈ તલકચંદ.
રતનપોળ—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ ૧૦૦૦. સંવત ૧૯૭૬. સને ૧૯૨૦

કીંમત ૪ આના.

પોરબંદરનિવાસી શા. લક્ષ્મીદાસ રણછોડદાસના
સ્મરણાર્થે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું
ઠે. પાંચકૂવા નવા દરવાજા—**અમદાવાદ.**

પ્રસ્તાવના.

આ પત્રો સન ૧૯૧૧ માં લખાયા હતા, તે આજે આ પુસ્તક-રૂપે બહાર પડે છે. તેમાં જૈન સંઘની—સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો તથા શ્રાવિકાઓની-વર્તમાન સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં કોઈ પણ વ્યક્તિ ઉપર આક્ષેપ મૂકવાનો આ લેખકનો બીલકુલ આશય નથી. સર્વ કોઇ પોતાની યથાર્થ સ્થિતિ સમજે, અને પોતાના વ્યક્તિગત વિકાસ દ્વારા સકલ સંઘનો વિકાસ કરવા કટિબદ્ધ થાય, એ સિવાય આ લેખકનો બીજો આશય નથી. આ પત્રોમાં લખેલી કેટલીક બાબતોની સત્યતાનો ખુલ્લી રીતે સ્વીકાર કરવા કેટલાક જૈનો અચકાશે, એ ચોક્કસ છે, પણ તેમના હૃદય ઉપર હાથ રાખી, અંતરાત્માને પુછશે તો તેમને એમ લાગ્યા વિના નહિ રહે કે આ બાબતો ખરી છે, એટલુંજ નહિ પણ આ પત્રોમાં આપેલું વર્ણન ન્યુન છે. તે છતાં જો કોઈને પણ આ પત્રોમાં જણાવેલું વર્ણન કોઇ સ્થળે ભૂલ ભરેલું લાગે તો તે સૂચવશે કે જેથી આ લેખક પોતાની ભૂલ સુધારી બીજી આવૃત્તિમાં યોગ્ય ફેરફાર કરશે.

વળી આ સાથે ' જૈનોદય અને કેળવણી ' એ વિષયપર ૧૯૦૮ માં લખેલો લેખ મૂકવામાં આવ્યો છે. તેમાં શારીરિક, માનસિક, નૈતિક, અને આધ્યાત્મિક કેળવણી દ્વારા જૈનોનો કેમ ઉદય થાય તે સૂચવવામાં આવ્યું છે. તે પર જૈન બંધુઓ લક્ષ આપી તેમાંની સૂચનાઓ અમલમાં મૂકશે તો ઘણો લાભ થશે એમ માનવાને કારણો છે.

વળી આ સાથે એક મહત્ત્વની બાબત એ છે કે આ લેખક દૃઢતાથી એમ માને છે કે શ્રી સીમન્ધર સ્વામી વગેરે વિહરમાન તીર્થંકરો અત્યારે વિદ્યમાન છે, અને અમુક સદ્‌ગુણો ખીલવીને, અને અમુક રીતે આત્મવિકાસ કરીને, તથા જનસમાજની સેવા કરીને કોઈ પણ વ્યક્તિ તેમના સંબંધમાં આવી શકે, અને તેમના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકે. તેવી માન્યતા આ લેખકની હોવાથીજ આ પત્રો લખવાનો પ્રયાસ આદર્યો છે, અને જે ઉચ્ચ આશયથી આ પત્રો લખવામાં આવ્યા છે, તેવાજ ઉચ્ચ આશયથી વાંચકો તે વાંચીને તેમાંથી યોગ્ય સાર ગ્રહણ કરી પોતાનું જીવન ઉન્નત બનાવવા તથા જૈન કોમનો ઉદય કરવા પ્રયત્નશીલ થશે.

રતનપોળ-અમદાવાદ.
પર્યુષણપર્વ, ૧૯૭૬.

મણિલાલ ન. દોશી.

શ્રી સીમન્ધર સ્વામીને ખુલ્લા પત્રો.

પત્ર ૧ લો.

શ્રી સીમન્ધર જગ ધણી, આ ભરતે આવો !
કરુણાવંત ! કરુણા કરી, હૃદયાંગત થાઓ !
સકળ ભક્ત તણા તમે, ખુલ્લા થાઓ, નાથ !
કોણ પછી કહો; હે પ્રભો ! છોડે તારો સાથ ?
સકળ સંગ છોડી કરી, 'સંયમ' માર્ગ ગ્રહીશ;
પાદ તમારા સેવીને; જગહિતમાં વિચરીશ.
એ ઇચ્છા મુજ મનતણી, જુઓ સીમન્ધર દેવ !
પુરો પુરો એમ વિનવું, સ્વીકારો મુજ સેવ !

સકલ સીમાઓને ધારી રહેલા દેવ ! કરુણાવંત પ્રભો ! પ્રેમના સાગર પરમેશ્વર ! પરોપકારની મૂર્તિ !

હે નાથ ! હું અજ્ઞાની છું, ચારે પાસે મોહમાં પડેલો છું, અનાથ છું, અશરણુછું, અનેક પ્રકારની આધિવ્યાધિ અને ઉપાધિથી ગ્રહાયલો છું. આવી સ્થિતિમાં કોની પાસે ભીખ માગવી, કોની પાસેથી જ્ઞાનનો માર્ગ જાણવો, કોની પાસે જઇ હૃદયની તરસ છીપાવવી, કોની પાસેથી જ્ઞાનાંજનવડે અજ્ઞાન અંધકાર દૂર કરવો તે, હે કરૂણાળુ દેવ ! મને ખરેખર જડતું નથી. હું જ્યાં ત્યાં ભૂલો ભમું છું-રણરોઝની માફક ભટકું છું-અથડાતો ફરૂં છું; જ્યાં ત્યાં માર્ગ નહી જડવાથી માર્ગથી વિમુખ જ રહું છું. તમે દયાળુ છો,

ભક્તવત્સલ છો, આંધળાની આંખ છો, અજ્ઞાનીઓને પ્રકાશ આપ-નાર છો, વિશ્વને તારનાર છો, આ વિષમ કાળમાં પણ સત્યુગને પ્રવર્તાવનાર છો, એવું આપણું બિરૂદ સાંભળી હું આપની સમક્ષ આવ્યો છું.

હે કરૂણાની મૂર્તિ ! તમારી અનંત કરૂણાના સાગરમાંથી કરૂણાનું એક બિન્દુ આ તૃષિત પાન્થ તરફ મોકલવા કૃપા કરો. આ મારી આશા વિફળ ન જ જવી જોઇએ—જ્યાં સુધી આપમાં દયા છે, જ્યાં સુધી આપ 'કરૂણાના સાગર'નું ખરૂં બિરૂદ ધરાવો છો ત્યાં સુધી તો આવી આશા રાખવાનો મને દરેક હક્ક છે.

આપ દૂર છો, **તેની** મને ચિંતા નથી; આપ **ભારતથી** ઘણે દૂર છો, સ્થૂલ દૃષ્ટિએ જોનારને ઘણે દૂર લાગો છો તો **તેથી** કાંઇ મને શોક પામવાનું કારણ નથી. 'પ્રેમ'માં—ઉચ્ચ પ્રેમમાં એવું તો અવર્ણનીય બળ રહેલું છે કે, ત્યાં છેટાપણાને અવકાશજ નથી. કરોડો ગાઉ દૂર પડેલાં અંતઃકરણો એક બીજા તરફ આકર્ષાય છે, એ હું સારી પેઠે જાણુંછું.

પદ્મ, સૂર્યથી કરોડો ગાઉ દૂર હોવા છતાં સૂર્યને દેખી વિક-સ્વર થાય છે; ચંદ્રકાન્ત, ચંદ્રથી હજારો માઇલ આઘો હોવા છતાં ચંદ્રને દેખી દ્રવવા માંડે છે; તો હે પ્રભો ! આપ દૂર હોવા છતાં જો મારામાં આપ પ્રત્યે કાંઇ પણ પૂજ્યભાવ હોય, ભક્તિની લાગણી હોય તો, હે નાથ ! હું આપને મારા તરફ જરૂર ખેંચી શકીશ જ. કદાચ આપને એમ લાગે કે મારામાં એવું બળ નથી, એવી ભક્તિ નથી, એવો પ્રેમ નથી, એવો પૂજ્યભાવ નથી, આપને પાર-ખવાની શક્તિ નથી, તો જે ન હોય તે આપ જ પૂરૂં કરો, જેની ખામી હોય તે આપ જ મેળવી આપો ! પણ હે સમ્પૂર્ણ પુરુષ !

હવે અહીં આવ્યા સિવાય આપનો છૂટકો નથી. પધારો, વ્હાલા નાથ! પધારો; આ હૃદયમંદિરીએ પધારો. મારી પાસે આપને ધરવા લાયક કાંઈ જ નથી. શું ધરવું તેની પણ મને ગમ નથી. છતાં વારંવાર હું પ્રાર્થના કરીને કહું છું કે, કરૂણાસાગર! અત્રે પધારો. ભક્તજનોની અભિલાષા તૃપ્ત કરો. હે ગુરૂદેવ! મારે તમારી પાસેથી કાંઈ માગવાનું નથી, છતાં હું એક ચીજ માગું તો હું જૂઠું બોલતો નથી. હું ભક્ત એકજ વસ્તુની માગણી કરૂં છું, અને તે આપ આપશો. × હું **આપની સેવા** માગું છું, આપના ચરણકમળની સેવાનું વ્રત યાચું છું. તરવારની ધાર પર ચાલવા કરતાં પણ આ વ્રત ઘણું વિકટ છે એમ, હે નાથ! હું આપની કૃપાથી કાંઇક સમજું છું. છતાં મારી એ જ યાચના છે. હે વિભો! આપ ત્યાં કેમ બેસી રહ્યા છો! અમને બધાને અજ્ઞાન અંધકારમાં મૂકી, આપને ત્યાં બેસી રહેવું કેમ ગમે છે? આ ધર્મની સ્થિતિ કેવી થઈ ગઇ છે, તે આપથી અજાણ્યું તો નહિ જ હોય; છતાં મૂંગે મ્હોડે આપ કેમ બેસી રહ્યા છો? હવે અવધ આવી ગઇ છે; અને હવે વધારે વખત આપ આ સ્થિતિ રહેવા દેશો તો તેનું શું પરિણામ આવશે તે કહી શકાતું નથી.

આપ સર્વ જાણો છો; કાંઇક પ્રયોજનસર જ આપનું આ લાંબા

× **वारिज्जइ जइवि नियाणबन्धणं**
वीयराय तुह समये तहवि मम हुज्ज सेवा
भवे भवे तुम्ह चलणाणं।

અર્થ—હે વીતરાગ! તમારા શાસનમાં નિયાણું બાંધવાની મના છે, છતાં ભવોભવ તમારા ચરણ કમળની સેવા મને પ્રાપ્ત થજો.

વખતનું મૌન હશે. પણ હવે એ મૌનનો ત્યાગ કરો; હે પ્રભો ! ત્યાગ કરો; હે ગુરો ! ત્યાગ કરો. હવે અત્રે આવો–આવો–જરૂર આવો અને ફરીથી જ્ઞાનદીપક પ્રકટાવો. ફરીથી લોકોમાં સત્યમાર્ગની શ્રદ્ધા કરાવો. આપ જેવા જ્ઞાનીઓએ પ્રબોધેલાં સત્યોરૂપી સૂર્યને ઘણા વખતથી અજ્ઞાન રૂપ વાદળોએ ઘેરી લીધો છે. ઝાંખો ઝાંખો પ્રકાશ આવતો હતો તે પણ હવે બંધ પડી જવા લાગ્યો છે. જેમને તેઓએ નાયક તરીકે મૂક્યા હતા, જેમને તેઓએ તેમના પ્રતિનિધિ તરીકે સ્થાપ્યા હતા, તેઓ હવે ફક્ત સત્તાના લોભી બન્યા છે, માનના ભૂખ્યા થયા છે. હવે અમારૂં રક્ષણ કરનાર કોઈ નથી. હવે તો **નાથ** ! તમારા અત્રે આવવા સિવાય બીજો માર્ગ રહ્યો નથી. હવે આપના ચેલાઓને મોકલીને ફરીથી આ ધર્મનો પુનરૂદ્ધાર કરવાનો વખત પણ જતો રહ્યો છે. હવે તો **આપેજ** પધારવું પડે એવી વસ્તુસ્થિતિ થઇ થઈ છે. આ સમયમાં **સામાન્ય** ચેલાથી આ સખત અંધકાર, પોપલીલા, અને ગાઢ આવરણ ભેદી શકાશે નહિ. એટલો કદાગ્રહ વધી ગયો છે, એટલી ટુંકી દૃષ્ટિ વ્યાપી ગઈ છે, અને એટલું હુંપ-ણાનું સામ્રાજ્ય ચાલી રહ્યું છે કે તેને તોડવાને હવે **સામાન્ય** હાથીની નહિ પણ **ગંધગજની** જરૂર પડે તેમ છે. ન્હાના તારાઓના પ્રકાશથી આ અંધકાર ભેદાય તેમ નથી; હવે તો આપની–**જ્ઞાન-સૂર્યની** જ અમને જરૂર છે. હાજરાહજુર આપ હયાત છો, આપ આ ધર્મનું રક્ષણ કરોછો, તેને દોરવોછો, તેનું હિત સમજાવો છો, અને તેને છેક જ નાશ પામતો અટકાવોછો, તથા તેની આસપાસ આપના રક્ષણ કરનારા હાથ હમેશ રાખોછો; આ બાબતની પણ ઘણા થોડાકનેજ જાણ હશે. આ બાબતનીજ **ખબર** જ જો ઘણા થોડાને હશે, તો પછી તે બાબતમાં શ્રદ્ધા રાખનાર તો કોઇ વિરલા

હોય એમાં શું આશ્ચર્ય ? પણ એવા વિરલા બે ચાર કે પાંચ દશ પણ આ વખતમાં એ છે તો ખરા જ, એવી હું આપને ખરા અંતઃકરણની ખાત્રી આપું છું. આપને માન કે પૂજાની દરકાર નથી એ હું સારી રીતે સમજું છું. લોકો આપના પરોપકારની ખુબી સમજે યા ન સમજે તેની આપને પરવાહ નથી; છતાં આ અશ્રદ્ધાથી તેઓ બિચારાનું ઘણું અહિત થાય છે. તેઓ કોઇપણ કામમાં જરા વિઘ્ન આવતાં નાસીપાસ થઇ જાય છે, હિમ્મત હારી જાય છે. જો તેમને ખબર હોય—રે શ્રદ્ધા હોય—અવિચળ શ્રદ્ધા હોય—કે **શાસનનાયક** દેવાધિદેવ જાગતાજોધ બેઠેલા છે, તો પછી અમે આપના પુત્રો શુભ કામમાં શા સારૂ પાછી પાની ધરીએ ? શા સારૂ પૂર્ણ મનથી અને પૂર્ણ બળથી આગળ ન વધીએ ? પડીશું—આખડીશું તો હાથ ઝાલનાર **બાપાજી** પાસે જ ઉભા છે એમ ખાત્રી હોય તો કયું બાળક ચાલતાં ન શીખે? પણ શું કરીએ મહાપુરૂષોએ સ્થાપેલા આચાર્યોમાં જ આપની હયાતીની શ્રદ્ધા નાશ પામેલી જોવામાં આવે છે. તેઓ જ રાજાનો અનાદર કરી રાજગાદી પચાવી પડયા છે; તો પછી તેમના પર વિશ્વાસ રાખનારાઓમાં તો તેવી શ્રદ્ધા કયાંથી જ સંભવે ?

હે **નાથ** ! આ મારી વિનંતી મારે પોતાને માટે નથી; આપની સેવા રૂપી અમર ફળ સિવાય મારે બીજાની કશાની પરવાહ નથી. પણ ચારે બાજુએ જ્યારે દૃષ્ટિ ફેરવું છું ત્યારે ખરેખર મને ખેદ થાય છે, અંતઃકરણ દ્રવે છે અને શું કરવું તે ન સુઝવાથી હિમ્મત હારી જાઉં છું.

આપ જાણો છો તેમ આ ધર્મના ત્રણ મુખ્ય વિભાગ પડી

ગયા છે; પણ જ્યાં તેના પેટાવિભાગોનો વિચાર કરીએ છીએ ત્યાં તો આંખમાં આંસુજ આવે છે. આ પેટાવિભાગોએ સત્યરૂપી શરીરના ચૂરેચૂરા કરી નાખ્યા છે. હવે એવું અમરફળ કે સંજીવન-ઔષધી ક્યાંથી લાવીએ કે ફરીથી તે શરીર તેની અસલની નિરોગી અને પૂર્ણ તનદુરસ્ત સ્થિતિ મેળવી શકે ? ક્રિયાઓમાંથી ચૈતન્ય ચાલ્યું ગયું છે; હવે તે ખાલી ખોખારૂપ રહી છે. સૂત્રો કેવળ મુખપાઠ પોપટની માફક ઉચ્ચારાય છે; તેનો અર્થ કરનારા પણ તેનું રહસ્ય સમજતા હોય એમ દેખાતું નથી. હવે તો ટીકા કરનારાઓ, શબ્દને મારી તોડી વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરનારાઓ અને શબ્દના ખોખાંને ચુંથનારા પંડિતો રહ્યા છે. પણ તે શબ્દનો ગભીર અર્થ-તેમનું 'જીવન'—તે સમજવાની કુંચી તો ક્યારનીએ લોપ થઇ છે.

હે **નાથ** ! હવે એ કુંચી જાણનાર કોઇ રહ્યું નથી, એ ભેદ સમજનાર કોઇ મળતું નથી અને તેથી પોતાનું અજ્ઞાન છુપાવવા ઇચ્છતા નાયકોએ એવી વાતો બ્હાર મૂકી છે કે આ કાળમાં જ્ઞાન વિચ્છેદ ગયું છે! આ કાળમાં ધ્યાન વિચ્છેદ ગયું છે ! આ કાળમાં કોઇ પૂર્વ ભવ જાણી શકે જ નહિ ! આ કાળમાં આધાર માત્ર સૂત્રો–અને તે સૂત્રોનો અર્થ (મરજી માફક) કરનારા નાયકો રહ્યા. અહા ! શી ખેદજનક સ્થિસ્તિ ! **નાથ** ! શું બધું વિચ્છેદ ગયું ? તો પછી આપ જ શી રીતે રહ્યા ? શું આત્માને–આત્માની અનંત શક્તિને દેશ-કાળ અસર કરી શકે ? શું આ સમયે કાળ ઉપર કોઇનું પણ સામ્રાજ્ય ન ચાલે ? જો ન ચાલે તો હે **નાથ** ! આપે તે સર્વનું ભક્ષણ કરનાર કાળનો કાળ કેવી રીતે કર્યો ? જ્યાં સુધી આપ વિદ્યમાન છો, જ્યાં સુધી આપ દેશકાળથી અપરિ-

ચ્છિન્ન આત્મશક્તિવાળા હયાત છો, ત્યાં સુધી આપે પ્રાપ્ત કરેલું પદ મનુષ્યો આપની સેવાદ્વારા પામી શકશે એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. ભલે ને તે શ્રદ્ધાને કોઈ નાસ્તિકતાનું નામ આપે, છતાં તે શ્રદ્ધા અથવા સમ્યગ્દર્શન મારા હૃદયમાંથી ખસવાનું નથી. જ્ઞાન વિચ્છેદ ગયું નથી, ધ્યાન વિચ્છેદ ગયું નથી, તેમજ જ્ઞાનીઓ પણ વિચ્છેદ ગયા નથી. જે જે મનુષ્યો માને છે કે અમુક વિચ્છેદ ગયું છે તેમને વાસ્તે તો તે ખચીત જ વિચ્છેદ ગયેલું છે, એમ હું જરૂર માનું છું. આત્માની અનંત શક્તિમા અનંત બળમાં-અનંત વીર્યમાં જેને પ્રતીતિ-વિશ્વાસ-શ્રદ્ધા નથી તેને વાસ્તે તો સર્વ વિચ્છેદ ગયું છે એમાં કાંઇ ખોટું નથી. પણ સર્વને વાસ્તે સર્વ વિચ્છેદ ગયું છે એ ન મનાય તેની કલ્પિત વાત છે.

જે મનુષ્ય એમ માનતો હોય કે આ વસ્તુ કદાપિ મળે જ નહિ તેને તે કદાપિ મળી શકે જ નહિ “ રોતો જાય તે મુઆની જ ખબર લાવે ” !

હે પ્રભો ! મારી ભૂલ થતી હોય તો મને સમજાવશો. પણ આ બાબતમાં મારૂં અંતઃકરણ તો ઉપરના વિચારોની જ સાક્ષી પુરે છે. અને કદાપિ જો ભૂલ થતી હોય તો લાભની તરફેણમાં ભૂલ થાય છે એટલે ચિંતાનું કારણ નથી. હે દેવ ! લખવાનું ઘણું છે. આપથી કશું અજાણ્યું નથી, છતાં જ્યારે આપે તે ન જાણતા હો તેમ આપ મૌન ધારણ કરી રહ્યા છો, તેથી જ હું આપને આ લખું છું.

હું અજ્ઞાની છું-બાળ છું- ‘ છદ્મસ્થ ’ છું; તેથી મારા લખવામાં અવિનય થવાનો ઘણો મ્હોટો સંભવ છે. બાળકની માફક બોલવામાં

ચગાવલા થઇ જવાનો પણ ભય રહેલો છે. છતાં તે તરફ આપ લક્ષ નહિ આપતાં મારા 'હૃદયના ભાવ' તરફ નજર કરશો. હે **નાથ**! હવે આ સ્થિતિ વધારે વાર રહેવા દેવી એ આખા ધર્મનો નાશ કરવા સરખું છે. માટે હવે આપના રક્ષણ કરનારા હાથ ખુલ્લા પ્રકટ કરો! આપની સત્ય વાણીરૂપી અમૃતનું અમને પાન કરાવો! અમારી આંખોનાં પડલ દૂર કરો! અજ્ઞાનમાં ગોથાં ખાતા અમારા બાંધવો-આપનાં બાળકો તરફ કૃપાદૃષ્ટિ કરી આ **ભ**રતમાં-આ હૃદયમંદિરમાં પધારવાનું આમંત્રણ સ્વીકારો!

29-5-11.

પત્ર ૨ જો.

શાસનનાયક દેવાધિદેવ !

આપ સર્વજ્ઞ છો, સર્વ જાણો છો, આપથી કશું અજ્ઞાત નથી, તો પછી, હાલમાં જૈન શાસનની સ્થિતિ કેવા પ્રકારની છે તે આપ સમક્ષ કહી બતાવવાની શી જરૂર હોય? તથાપિ જેમ એક બાળક પોતાને જે કાંઇ આવડતું હોય તે તેના બાપાજી પાસે લવી જવામાં આનંદ માને છે તેમ આપ સંમુખ મારા ગાંડાઘેલા વિચારો હું રજુ કરૂંછું; તે આપ અવશ્ય શ્રવણ કરશો.

જૈનધર્મ જેટલો વિશાળ, સર્વ અપેક્ષાઓથી સત્યનો વિચાર કરનાર, કેવળ નિષ્પક્ષપાત અને યુક્તિપ્રાધાન્ય ધર્મ બીજો કોઇપણ નહિ હોય એમ મને આપના સિદ્ધાંતો જોતાં લાગે છે. **અમુક** અપેક્ષાઓથીજ અમુક વસ્તુનો વિચાર નહિ કરતાં, **સર્વ** અપેક્ષાઓથી તે વસ્તુની તપાસ કરવી અને **પછી** જે સત્ય લાગે તે સ્વીકારવું, એવા આપના સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદનો સિદ્ધાંત એટલો તો વિશાળ છે, એટલો તો સર્વવ્યાપી છે, એટલો તો ગંભીર છે, કે તેમાં સઘળા વિરોધોનો નાશ કરવાનું સામર્થ્ય રહેલું છે, સઘળા મતમતાંતરોનું સમન્વય કરવાની સત્તા રહેલી છે, અને સર્વ ધર્મો અમુક અમુક અપેક્ષાએ સત્ય છે એમ જણાવી સર્વની એકવાક્યતા પ્રતિપાદન કરવાનું બળ રહેલું છે.

તે ધર્મને આજે બીજા ધર્મોની સાથે મળવાની વાત તો દૂર રહી, પણ ખુદ તે ધર્મમાં જ અનેક ફાંટા પડી ગયા છે, તેના જ અનેક કટકા થઈ ગયા છે, તે ધર્મ જ અમુક સંપ્રદાયોમાં અને

ગચ્છોમાં વ્હેંચાઈ ગયો છે. તે 'ધર્મસૂર્ય'ને પ્રકાશવાને માત્ર અમુક જ દ્વાર છે, એમ દરેક પક્ષવાળા તરફથી કહેવામાં આવે છે! આહ! આ સ્થિતિ હું શી રીતે વર્ણવી શકું? આ દશાનું ચિત્ર હું કેવી રીતે આપી શકું?

જ્યાં જોઉં છું ત્યાં વિશાળતા નહિ પણ સંકુચિતતા નજરે પડે છે, જ્યાં દૃષ્ટિ કરૂં છું ત્યાં નિષ્પક્ષપાત નહિ પણ પક્ષપાત જ દૃષ્ટિએ પડે છે; અને જ્યાં નજર કરૂં છું ત્યાં 'સત્ય' ની પૂજા નહિ પણ 'હું પણા' ની જ મારામારી દેખાય છે. આ બધું, હે પ્રભો! આપના સિદ્ધાંતોનો અર્થ બરાબર નહિ સમજવાથી જ થવા પામ્યું છે. આ સર્વ 'પ્રાચીન–સંરક્ષક–વૃત્તિને' ને Conservative Spirit ને) આભારી છે. અહા! પ્રાચીન-જુનાનું રક્ષણ કરવું એ વૃત્તિ જાતે તો ઘણી ઉત્તમ છે; પ્રાચીનમાં જે સત્ય હોય તેને જાળવી રાખવું એના જેવી ઉમદા નેમ બીજી કોઈ નથી; પણ મહાન્ કવિ કાલિદાસનું વાક્ય આ ક્ષણે મને યાદ આવે છે. તે કહે છે અને વાજબી જ કહે છે કે:—

" જૂનું એટલું બધું કાંઈ સારૂં નથી, અને નવીન એટલું બધું કાંઇ ખોટું નથી. સન્ત પુરૂષો **પરીક્ષા કરીને** એમાંથી એકનો આશ્રય લે છે, પણ મૂઢ મનુષ્યોની બુદ્ધિ **બીજાઓના** વિચારથી દોરવાઇ જાય છે. "

પ્રાચીન સત્યને માન આપવું એ અમારી સર્વ કોઇની ફરજ છે. પણ પ્રાચીન પુષ્પની જોડે કોઈ કાંટા ઉગવા પામ્યા હોય તો પુષ્પને હાનિ ન પહોંચે તેવી રીતે તે કાંટા ઉખેડી નાખવા પ્રયત્ન કરવો એ પણ અમારો ધર્મ છે, એમ હે નાથ! સ્વીકારવાની શું

આપ મના કરો છો ? ના, આપનો સિદ્ધાંત જ આ વાતને સમર્થન આપે છે.

એક સ્થળે જૈન ગ્રંથમાં લખ્યું છે કેઃ—

" जिनैर्नानुमतं किंचिद्, निषिद्धं नापि किंचन. "

આપે કોઇ પણ બાબતની અનુમતિ પણ આપી નથી, તેમ કોઇ પણ બાબતનો નિષેધ પણ કર્યો નથી. ત્યારે શું અમને તમે કેવળ અનિશ્ચિત સ્થિતિમાં રહેવા દીધા છે ? શું અમને રખડતા રહેવા દીધા છે ? ના, ના, તેમ તો નથી. આપે જ બોધ આપ્યો છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર બાબતો લક્ષમાં રાખી, દરેક કામ કરો. દરેક કામ કરતાં પહેલાં, દરેક વચન બોલતાં પહેલાં, કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ ગ્રહણ કરતાં પહેલાં, ઉપર જણાવેલી ચાર બાબતોનો વિચાર કરો. અને જો આ ચારે કસોટીઓમાંથી તે શુદ્ધ નીકળે તો જ તે વચન બોલો, તો જ તે કામ કરો, તો જ તે પ્રવૃત્તિ માથે લો. આ મહાન્ સિદ્ધાંતનો, અફસોસ ! અનાદર થયો છે—રે ! તેનું ખુન થયું છે, તેના માથા પર પગ મૂકી અમે આપના કહેવાતા ભકતો ચાલીએ છીએ અને તેથી જ, હે નાથ ! અમારી આ શોકજનક દશા થવા પામી છે.

હે પ્રભો ! પાશ્ચાત્ય સુધારકો અમારા કાનમાં વારંવાર પોકાર કરે છે કેઃ ' Move with the Times '–' Move with the Times. ' " સમયને અનુસરો–સમયને અનુસરો "–જમાનાને લક્ષમાં લો–જમાના પ્રમાણે આગળ વધો–જમાના પ્રમાણે તમારૂં વર્તન ચલાવો. વળી જૈનશાસનમાં પણ શ્રાવકના એકવીશ ગુણમાં ક્યાં ' સમયજ્ઞ ' ગુણનું પ્રતિપાદન નથી કર્યું ? શ્રાવક ' સમયનો

જાણકાર ' હોવો જોઇએ. સમયના જાણકાર વૃદ્ધવાદીએ પોતાના પંડિત પણ સમયને નહિ ઓળખનાર એવા શિષ્ય સિદ્ધસેન દિવાકરને ભરવાડો આગળ તેમજ રાજસભામાં હરાવ્યાનો દાખલો શું જૈન આલમને જાણીતો નથી? જ્યાં ત્યાં સાધુઓને માગધીમાં ' સમયન્નૂ ' (સંસ્કૃતમાં ' સમયજ્ઞ '-સમયના જાણકાર) કહેલા છે. પણ ગુરો! એ બધા શબ્દો શાસ્ત્રોમાં રહ્યા! એ બધી વાત પ્રાચીન પુસ્તકોમાં રહી! અમને દોરનારા અમારા નાયકોમાં એ ગુણ ન જ રહ્યો-બિલકુલ ન રહ્યો,-નહિ તો ખરેખર અમારી આ દશા ન થાત-જરૂર ન જ થાત. અમે રહીએ છીએ **વીસમી** સદીમાં ને અમારૂં વર્તન છે **ત્રીજા** સૈકાનું. હે **વિભો**! આપ સારી રીતે જાણો છો કે પ્રાચીન આચાર્યોમાં આ સમયજ્ઞપણાનો ગુણ પ્રાધાન્ય ભોગવતો હતો; તે કારણથી જ તેઓએ સામાન્ય જનોનું હિત વિચારી-પોતે સંસ્કૃત ભાષાના સારા જ્ઞાતા હોવા છતાં-તે સમયે બોલાતી માગધી ભાષામાં સૂત્રો-સિદ્ધાંતો રચ્યાં હતાં.

અને જ્યારે શ્રી **સિદ્ધસેન દિવાકરે** તે **માગધી** ભાષાના સૂત્રોને સંસ્કૃતમાં ફેરવવા પ્રયત્ન કર્યો ત્યારે તેમને સંઘ બહાર કર્યા; કારણ કે સામાન્ય મનુષ્યો (જેમાં સ્ત્રી, બાળક વગેરેનો પણ સમાવેશ થાય છે, તેઓ) સંસ્કૃત ભાષા નહિ સમજી શકે અને આ પ્રમાણે સિદ્ધાંતનો લાભ તેઓ લેઈ શકશે નહિ એ બીકથી તેઓએ ચાલતી ભાષાને વધારે મહત્ત્વ આપ્યું. પણ હે **નાથ**! તે વાતને આજે બે હજાર વર્ષ વીતી ગયાં. આજે **માગધી** ભાષાના જાણકાર જૈનોમાં પણ જવલ્લેજ મળી આવે છે. ત્યારે પણ અમારા તે પ્રાચીનસંરક્ષક વૃત્તિવાળા (જે વૃત્તિ એકંદરે તો ઉપર જણાવ્યા

પ્રમાણે ઉત્તમ જ છે) આચાર્યો તેજ સુત્રોને માગધી ભાષામાં મુખપાઠ કરાવે છે, અને શ્રાવકો મ્હોટે ભાગે પોપટની માફક તે બોલી જાય છે. પણ આનું પરિણામ શું આવે છે ? નથી થતી શ્રાવકોના વર્તન પર કાંઈ અસર, કે નથી થતા તેમના વિચારો ઉદાર ! જે ભાષા આપણે બિલકુલ સમજી શકતા જ ન હોઇએ તેમાં બોલવાથી હૃદયમાં પ્રતિધ્વનિ થાય નહિ અને પ્રતિધ્વનિ વગર હૃદય ઉપર અસર થવાનો સંભવ જ શો ? માગધીની જરૂર હતી ત્યારે માગધી ભાષામાં પુસ્તકો લખાયાં, સૂત્રો ગુંથાયાં. હવે ચાલુ જમાનાની ભાષા ગુજરાતી છે, તો તે ભાષામાં પુસ્તકો તથા સૂત્રો લખાય તો તે પણ ઉચિત જ છે, એમ આપના સિદ્ધાંત પ્રમાણે મને લાગે છે. મારો દોષ થતો હોય તો, હે પ્રભો ! તે આપ સુધારશો.

હે દયાળુ દેવ ! આપે આપેલાં અતિ ઉત્તમ ઉપદેશોનું રહસ્ય ચાલ્યું ગયું છે. અમે અલ્પબુદ્ધિના પ્રાણી છીએ, તેથી અમે કેવળ શબ્દોને જ વળગી રહીએ છીએ, તેનું રહસ્ય સમજવાની અમારામાં બુદ્ધિ નથી. આપે આપેલા ઉત્તમ સિદ્ધાંતોમાં એક ઉમદા સિદ્ધાંત 'સ્વધર્મી વાત્સલ્ય' નો હતો, અમે એ સિદ્ધાંતના રહસ્યને મારી નાખ્યું છે, એટલું જ નહિ પણ શબ્દને પણ મારી નાખવા ચૂકતા નથી. એ ગંભીર અને મહાન્ અર્થસૂચક 'સ્વધર્મીવાત્સલ્ય' ને મારીમચડીને 'સ્વામી વચ્છલ' નું તોછડું મૃતપ્રાય નામ આપ્યું છે ! વાત્સલ્ય એ શબ્દ વત્સ પરથી નીકળેલો છે, જેનો અર્થ 'બાળક' એવો થાય છે. જેવી રીતે એક પિતા પોતાના એકના એક પુત્ર ઉપર પ્રેમ બતાવે અને તેનું હરેકરીતે હિત કરવાને પ્રવૃત્તિ કરે તેવી રીતે ખરા શ્રાવકે પોતાના સ્વધર્મી—સમાન ધર્મ પાળનારા—શ્રાવક બંધુઓનું હિત કરવું, એ જ એનો શબ્દાર્થ છે. સ્વધર્મી બંધુ જે કોઇ પણ

રીતે દુઃખી હોય તે દુઃખ દૂર કરવું, એ અન્ય સ્વધર્મીનું કર્ત્તવ્ય છે. જો તે શરીરે દુઃખી હોય તો તેની દવા કરાવરાવવી, જો તે પૈસે દુઃખી હોય તો તેને ધન આપવું, જો તે અભણ હોય તો તેને જ્ઞાન આપવું અથવા ભણવાનાં સાધન પુરાં પાડી આપવાં, જો તેને ધર્મનાં કોઇ તત્ત્વ તરફ શંકા થતી હોય તો સત્ય બરાબર સમજાવી તેને ધર્મમાં સ્થિર કરવો—આ વગેરે અનેક 'સ્વધર્મી વાત્સલ્ય' દર્શાવવાના માર્ગો છે. પણ અત્યારે તો મોદક જમાડવામાં–પારણાને દિવસે મિષ્ટાન્ન ખવરાવવામાં કે ગચ્છ જમાડવામાં તેનો સમાવેશ થતો હોય એમ મોટે ભાગે દેખાય છે.

અમે, હે પ્રભો! નાકકીર્ત્તિને વાસ્તે એક દિવસ નોકારસી કે ગચ્છ કરી પાંચસો—હજાર—બે હજાર કે મ્હોટા શહેરમાં દશ હજાર રૂપૈયા ઉપર આંધણ મૂકીશું. જેમના પેટ ભરાયેલાં છે, અથવા જે ભરવાને શકિતમાન્ છે તેવા અમારા બાંધવોને જમાડીશું—પણ બીજે દિવસે કોઈ અમારી આગળ કેળવણી લેવામાં મદદ માગવાને આવનાર વિદ્યાર્થીને પાંચ રૂપૈયાની પણ મદદ આપવાના અખાડા કરીશું! બીજે દિવસે એક ગરીબ શ્રાવકને એકવાર પણ જમાડવાની રોકડી ના પરખાવી દઇશું! અમે કેવળ સ્વાર્થી થયા છીએ, અમે માનના ભૂખ્યા છીએ, અમે કીર્તિને ચ્હાનારા છીએ, બાકી અમારા સ્વધર્મી બંધુઓ કુવામાં પડે, કે નરકની ખાડમાં પડે કે જહાનમમાં જાય તેની અમને લેશ માત્ર પરવાહ નથી! આવી અમારી ને અમારા બાંધવોની સ્થિતિ થઈ છે. અમને 'સ્વધર્મીવાત્સલ્ય' નો ખરો અર્થ બતાવનાર કોઇ રહ્યું નથી. અમારો આ ખોટો દંભ મૂકાવી અમારા ખરા કલ્યાણનો માર્ગ દેખાડનાર પણ કોઇ જણાતું નથી. ચેલા અને ગુરૂ બન્ને એક જ પ્રકારના મળેલા છીએ. અમને ચાબખા મારી રસ્તે

લાવનાર અખા ભક્તની કે મહાત્મા કબીરની જરૂર છે; પણ સર્વ કરતાં **આપની** જરૂર અમને વધારે છે. કાંઇક અમારો દોષ અમારી નજરે પડતો જાય છે, તે વખતે આપ પધારી અમારાં જ્ઞાનચક્ષુ ખુલ્લાં કરો, અમને અમારા જાતિ ભાઇઓના હિતમાં અમારૂં સર્વસ્વ અર્પણ કરતાં શિખવો! આપ દયાના સાગર છો! આપનું દૃષ્ટાન્ત જ અમને પરમાર્થના કામમાં ઉત્સાહ આપશે. આપનું નિઃસ્વાર્થ વર્તન જ અમને માન કે કીર્ત્તિની દરકાર રાખ્યા વિના અમારા સ્વધર્મી બંધુઓનું જે જે માર્ગે ખરૂં કલ્યાણ થાય તે તે માર્ગે પ્રેરવા પુરતું થશે, માટે હે દયાળુદેવ! હવે અહીં પધારો.

ભાઇનું સગપણ એક ભવનું છે, સ્ત્રીનું સગપણ એક જન્મનું છે, પુત્રોનું સગપણ પણ એક ભવાશ્રયી છે, પણ ધર્મનું સગપણ જે ખરેખર **આત્માનું સગપણ** છે તે **ભવોભવનું** છે. એક વાર ગુરૂ શિષ્ય વચ્ચે થયેલો અથવા એક જ ગુરૂના બે શિષ્યો વચ્ચે થયેલો આત્મિક સંબંધ અનેક ભવો સુધી અખંડિત ચાલ્યાં કરે છે, અને જ્યાં સુધી તે બન્ને આત્માઓ સિદ્ધની ઉજવળ દશાએ ન પહોંચે ત્યાં સુધી તે સંબંધ અવિચ્છિન્ન રહે છે. માટેજ સ્વધર્મીઓનું કલ્યાણ કરવાનો ઉત્તમ ઉપદેશ આપે આપેલો છે. પણ તે બાબત અમે અમારા અજ્ઞાનને લીધે સમજી શકતાં નથી. કેવળ અમુક ધર્મમાં જન્મ્યા તેટલા માટે તે અમારા ભાઇઓ છે, એટલું જ અમે તો માનીએ છીએ; પણ તે ધર્મને ખરા હૃદયથી પાળનારા કોણ છે તે અમે સમજી શકતા નથી.

એક સમય એવો હતો કે જ્યારે સર્વ જૈનો પાસે પુષ્કળ—અઢળક દ્રવ્ય હતું. તે સમયે તેઓ હજારો શું પણ લાખો રૂપૈયાની

નોકારસીઓ કે જમણો કરે કે ઉજમણાં કરે તો તેમાં કાંઇ વાંધો લે તેમ નહતું. પણ સમય બદલાયો છે. સમય સમયનું કામ કરે છે. દરેક પ્રકારનો અનુભવ આત્માને મળે તે માટે કાળ દરેકને ઉચ્ચ તેમજ હલકી સ્થિતિમાં મૂકે છે. જૈનોની પ્રાચીન જાહોજલાલી રહી નથી. જેમને ત્યાં પૂર્વે હજારો ગુમાસ્તા કામ કરતા હતા, તેમના વંશજોને અત્યારે ગુમાસ્તી મળવી પણ મુશ્કેલ થઇ પડેલી છે. અને બીજાઓ રંકમાંથી રાજા જેવા બની બેઠા છે. માટે સમયને ઓળખીને અમારી દાનની પ્રણાલિકામાં અમારે ફેરફાર કરવો ઘટે છે. પણ આ બાબતનો બોધ અમને કોણ આપે છે? કદાચ કોઇ મુનિ કે શ્રાવક આ બાબતનો બોધ આપવા બહાર પડે તો તેને માથે 'સંઘબહાર'ની ફાંસીની સજા! અથવા તો 'ઉત્સૂત્ર પ્રરૂપક' નો કે 'મિથ્યાત્વી'નો મોટો ખીતાબ તૈયાર જ છે! અમારાં દુઃખ ક્યાં જઇ રડીએ? અમે કોના આગળ અમારાં વિતક કહીએ? હે **નાથ**! હે પ્રભો! તમે હવે અમારી વારે ધાઓ! અમને સદ્બોધના દીપકની જરૂરછે, તે દીપક આપ પ્રકટાવો! ચારે બાજુ અંધકાર વ્યાપી રહ્યું છે, તેમાં વાદળાની કાળાશે વધારે કાળો રંગ પૂર્યો છે. પણ જ્યાં સુધી **જૈન ધર્મની સીમાને ધારણ કરનાર-જૈન ધુરાને ધારણ કરનાર**–આપ અમારે માથે છો ત્યાં સુધી આવી સ્થિતિમાં પણ આપના પર વિશ્વાસ રાખી અમે બેઠા છીએ. સૂર્ય પ્રકાશશે, વાદળ વિખરાઇ જશે, અંધકાર પ્રલય થઇ જશે, જ્ઞાન ફેલાશે, અને સુચારિત્ર દીપી નીકળશે એવી અમને શ્રદ્ધા છે. એ શ્રદ્ધાથી અમે કામ કરીએ છીએ; પણ **નાથ**! હવે વિલંબ માં કરો. હવે ધીરજ રહેતી નથી. તમને મળવાની–તમારૂં જ્ઞાનામૃત પીવાની આતુરતા વધી પડી છે. માટે હવે તો જલ્દીથી પધારો–નહિતર અમારી તે શ્રદ્ધા કદાપિ

ચાલી જશે. અમારા જીવનનો એકનો એક આધાર તુટી જશે. **"નવું શાસન પ્રવર્તાવો!-હવે સમય થયો છે!"** એમ આપને જણાવવાને અમારામાં લોકાંતિક દેવો જેટલું બળ નથી, તેમજ અમારો તે કુળધર્મ નથી. અમારા હૃદયના ભાવ તરફ, **હે નાથ!** નજર કરો. અમારી અંતર્ગત ભક્તિને, હે પ્રભો, નિહાળો! અમારા શબ્દો સામું ન જોશો; પણ **કયા આશયથી** તે શબ્દો સ્થૂલરૂપમાં પ્રકટ થયેલા છે, તે આશય ઉપર-તે માનસિક ભૂમિમાં થયેલી વિચાર આકૃતિ ઉપર દૃષ્ટિ ફેરવો. 'મારૂં તે સાચું' એમ માનવાને બદલે અમને સત્યના શોધક બનાવો, કે જેથી તમારૂં સત્ય અમે જૂદા જૂદા આકારોમાં પ્રકટ થયેલું હોય તો પણ શોધી શકીએ અને આનંદ માનીએ. અમને સમયના જાણકાર-સમયને અનુસરી વર્તનારા બનાવો, કે જેથી અમે આ જૈન શાસનના ઉદયમાં અમારો યત્કિંચિત્ હિસ્સો—ફુલ નહિ તે ફુલની પાંખડી-અર્પણ કરી શકીએ. હે પ્રભો! મારે કહેવાનું તો ઘણું છે, પણ મને વિચારો બરાબર અનુક્રમે ગોઠવતા આવડતા નથી અને બધું એકજ વખતે કહી બતાવવાની મારી શક્તિ નથી. માટે મારા અલ્પ જ્ઞાન પ્રમાણે જણાવેલા વિચારોમાં જો કાંઈ દોષ જણાય તો તેની માફી આપી તેમાં રહેલા આશય તરફ નજર કરી હવે અમને-જૈન આમલને-જૈનના નાયકોને સન્મતિ આપો!

12—6—11

પત્ર ૩ જો.

હે પરમકૃપાળુ જગદુદ્ધારક સીમન્ધર સ્વામિન્ !

અમારાં હૃદય મલીન થયાં છે; કામ, ક્રોધ, લોભ મોહ, મત્સર વગેરે અપવિત્ર વિચારોએ અમારા ‘ હૃદયમંદિર ’ ને તદ્દન અપવિત્ર બનાવ્યું છે. હે **પ્રભો** ! તે મંદિરમાં આવવાનું આપને આમંત્રણ આપતાં પણ અમને શરમ આવે છે. આપને—**પરમપવિત્ર** પ્રભુને અપવિત્ર સ્થળમાં કેવી રીતે બોલાવી શકીએ ? આપને—**નિર્માનીને** અમારા અભિમાનથી મલીન બનેલા હૃદયમાં શી રીતે વાસ આપી શકીએ ? આપને—**ક્ષમાગુણસાગરને**-સહજવારમાં ઉશ્કેરાઈ જતા એવા હૃદયમાં કેવી રીતે સ્થાન આપી શકીએ ? આપને-**વિરાગીને** સૌંદર્ય દેખી લોભાઈ જતા હૃદયમાં શી રીતે અવકાશ આપીએ ? હે **સીમન્ધર પ્રભો** ! અમે સર્વ રીતે આપની કૃપાને અપાત્ર છીએ; પણ હે ગુરો ! શું અમને અપાત્રને અપાત્ર જ રહેવા દેશો ? અમને શ્રદ્ધા છે કે આપનું નામ જ અમારા હૃદયને પવિત્ર બનાવશે, અમને વિશ્વાસ છે કે આપના ગુણનું સ્મરણ જ અમને નિર્માની બનાવશે, અમને પ્રતીતિ છે કે આપની ક્ષમાભરી દૃષ્ટિ જ અમને ક્રોધના ત્યાગ કરવાનું શિખવશે, અમને ભરોંસો છે કે આપની શાંત ભાવના જ અમારામાં વૈરાગ્ય ભાવ જાગૃત કરશે, અને આપનું દર્શન જ અમને —અમારા હૃદયને તદ્દન શુદ્ધ બનાવશે. આપ અહીં પધારશો એટલે સર્વ ઇષ્ટ વસ્તુ મળી જશે. હે વિશ્વના **નિષ્કારણ બંધો** ! આપની આ નિષ્કારણ પ્રવૃત્તિ અમને નિષ્કામ ભાવ શિખવશે, અને અમે પણ આપના પગલે ચાલી પરોપકારના ભગીરથ કાર્યમાં અમારો

હિસ્સો આપીશું. અમારામાં નિષ્કામ વૃત્તિ જાગશે, એટલે હૃદયને શુદ્ધ કરવાનો ઉત્તમોત્તમ ઉપાય અમને જડી ગયો એમ અમે સમજીશું. આપ જ્યોતિસ્વરૂપ છો, આપ અત્રે પધારશો એટલે આપની જ્યોતિ અમારા હૃદયમંદિરના ખુણામાં ભરાયેલા હલકા વિકારો અને વિચારોને શોધી શકશે, અને તે જ્યોતિ-તેજ બળથી તે સર્વનો સંહાર થશે.

અમારૂં હૃદય પવિત્ર બનશે અને આપને તે મંદિરમાં આમંત્રણ આપવાને અમે ભાગ્યશાળી થઇશું.

હે **નાથ**! હવે હમારે '**હૃદયની** કેળવણી' ની જ જરૂર છે. અમારૂં હૃદય પવિત્ર રહે, અને અમારાં **દરરોજનાં કાર્યો** તે **હૃદયની પવિત્રતા** અનુસાર થવા પામે, એ જ અમારી ઇચ્છા છે; અને માગણી પણ એજ છે. હે **પ્રભો**! અમે 'બાહ્ય ક્રિયાઓ' ઘણી કરી, અમારૂં આખું જીવન પણ તેમાં ચાલ્યું ગયું, છતાં અમારા હૃદયનો વિકાસ બિલકુલ થયો નથી; અમારી સ્થિતિ તેવીને તેવી જ રહી છે. અમે **ધાર્મિક ક્રિયાઓમાં** અને દરરોજના **જીવન વ્યવહારની ક્રિયાઓ અથવા કાર્યોમાં** મ્હોટો ભેદ પાડયો છે. અમે દરરોજની ધાર્મિક ક્રિયાઓ જો કરી શકીએ, અમે જો નિત્ય દેવદર્શન કરીએ, ઉપાશ્રયે જઇ ગુરૂને વંદન કરીએ, પ્રતિક્રમણ કરીએ, પૌષધ કરીએ, સામાયિક કરીએ અને દરરોજ ગુરૂ મહારાજનું વ્યાખ્યાન સાંભળીએ તો પછી ધર્મિષ્ઠ કહેવરાવવાનો અમને હક્ક મળી ચૂકયો માનીએ છીએ! અમે અમારા દરરોજના જીવનવ્યવહારમાં બીજાઓને છેતરીએ, બીજાઓનાં ગળાં રેંસીએ, જૂઠી સાક્ષીઓ પૂરીએ, વિશ્વાસઘાત કરીએ, થાપણો ઓળવીએ, વગેરે અનેક

કૂડાં કામ કરીએ, છતાં જ્યાં સુધી અમે 'ધાર્મિક ક્રિયાઓ' બરાબર પાળીએ ત્યાં સુધી કોઈ અમારૂં નામ લે તેમ નથી! અમને અમારો ઇતિહાસ રજુ કરતાં, હે નાથ! શરમ આવે છે. અમે ધર્મના ઉજ્વલ પડદા પાછળ સંતાઈ રહી કાળાં ઘોર કૃત્ય કરતા પણ અચકાતા નથી; અમારાં પાપો—દુષ્કૃત્યો—અનાચારો છુપાવવાને અમે ખુદ ધર્મને જ ઢાલ રૂપ બનાવીએ છીએ! પણ હવે અમારાં પાપનો ઘડો ભરાયો છે; હવે ઝાઝી વાર અમારી સ્થિતિ ટકે એમ લાગતું નથી. કૃપાળુ દેવ! આપ તો સર્વ જાણો છો, છતાં આ અમારા હૃદયના ભાવ હવે પ્રકટ કર્યાવિના ઇલાજ નથી. અમારાં હૃદય પાપથી ભરેલાં છે, તેને સાફ નિર્મળ—સ્ફટિક જેવાં શુદ્ધ બનાવવાની જરૂર છે.

"**ન્હાનું મ્હોટું જે જે કામ કરીએ તે સર્વ ધર્મમય થવું જોઇએ,**" એ સિદ્ધાંત અમારા લક્ષમા હજુ આવ્યો નથી. હે ગુરો! તે સિદ્ધાંત અમને શિખવો, તેનો અમને બોધ આપો. જે ક્રિયાઓ કરવામાં અમારે જાતિ ભોગ ન આપવો પડે, તે કરવાને અમે તૈયાર જ છીએ; પણ જે વ્યવહારના કાર્યમાં સ્વાર્થનો ત્યાગ કરવાનો સમય આવ્યો, ત્યાં ધર્મ ધર્મને સ્થળે રહેવાનો! આ 'ધર્મ' અને 'વ્યવહાર' વચ્ચે ઉભી થયેલી દિવાલ ઘણી જબરી છે; ઘણા કાળથી તે દિવાલને પોપણ મળેલું છે; રૂઢીએ પણ તેને મજબૂત બનાવી છે. છતાં તે દિવાલને તોડયા વિના, હે પ્રભો! હવે તો છૂટકો નથી જ. તે તોડવાનું અમારામાં બળ નથી; અમને તે તોડવાનો માર્ગ પણ સુઝતો નથી; દયા લાવી, હે ગુરો! અમને કાંઇક માર્ગ સુઝાડો, કે જેથી અમારૂં જીવન **ધર્મમય** થાય, અમે

જે જે કાર્ય કરીએ (પછી તે ધાર્મિક હોય કે વ્યાવહારિક હોય) તે સર્વ ઉચ્ચ સિદ્ધાંતો અનુસાર જ થવા પામે. આપે તો, હે **નાથ**! માર્ગાનુસારીપણાના પાંત્રીસ ગુણ દર્શાવી અમને બોધ આપ્યો હતો કે " **તમારો જીવનવ્યવહાર નીતિમય કરજો** "; પણ અમે સ્વાર્થી લોકોએ વ્યવહાર અને ધર્મના જૂદા વિભાગ પાડયા છે. એક ઓરડાના બે ખંડ પાડયા છે, એકમાં ધાર્મિક ક્રિયાઓ મૂકી છે અને બીજામાં વ્યાવહારિક ક્રિયાઓને ગોઠવી છે, અને ધર્મ અને વ્યવહારને બિલકુલ સંબંધ ન હોય તેમ અમે વર્તીએ છીએ. અમે આપના સિદ્ધાંતોને મારી નાંખ્યા છે. અમારો સ્વાર્થ સરતો હોય તો ધર્મના દરેક સિદ્ધાંત ઉપર પગ મૂકીને ઉભા રહેતાં અમે આંચકો ખાઇએ તેવા નથી; કારણ એ જ કે અમને આ **સિદ્ધાંતોમાં શ્રદ્ધા નથી**! અમે બ્હારથી-મોંહેથી બોલીશું કે અમે આ તત્ત્વો **માનીએ** છીએ, પણ અમારા **વર્તન** તરફ નજર કરો, એટલે આપને જણાશે કે અમે કેવળ બોલકણા—નાટકીઆ છીએ; ધર્મી કહેવરાવવા માગીએ છીએ, બાકી ધર્મના સિદ્ધાંતોની અમારા હૃદયપર કાંઈ પણ **અસર** થવા પામી નથી.

હે ગુરો ! અમે જગતને મગરૂરી સાથ જણાવીએ છીએ કે, " અમારો ધર્મ પરમ પવિત્ર છે; અમારા જેવો અહિંસાનો સિદ્ધાંત બીજા કોઈ ધર્મમાં નથી; અમારા ધર્મના સિદ્ધાંતો એટલા ઉચ્ચ અને રહસ્યપૂર્ણ છે કે બીજાઓની તેમાં ચાંચ પણ ન બૂડે ! "આ પ્રમાણે લોકો સંમુખ જણાવી અમે ફુલાઇએ છીએ; પણ તે સિદ્ધાંતોની અમારા **જીવન વ્યવહાર** ઉપર અસર ન થાય ત્યાં સુધી તે સિદ્ધાંતોની ઉચ્ચતા કહેવાનો અમને શો હક્ક છે ? સિદ્ધાંતો અને

વર્તન વચ્ચે મોટું અંતર પડી ગયું છે; 'નિશ્ચય' અને 'વ્યવહાર' એ બે વચ્ચે આશમાન જમીન જેટલો તફાવત નજરે પડે છે. અમારા ધર્મના સિદ્ધાંતો ગમે તેટલા ભવ્ય અને ઉત્તમ ચારિત્રને પ્રેરનારા હોય, પણ અમે જ્યાં સુધી તે સિદ્ધાંતો પ્રમાણે વર્તીએ નહિ ત્યાં સુધી તે સિદ્ધાંતોને માનવાનો અમે ખોટો દાવો કરનારા છીએ–અમે માત્ર ઢોંગી છીએ.

અમે પુનર્જન્મ, કર્મ અને આત્માના અમરત્વના સિદ્ધાંતને માનનારા છીએ; પણ બીજાને છેતરતી વખત 'કર્મનો નિયમ' અમારી પાસેથી નાશી જાય છે. બીજાને હેરાન કરતી વખત પુનર્જન્મનો નિયમ મગજમાં સંતાઈ જાય છે. આત્મા અમર છે, એમ કેવળ બોલીએ છીએ, પણ શરીરનું મરણ થતાં જાણે આત્મા મરી ગયો ન હોય એમ રડીએ છીએ! અમારા **જીવન વ્યવહારમાં** અમે સામાન્ય ન્યાયનીતિ પણ કોરાણે મૂકીએ છીએ.

હે પ્રભો! શ્રી **યશોવિજયજી**એ આપની સ્તુતિ કરતાં કહ્યું છે કેઃ–

'નિશ્ચય' દૃષ્ટિ હૃદય ધરીજી,
પાળે શુદ્ધ 'વ્યવહાર';
પુણ્યવંત તે પામશેજી—
ભવ સમુદ્રનો પાર—જીનેશ્વર!

પણ તે શબ્દોની અમારા પર અસર બિલકુલ થઈ નથી. અમારી ધાર્મિક ક્રિયાઓ અને અમારી વ્યાવહારીક ક્રિયાઓ એ જૂદી જ ગણીએ છીએ. "વ્યવહાર **ધર્મમય** થવો જોઇએ" એ સિદ્ધાંત અમને હવે સમજાવવાની ઘણી જ જરૂર છે.

આ અંધાધુધી ઘણા વખતથી ચાલી રહી છે, પણ હવે તો તે અંધાધુધીનો નાશ કરી નવું "ધર્મમય વ્યવહારનું રાજ્ય" સ્થાપવાનો

પ્રસંગ આવી લાગ્યો છે. અમારૂં દરેક કાર્ય ધર્મ પ્રમાણે ધર્મના સિદ્ધાંતો અનુસાર થવું જોઇએ છે. આ વાસ્તે આ સિદ્ધાંતો અમારા હૃદયને અસર કરે તેવા રૂપમાં અપાવાની આવશ્યકતા છે. ભલે મનુષ્યો થોડું ભણેલા હોય, ભલેને તેઓ વ્યુત્પત્તિવાદ કે તર્કશાસ્ત્ર ન સમજતા હોય, પણ જો તેમનાં હૃદય ગુણગ્રાહી, નિમાંની, દયાર્દ્ર અને સરલ હશે તો તેઓ આપના ઉચ્ચ સિદ્ધાંતો પ્રમાણે ચાલવાને વધારે લાયક છે જ. અમારે હવે પોપટીઆ બહુ જ્ઞાનની જરૂર નથી પણ હવે તો હૃદયની જરૂર છે. એક મોચી એક બાળકના બુટને સારૂ ચામડું કાપતો હતો. તે ચામડું તેને કઠણ લાગ્યું, તેથી તે મૂકી દેઈ તેણે સુંવાળું ચામડું પસંદ કર્યું. આ મોચી જ ખરેખરો દયાળુ છે; એ જ દયાનો પરમ ધર્મ સમજ્યો છે. સર ફીલીપ સીડની નામનો ગ્રન્થકાર એક લડાઇમાં ઉતર્યો હતો જ્યાં તે ઘાયલ થયો હતો અને પાણી માટે બૂમ પાડતો હતો. તેવામાં એક સીપાઇ પાણી લેઇ આવ્યો. બરાબર તે જ વખતે તેની પાસે પડેલા બીજા એક સામાન્ય સીપાઇએ જળ માગ્યું. મરણ કાંઠે આવેલા તે સીરદાર સીડનીએ પોતે જળ નહિ પીતાં તે સિપાઇને તે આપ્યું! આ જ આદર્શરૂપ પરમાર્થ વૃત્તિ! આનું નામ જ 'ધર્મમય વ્યવહાર'! અમારા દરેક કાર્યમાં—અમારા દરેક વચનમાં—અમારા દરેક લેખમાં—અમારા દરરોજના બીજા સાથેના સંબંધમાં અમારૂં 'વર્તન' 'ધર્મમય' થાય તો જ, હે પ્રભો! અમે આપના ધર્મના પાળનારા ગણાઈ શકીએ, નહિતર અમે ધર્મનો ખોટો ઢોંગ કરનારા છીએ. અમારો ખાલી વાહવાહનો ઢોંગ, હે પ્રભો, છોડવો! અમારો વ્યવહાર પરમાર્થમય કરો! તો જ અમે ખરી રીતે આપના પગલે ચાલી શકીશું.

હે પ્રભો! અમને જે ક્રિયાઓ શિખવવામાં આવી હતી, તેનો

આશય પણ હૃદયને **ઉચ્ચ અને ઉન્નત બનાવવાનો હતો.** સારાં નિમિત્ત કારણો મળતાં ચિત્તશુદ્ધિ થાય એવા ખ્યાલથી જ સર્વ ક્રિયાઓની પ્રરૂપણા હતી. પણ એ આશય સમજાવનાર કોઈ રહ્યું નહિ; અમે એ ક્રિયાઓને–મ્હોટે ભાગે 'ખાલી ખોખાંઓ' ને–વળગી રહ્યા; તેથી, તેનો આશય સમજ્યા વિના, અમારી હૃદયશુદ્ધિ ન થઈ. 'ચિત્તશુદ્ધિ' અને 'ક્રિયા' એ બે વચ્ચે શો સંબંધ હશે તે તો અમારા કળ્યામાં જ ન આવ્યું. અમને ક્રિયાઓ કરાવનાર ગુરૂઓએ પણ તેવો બોધ ન આપ્યો એટલે અમે તો 'અચરે અચરે રામ' ની માફક ક્રિયાઓ કરવા લાગ્યા; પણ—

" કાષ્ટ કાટ માલા કિની, બીચ પિરોયા સૂત;
માલા બિચારી કયા કરે? ફેરનહાર કપૂત!"

અમારી સ્થિતિ આવી થઈ! ક્રિયાઓ કરતાં ઘણાં વર્ષ વીતી ગયાં–અમારી જીંદગી પૂરી થવા આવી; પણ અમે હૃદયશુદ્ધિમાં આગળ વધ્યા નહિ. અમારાં હૃદય તો પ્રથમનાં જેવાંજ મલીન રહ્યાં.

હે **નાથ**! અમારાં વીતક કેટલાં કહીએ? આપને વારંવાર જણાવી કંટાળો આપવો મને પસંદ નથી. છતાં પણ આપને ન કહીએ તો કોને કહીએ? આપ જો અમારી વિનંતિ ન સ્વીકારો તો પછી અમને કોનો આધાર? અમારો આધાર કહો કે અમારૂં જીવન કહો કે અમારા 'નિષ્કારણ બંધુ' કહો, જે કહો તે આપ જ છો. અમે તમારા શરણે આવેલા છીએ, તો હે પ્રભો! હવે આ ઉચ્ચ સિદ્ધાંતો અમને શિખવો, અમારો વ્યવહાર ધર્મમય થાય તેવો બોધ આપો, અને અમારા હૃદયને પવિત્ર બનાવો કે જેથી અમે આપનો સત્કાર કરીએ, અને આપે ઉપાડેલા પરમાર્થના ભગીરથ કાર્યમાં અમારી ન્હાની સરખી સેવા અર્પી શકીએ. 19–6–11.

પત્ર ૪ થો.

હે વિશ્વના નિષ્કારણ બંધો !

અમે, આપનો ખરો માર્ગ જાણ્યો નથી. અમારી અત્યાર સુધીની મગરૂરી ખોટી છે એવું, હે નાથ! અમને હવે કાંઇ અલ્પ જ્ઞાન થવા લાગે છે. જો અમને આપનો સત્યમાર્ગ હાથ લાગ્યો હોત તો અમે અત્યાર સુધી આ જગતમાં રખડત નહિ; અમે બીજાના નિંદા કરવામાં અમારો પુરૂષાર્થ વાપરત નહિ; જે અંધકાર છે તેને લોઢાના ઘણવતી ભેદવામાં અમારૂં બળ અજમાવત નહિ; જે બિચારા પાપી જીવો છે તેમનાં પાપાચરણોને ઉઘાડા પાડવામાં જ અમારી શક્તિનો અંત આવત નહિ. હે પ્રભો ! જો આપનું પવિત્ર મીશન અમે સમજ્યા હોત તો અજ્ઞાનને દૂર કરવાને અમે અજ્ઞાનીઓનો તિરસ્કાર ન કરત, પણ જ્ઞાન આપીને અજ્ઞાન દૂર કરત, પ્રકાશવડે અંધકારને ભેદી નાખત, અને જે બિચારા સત્ય ન જાણવાથી પાપાચરણમાં પડયા છે તેમની તરફ પણ દયા, દિલસોજી અને અનુકંપા બતાવત. અમારા હૃદયમાં ધિક્કારને વાસ્તે જરા સરખું પણ સ્થાન ન હોવું જોઇએ. જ્યાં દ્વેષ છે, ત્યાં દયા નથી; અને જ્યાં દયા નથી ત્યાં, હે પ્રભો ! આપનો નિવાસ નથી. અમારામાંથી આપે પ્રબોધેલી ચાર મોટી ભાવનાઓ નાશ પામી ગઈ છે. જેનામાં ચાર 'ભાવના' ન હોય તે 'જૈન' નામને પાત્ર નથી, એમ આપે વારંવાર જણાવ્યું છે. અમારામાંથી એ ચાર ભાવનાઓ જતી રહી છે, છતાં અમે 'જૈન'

નામ ધરાવતાં લજવાતા નથી, એ જ અમારી ધીટતા છે. પણ હે ગુરો ! થોડા સમયથી કાંઇક અમારી આંખો ઉઘડવા લાગી છે. આપનો પૂરો પ્રકાશ ગ્રહણ કરવા જેટલું બળ અમારી ઘણા સમયથી મીંચાયેલી આંખોમાં નથી, છતાં સહજ સહજ પણ જે પ્રકાશની ઝાંખી અમે ગ્રહણ કરીએ છીએ, તેથી અમે અમારી જાતને ભાગ્યશાળી માનીએ છીએ. હે પ્રભો ! આપે જણાવેલી ચાર ભાવનાઓ કેવળ જૈન લોકોને વાસ્તે નથી, પણ આખી વસુધાને માટે છે; જેઓ 'ધર્મ' અંગીકાર કરી આપને પગલે ચાલવા માગતા હોય તે સર્વને વાસ્તે તે ભાવનાઓની આવશ્યક્તા છે. એ ભાવનાઓને અમુક 'લેબલ'–"છાપ" ની હવે જરૂર નથી. તે ભાવનાઓ અમારા **જૈન** બાંધવોમાં તેમજ અખિલ વસુધાના લોકોમાં ખીલે તે માટે હું તે સંબંધી કાંઇક આપ સન્મુખ જણાવું છું; તેમાંના દોષ તરફ, હે **નાથ**! નજર ન કરશો. બાળકમાં વિશેષ જ્ઞાનની ક્યાંથી આશા રાખી શકાય ? જે ન્યુનતા હશે તે આપ તરફની મારી ભક્તિથી પૂરાઇ જશે એવી આશાથી હવે તે ચાર ભાવનાઓ વિચારીશ.

પ્રમોદ ! આનંદ ! ગુણીજનને દેખીને ઉપજતો સંતોષ ! જ્ઞાનીને જોઇને ઉદ્‌ભવતો આલ્હાદ ! અધિક ધર્મીને નિહાળી ઉત્પન્ન થતો પૂજ્યભાવ ! કોઈ પણ રીતે કોઇને ઉત્તમ જોઈ મનમાં નીપજતી ખુશાલી ! આ જ પહેલી ભાવના છે. એ ગુણાનુરાગ, એ પ્રમોદ, એ સંતોષ, એ આલ્હાદ, એ પૂજ્યભાવ આજે ક્યાં જણાય છે ? કોઇની મોટાઇ દેખી કે હૃદયમાં ઇર્ષ્યાગ્નિનો ભભુકો સળગ્યોજ જાણવો ! અમારાં હૃદય એવાં સંકુચિત અને સ્વાર્થી બન્યાં છે કે અમે કોઇનો પણ ગુણ સાંખી શકીએ નહિ; કોઇની પણ વિદ્વત્તા અમારાથી જોઈ

જાય નહિ, કોઇની પણ કીર્તિ અમારી આંખમાં ખુંચ્યા વિના રહે નહિ. અમે તે ગુણ ન મેળવીએ તો ફીકર નહિ, તે વિદ્વત્તા અમને ન પ્રાપ્ત થાય તો તેની ચિંતા નહિ; તે કીર્તિ અમે ન ખાટીએ તો તેની પરવાહ નહિ; પણ સામાના ગુણ, વિદ્વત્તા કે કીર્તિ ઉપર કલંક લગાડી તેને અમારા જેવી હલકી પાયરી ઉપર ન બેસાડીએ ત્યાં સુધી અમારૂં ચિત્ત કદાપિ સ્વસ્થ થવાનું નહિ ! અમારા ચિત્તમાં બીજાઓને હલકા પાડવાની પ્રપંચજાળ સદા રમાતી જ રહેવાની. અહા ! શું દારૂણ સમય આવ્યો છે ! ગુણ મેળવવાની અને ગુણી પુરૂષો ઉપર અનુરાગ ધરવાની અમારામાં ઇચ્છા નથી. ખરૂં છે; અમે અત્યાર સુધી જે અભ્યાસ પાડયો હોય તેમાં જ અમે અત્યારે રમીએ તો તેમાં આશ્ચર્ય શું ? અમે બીજાઓના દોષ જ જોવાની ટેવ પાડી છે, તેથી અમે ગુણ ક્યાંથી જોઈ શકીએ ? અંધારામાં રહેનારા એવા અમે પ્રકાશ શી રીતે જોઈ શકીએ ? અથવા જોઇએ તો તેનું અનુમોદન શી રીતે કરી શકીએ ? હે પ્રભો ! આપની કૃપાથી આ અમારી સ્થિતિનું હવે અમને ભાન થવા લાગ્યું છે, એ જ અમારો ભાગ્યોદય છે.

હે દયાળુ પ્રભો ! આજથી અમારાં જ્ઞાનચક્ષુ ઉઘાડો, અમને ગુણાનુરાગી બનાવો, અમને સત્યના ઉપાસકો થતાં શિખવો ! જ્યાં જ્યાં ગુણ દેખાય, જ્યાં જ્યાં ઉચ્ચતા દૃષ્ટિએ પડે, જ્યાં જ્યાં મહત્વતા માલૂમ પડે, જ્યાં જ્યાં સ્વાર્થ ત્યાગ અમારી નજરે પડે; ત્યાં ત્યાં અમે તે તે ગુણોની ઉપાસના કરતા થઇએ એવી અમને બુદ્ધિ આપો. અમારામાંથી ખોટી મગરૂરી, ખોટો દંભ, ખોટી માનાભિલાષા અને ખોટો જ્ઞાનગર્વ, હે પ્રભો ! દૂર કરો, કે જેથી અમે આ ' પ્રમોદ

ભાવના 'નો ઉમદા ગુણ ખીલવી શકીએ, અને અમારો સમય મહાન્ પુરૂષોને હલકા પાડવામાં વ્યતીત ન થતાં અમે તે **મહાન્ પુરૂષોને પગલે ચાલવામાં** તે સમયનો સદુપયોગ કરી શકીએ.

બીજી 'મૈત્રી ભાવના'ની પણ અમારામાં મ્હોટી ખામી નજરે પડે છે. પ્રાતઃકાળ થાય છે અને રાત્રિ પડે છે, અને દિન પછી દિન ચાલ્યા જાય છે, પણ તેની સાથે સ્વાર્થમય વૃત્તિ પણ વધતી માલૂમ પડે છે. અમારી બુદ્ધિ, હે ગુરો ! અમે સ્વાર્થની પ્રપંચ-જાળમાં બીજાઓને–વિશ્વાસુઓને ફસાવવામાં વાપરીએ છીએ. સ્વાર્થ ! સ્વાર્થ ! અને સ્વાર્થ ! જ્યાં ત્યાં સ્વાર્થ જ દૃષ્ટિએ પડે છે. એ વાતાવરણમાં અમે ઉછરીએ છીએ અને અમે પણ એ વાતાવરણના ભોગ થઇ પડેલા છીએ. ખરી મૈત્રી શું ચીજ છે ? પારકાને દુઃખે દુઃખી કેમ થવું ? સ્વાર્થનો ત્યાગ એ શું ? આ બધી બાબતો અમારા જ્ઞાનની બ્હાર છે. અમને વાગ્જાળ ફેલાવતાં બહુ સારી રીતે આવડે છે; અમે પરમાર્થનાં પૂતળાં હોઇએ એમ લોકોની આંખ આગળ દેખાવ કરતાં અમે પાછી પાની ધરીએ તેમ નથી; પણ ગુલાબના પુષ્પ નીચે કાંટા હોય, તેમ અમારી પરમાર્થની વાતોમાં પણ અમારો સ્વાર્થ ઘણે ભાગે ભળેલો હોય છે. હે પ્રભો ! આ અમારી ખરી સ્થિતિ છે. આપ સર્વ જાણો છો, એટલે આપથી કશું અજ્ઞાત નથી. પણ હવે અમારા આ ભૂતકાળ ઉપર, હે **નાથ** ! પછેડી ઢાંકી દો; અમે ભૂતકાળ વિસરી જઇએ એવી અમને સન્મતિ આપો; આજથી અમને 'મૈત્રી ભાવ'નો નવો પાઠ શિખવો.

मा कार्षीत्कोऽपि पापानि मा च भूत्कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा मति मैंत्री निगद्यते ॥

કોઇ પણ પ્રાણી પાપ ન કરે, કોઇ પણ જીવ દુઃખી ન થાય અને આખું જગત મુક્ત થાય, એવી જે 'મૈત્રી ભાવના' તે અમારા હૃદયમાં સદા જાગૃત રહો ! જે આપણા સુખે સુખી અને આપણા દુઃખે દુઃખી હોય તેને આપણે 'મિત્ર' કહીએ છીએ. તો પછી "મૈત્રી ભાવના"નું રહસ્ય સમજનારે આખા વિશ્વના દુઃખે દુઃખી અને આખા વિશ્વના સુખે સુખી થવું જોઇએ. વસુધાને કુટુંબ તુલ્ય ગણનાર એવા આપનો દાખલો અમારી સન્મુખ છતાં અમે આપના પગલે નથી ચાલી શકતા એજ અમારૂં અજ્ઞાન છે, એ જ અમારો પ્રમાદ છે, એ જ ઉચ્ચ ભાવના સમજવાની અમારી ખામી છે.

અમારા કુટુંબીઓ તરફ પણ એ 'મૈત્રી ભાવના' અમે બતાવી શકતા નથી, તો પછી સકળ જૈન કોમ તરફ તે શી રીતે દર્શાવી શકીએ ? અને તો પછી આખી વસુધાની વાત તો અમે કરીએ જ શા રીતે ?

" **आत्मवत्सर्वभूतेषु यः पश्यति स एव पश्यति.** " પોતાના આત્માની માફક બીજા ભણી જે જુએ છે તે જ ખરો જોનાર છે; બાકી બધા આંધળા છે. અમે પણ, હે નાથ ! આંધળા જ છીએ. અમે પણ મોહરાજાના પાશમાં પડી ગાંડા બન્યા છીએ; તે અમારૂં ગાંડપણ દૂર કરાવી, હે પ્રભો ! અમને વિવેક શિખવો, કે જેથી અમે અમારા બાંધવો સાથે 'મૈત્રી ભાવ'થી વર્તીએ.

અમારામાં 'પ્રમોદ' નથી 'મૈત્રી' નથી, તેમ 'કરૂણા' પણ નથી. અમુક મનુષ્ય દયાને પાત્ર છે, એટલું કહેવામાં અમે બહાદૂર છીએ. કોઇએ તેને મદદ કરવી જોઇએ, એમ પણ અમે જાણા-

વીશું. પણ તે મદદ કરનાર **મારે** શા માટે ન થવું જોઇએ, એ વિચાર અમને હજુ સુઝતો નથી. બીજાના ભલાને વાસ્તે તકલીફ લેતાં અમે શિખ્યા નથી. ખરી ગરીબાઈ દૂર કરવા અમે દાન આપવાનું ભણ્યા નથી. અમારૂં બળ નિર્બળોને બળ આપવામાં કે જુલમીઓના ત્રાસથી તેમનો બચાવ કરવામાં વાપરતાં અમે શિખ્યા નથી. નિષ્કામ બુદ્ધિથી સામા મનુષ્યો પર દયા બતાવવામાં કેવો આંતરિક આનંદ રહેલો છે, તે અમે અનુભવ્યો નથી; કારણ કે એવી નિઃસ્વાર્થતાનો અમને હજુ ખ્યાલ નથી. અમે કોઇની હિંસા ન કરવી એટલું શિખ્યા છીએ; સ્થૂળથી તેના પ્રાણનો નાશ ન કરવો એમાં અમે ધર્મ સમજ્યા છીએ, એટલું પણ અમારૂં ભાગ્ય છે; પણ મન, વચન કે કાયાથી કોઇના પણ જીવને ઉદ્વેગ થાય, તેમાં પણ હિંસા છે, એ સૂત્ર અમારામાંના ઘણા થોડાક જ સમજ્યા હશે; હે પ્રભો ! હજુ અમારે એક ઉમદા—ઘણો ઉમદા પાઠ શિખવાનો બાકી રહ્યો છે. હિંસા ન કરવાનું જાળવીને બેસી રહેવાથી સરે તેમ નથી; અમારે તો દયાના દરેક **કામમાં** અમારો હિસ્સો આપવો જોઇએ છે. આપે, હે **નાથ** ! વારંવાર અમારા હૃદય ઉપર સચોટ ઉપદેશ આપવો જોઇએ છે કે **"શક્તિ છતાં જે લોકો દયાના કામમાં ભાગ લેતા નથી, તેઓ આડકતરી રીતે નિર્દયતાના કામમાં ભાગ લેનારા ગણી શકાય."** આવી અમારી દયાની ઉચ્ચ ભાવના હોવી જોઇએ. જ્યાં દુઃખ દેખાય ત્યાં અમારે તે દુઃખ દૂર કરવા બ્હાર આવવું જોઇએ. અપવિત્રતાને દેશવટો આપવા અમારે પવિત્રતા અમારી સાથે લાવવી જોઇએ. અજ્ઞાનીઓનું અજ્ઞાન દૂર કરવા જ્ઞાન અમારે સાથે લાવવું જોઇએ; તો જ અમે દયાનું ખરૂં

કામ કરી શકીશું અને, હે દયાસાગર! આપના ભક્ત ખરી રીતે બની શકીશું.

दीनेष्वार्तेषु भीतेषु याचमानेषु जीवितम्
प्रतीकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ॥

દીન-ગરીબ-દુઃખી-રોગથી પીડાએલા અને મૃત્યુના મુખમાં સપડાયેલા જીવોને તે તે દુઃખોમાંથી મુક્ત કરવાની જે બુદ્ધિ અને દેશકાળની અપેક્ષાએ અન્ન, પાન, આશ્રય, વસ્ત્ર, ભેષજ, જ્ઞાન વગેરે આપી મદદ કરવી તેનું નામ 'કરૂણા' અથવા દયા ભાવના છે. જે દયા કેવળ શબ્દોમાં જ ગોંધાઈ રહે છે, જે દયા ખાલી વાહવાહમાં જ ભરાઈ રહે છે, પણ સામાનું દુઃખ દૂર કરવા જેમાં રતીમાત્ર પણ સ્વાર્થનો ભોગ આપવામાં આવતો નથી, તે દયા કેવળ નામની છે. તે દયાનું હવે અમારે કામ નથી. હવે તો અમારે દયાનાં **વ્યાવહારિક કામો** (practical acts of mercy) ની જરૂર છે. **જે દયાનાં કામો કરે છે, તે જ ખરો દયાળુ છે,** ' એ સૂત્રને હવે અમારે અમારો મુદ્રાલેખ કરવાનો સમય આવી પહોંચ્યો છે. હે કરૂણાનિધે! હે દયાના **સાગર! મહાત્મન્!** આપ સાગર છો તો દયાનું થોડું જળ આ આપના સેવકોને આપશો તો એમાં કાંઇ ખોટ પડશે નહિ; પણ અમારૂં હૃદયપાત્ર તેથી ભરાઇ જશે (કારણ કે અમારૂં હૃદય બહુ છીછરૂં છે!) અને અમે પણ તે જળ અમારા ન્હાના બાંધવોના હિતાર્થે વાપરીશું. હે **ભગવન્!** દયા કરી અમને દયા કરવાનો પાઠ શિખવો. હે **નાથ!** કરૂણા બતાવી કરૂણાનું કામ કરવાનો અમને ઉમદા ગુણ પઢાવો.

ચોથી અને છેલ્લી ભાવનાને જૈનશાસ્ત્રો 'માધ્યસ્થ ભાવના કહે છે. આ વિશ્વમાં એવા પણ મનુષ્યો કેટલાક માલૂમ પડે છે કે જેમને ઉપદેશ આપવામાં આવે તો સર્પને દુધ પાવા બરોબર થાય છે. તે ઉપદેશ તેમની ક્રોધાગ્નિને વધારે ઉશ્કેરે છે. આવા પુરૂષો સાથે પ્રસંગ પડે તો આપણે મધ્યસ્થ રહેવું ઘટે છે. અજ્ઞાનથી–ખરા જ્ઞાનના અભાવથી એ બિચારા ખોટે માર્ગે દોરાય છે તેથી આપણા મનમાં દયા આવવી જોઇએ, અને તે બોધ ગ્રહણ કરી શકે તેવી સ્થિતિમાં નથી **તેથી તો** તેઓ **વિશેષ** દયાને પાત્ર છે. તેમની તરફ દયા બતાવવી એનો અર્થ એમ નથી કે આપણે તેમના ખોટા માર્ગનો પક્ષ લેવો જોઇએ; પણ તે સાથે તેમની નિંદા કરવાનો આપણને હક્ક નથી. આપણે આ બાબતમાં મધ્યસ્થ-ભાવ રાખવો જોઈએ. નિંદા કે પ્રશંસા કોઇ પણ ભાવને હૃદયમાં ન લાવતાં સમાન ભાવ રાખવો જોઈએ. આ જ માધ્યસ્થ ભાવના. પરન્તુ તે પણ અમારા હૃદયમાં, હે **નાથ**! હજી ઉદ્દભવતી નથી; કારણ કે અમે પક્ષપાતી છીએ. અમે નિષ્પક્ષપાતપણાનો ધર્મ શિખ્યા નથી. "**पक्षपातविनिर्मुक्तो ब्रह्म संपद्यते तथा**" એ સૂત્ર થોડા સમયથીજ અમારે કાને પડ્યું છે, પણ હજુ તેને અનુભવમાં કેમ મૂકવું તે આવડતું નથી. અમારા ગુરૂઓ–નાયકો પણ પક્ષાપક્ષીમાં ખેંચાએલા હોવાથી અમે તેમના ચેલાઓ પણ એ ક્રૂર સેતાનના હાથમાં સપડાઇએ તો એમાં આશ્ચર્ય શું? દિન પ્રતિદિન મારામારીના, આત્મશ્લાઘાના કે પારકાની નિંદાના સમાચારો અમારે કાને પડે છે; આપે મૂકેલા પદવીધરો ઉપદેશ પણ તેવો આપે છે, અને વર્તે છે પણ તેવી રીતે. અમે આંધળા છીએ અને આંધળી ભેંસે

મુવાડો દીઠો ' તેની માફક અમે પણ અમારા ગુરૂઓના પગલે ચાલીએ તો તેમાં હે **નાથ** ! અમારો દોષ શો ? અમારા નાયકોની આ સ્થિતિથી અમને બહુ લાગી આવે છે. હે કૃપાસાગર! અમારા નાયકોને પક્ષપાત વગરના—મધ્યસ્થ દૃષ્ટિના બનાવો; નહિતર તેમની આ પ્રપંચમય ધુંસરી છોડી દેવાનું અમને શિખવો; હવે વધારે વાર અમારાથી આ અજ્ઞાનના માટા સહન થઇ શકતા નથી; હવે વધારે વાર આ બોજો અમારે શિર વેઠી શકાતો નથી. હે દયાગુરો! અંહી કોઇ અમારૂં સાંભળનારૂં રહ્યું નથી; તેથી વારંવાર અમે આપને વિનંતિ કરીએ છીએ. જો આપ પણ અમારી આ વિનંતિ તરફ આંખ આડા કાન કરશો તો પછી અમારૂં કોણ રહ્યું ? અમારો બેલી કોણ ?' અમારા રક્ષકો ભક્ષકો થયા; અમારા નાયકો આપ ખુદ થયા, અને જેને પગે અમારૂં શિર મૂક્યું તેઓ અમારૂં શિર કાપતાં ચમકે નહિ તેવા બન્યા, ત્યાં અમારો આધાર કોણ ? હે **નાથ**! આ ભાવનાઓ અમારા હૃદયમાં પ્રવેશ પામે એવું બળ અમને આપો, કે જેથી અમે બીજી બધી બાબતો કોરાણે મૂકી કેવળ આપનો આધાર લેઇએ—આપને શરણે આવીએ.

માતા કહો તો પણ આપ અને પિતા પણ આપ; ધન પણ આપ અને વિદ્યા પણ આપ; દેવ કહો તે પણ આપ અને નિષ્કારણ બંધુ કહો તે પણ આપ; મારે મન સર્વ આપ છો. માટે હવે, હે **નાથ**! ખુલ્લી રીતે પ્રકાશમાં આવો; આ બાળકરૂપી કમળોને હે, સૂર્યસમાન **પ્રભો**! વિકસાવો; અને અમારામાં ચાર ભાવનાઓ પ્રકટી નીકળે અને અમે આપના પગલે ચાલીએ તેવી સન્મતિ આપો.

3-7-11

પત્ર ૫ મો.

હે વિવેકગુણયુકત પ્રભો !

અમારી શ્રાવકોની સ્થિતિ કહી જાય તેમ નથી. આપે હે **નાથ!** 'સંઘ'ની–તીર્થની સ્થાપના કરી ત્યારે **ચાર** વિભાગ પાડયા હતા. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઃ આ ચાર અંગોને જૈન 'સંઘ' બનાવવામાં આવ્યો હતો અને તે સંઘને આપે એવું ઉચ્ચ પદ આપ્યું હતું કે આપ પણ દેશના સમયે **नमो तीथ्थस्स** ઉચ્ચારો છો. જે દ્વારા ધર્મનાં તત્ત્વો સમજીને તેના નિયમો લોકો વ્યવસ્થાપૂર્વક પાળી શકે તે ઉચ્ચ ઉદ્દેશથી આપે સંઘની સ્થાપના કરી છે, અને સંઘનું માહાત્મ્ય પણ બતાવ્યું છે; પણ અત્યારે અમારા સંઘોની સ્થિતિ તદ્દન છિન્નભિન્ન થઇ ગઇ છે. શરીરના જૂદા જૂદા અંગો પોતપોતાને સ્વતંત્ર માને અને તે પ્રમાણે વર્તે, ત્યારે જેવી આખા શરીરની સ્થિતિ થાય તેના કરતાં પણ વધારે શોચનીય દશા, હે પ્રભો ! આપે સ્થાપેલા સંઘની થઇ છે. શ્રાવિકાઓ અને સાધ્વીઓનો તો આ સંઘમાં અત્યારે હિસાબ જ રહ્યો નથી, પણ શ્રાવક અને સાધુ, એઓ પણ પોતપોતાની સ્થિતિ ભૂલી ગયા છે. '**તત્ત્વાર્થ સૂત્ર**'ના રચનાર શ્રી ઉમાસ્વાતી સ્વામીએ યથાર્થ જણાવ્યું છે કે "**परस्परोपग्रहो जीवानाम्**" જીવો એક બીજાને પરસ્પર ઉપકારી છે. સાધુઓને શ્રાવકો ઉપકારી છે અને શ્રાવકોને સાધુઓ ઉપકારી છે. જો અન્ન, પાત્ર, વસ્ત્ર વગેરે ધર્મનાં ઉપકરણો શ્રાવકો સાધુઓને પૂરાં પાડતા ન હોત તો સાધુઓ સાધુ જીવન કેવી રીતે પાળી શકત ? અને જો સાધુઓ ઉપદેશ આપી લોકોને તત્ત્વોનો બોધ ન આપતા

હોત તો આ શાસનની પ્રણાલિકા ચાલત જ શી રીતે? આ જગતમાં સાધુઓની તેમજ શ્રાવકોની બન્નેની જરૂર છે. જે પોતાની સ્થિતિમાં રહી પોતાને યોગ્ય કર્તવ્ય બજાવે એવા દરેક મનુષ્યની, પ્રાણીની અને વસ્તુની આ જગતને જરૂર છે. સાધુ જે નિયમો અત્યારે પાળે છે, તે ભવિષ્યની જીંદગીમાં પોતે પાળી શકે તે માટે શ્રાવક તૈયાર થાય છે. શ્રાવકો 'સાંભળનારા' છે, અને બને તો તે પ્રમાણે પાળનારા છે. સાધુઓને શાસ્ત્રમાં 'યતિ'—'શ્રમણ' કહે છે. **યત્** એટલે પ્રયત્ન કરવો. જેઓ તત્ત્વો જાણી તે પ્રમાણે વ્યવહારમાં મૂકવા પ્રયત્ન કરે છે, તેઓ 'યતિ' ઓ છે. શ્રાવકોને **અણુ**વ્રત અને સાધુઓને **મહા**વ્રત પાળવાનાં છે. પણ બન્નેને વ્રતો તો પાળવાનાં છે, એ નિઃસંદેહ છે. બન્ને એક જ માર્ગ તરફ જનારા પાન્થ—મુસાફર છે. બન્નેનો છેવટનો ઉદ્દેશ એકજ છે, અને બન્નેનું પ્રાપ્તવ્ય પણ એકજ છે. તે છતાં જ્યારે, હે **પ્રભો**! આપના સાધુઓને મુખે આપના શ્રાવકોની નિંદા થતી સાંભળીએ છીએ—'શ્રાવકો તો તદ્દન હલકા જ હોય' એમ જ્યારે તેઓ જણાવે છે અને શ્રાવકોને કેવળ તુચ્છ ગણે છે ત્યારે તે શ્રાવકોના ઉદયની આશા ક્યાંથી રાખી શકાય? જો શ્રાવકોનો ઉદય ન થાય તો પછી આપે સ્થાપેલા સંઘનો પણ ઉદય ક્યાંથી સંભવે? હે **પ્રભો**! મેં આપને ગયા પત્રમાં લખ્યું હતું તેમ અમારા કેટલાક સાધુ મુનિરાજોમાંથી 'પ્રમોદભાવના' ચાલી ગઇ છે. કોઇ શ્રાવકને વધારે ભણેલો અથવા વધારે ગુણી જોઇ તેઓ પ્રમોદ ધરી શકતા નથી; અરે! પ્રમોદની વાત તો દૂર રહી, પણ તેને જો હલકો પાડવા પ્રયત્ન ન કરવામાં આવતો હોય તો પણ બસ છે. ગુણી જનો જ ગુણ સાંખી શકે; પણ મ્હોટે ભાગે દુઃખગર્ભિત કે

મોહગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લીધેલા સાધુઓમાં એ ગુણની મોટી ખામી છે; અને તેના પરિણામે જ શ્રાવકોના ઉદયના દ્વાર બંધ કરવા તેઓ પ્રયત્ન કરે છે. આઘાત અને પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે જો શ્રાવકો પણ આવા મુનિઓ ઉપર અમાનની નજરથી જુએ તો તે સ્વાભાવિક છે. જ્યારે કાંઇ પણ વૈરવિરોધ જાગૃત થાય ત્યારે, હે **નાથ**! તેમાં દોષ તો વડિલોનો જ નીકળી શકે.

હે **પ્રભો**! આપ આ બધું જોઇ કેમ બેસી રહ્યા છો? શું આપને શાસનની દાઝ નથી? શાસન સ્થાપી, પછી તેને પડતું મૂકી જુદા સ્થળમાં ચાલ્યા ગયા, એટલે શું આપની જોખમદારી પૂરી થાય છે કે? હે ગુરો! કદાપિ નહિ. આપ સર્વજ્ઞ છો અને અમારી આ ભરતની સ્થિતિ જુઓ છો, છતાં કેમ મૌન ધારણ કરી રહ્યા છો? શ્રાવકો અને સાધુઓ—જેનો દોષ જણાય તેમને શિખામણ આપો, તેમને બોધ આપો, પણ આ શાસનને આવી સ્થિતિમાં હવે વધારે વાર ન રહેવા દો. હે **પ્રભો**! જે વાડ તમે અમારૂં રક્ષણ કરવા મૂકી, તે વાડ અમારા જેવા કુમળા છોડવાની વૃદ્ધિ થતી જોઇ આનંદ માનવાને બદલે તે છોડવાઓને ચગદી નાખવા અથવા નીચા જ રહેવા દેવા પ્રયત્ન કરે એ શું સહન થાય તેમ છે? ગુરૂ કરતાં શિષ્ય વધે તો ગુરૂએ આનંદ માનવો ઘટે છે, પિતા કરતાં પુત્ર વધારે કીર્તિ મેળવે તો પિતાએ રાજી થવું જોઇએ છે. પુત્રની કીર્તિ અથવા પુત્રનું જ્ઞાન દેખી જે પિતા હર્ષ ન ધરે, પણ મનમાં ખિન્ન થાય અને પુત્રને લોકોની દૃષ્ટિએ હલકો પાડવા પ્રયત્ન કરે, તેવા પિતાને શું નામ આપવું, અથવા તેવા પિતાને કેવો કહેવો તે અમને સમજાતું નથી. પિતા-પુત્ર કરતાં વધારે ઉચ્ચ સંબંધ સાધુ અને શ્રાવકનો છે. તે

ઉચ્ચ સંબંધ—તે પ્રશસ્ય સંબંધ, જો આવી સ્થિતિ ચાલશે તો, લાંબો વખત ટકે એવો સંભવ લાગતો નથી. હું ઇચ્છુંછું કે મારી આગાહી ખોટી પડે, પણ **હે નાથ!** હાલના સંજોગો તો મને તેવું જ ભવિષ્ય બાંધવા લલચાવે છે.

હે નાથ! અમે શ્રાવકો પણ આપના શાસનને હેલના પમાડનારા જાગ્યા છીએ; પણ અમારી સ્થિતિને વાસ્તે અમે કોઇ રીતે જોખમદાર નથી. જો અમારામાં અમારા સાધુઓ પ્રત્યે કોઇ પણ પ્રકારની અપૂજ્યભાવની લાગણી ઉદ્દ્ભવ પામવા લાગી હોય તો, તેનું કારણ પણ અમારા ગુરૂઓ જ છે.

હવે કેવળ 'તહત્તિ'નો સમય રહ્યો નથી. ગુરૂઓ ઉપાશ્રયમાં બેસી જે કહે, તે કાંઇ પણ વિચાર કર્યા વિના—માની લેવામાં આવે તેવો આ વખત નથી. આ જમાનો બુદ્ધિનો છે. જમાનો જમાનાનું કામ કર્યા કરે છે. નદીનો પ્રવાહ તો વહ્યાં જ કરે છે;આપણે તે પ્રવાહ પ્રમાણે આગળ ન વધીએ અને પત્થરની માફક નદીમાં પડ્યા રહીએ, તો તેથી તે પ્રવાહ અટકી જતો નથી. તે પ્રવાહ છેવટે પત્થરને દૂર ફેંકી દેશે. હે કરુણાળુ પ્રભો! તમે તમારા પ્રતિનિધિઓને આજ્ઞા પૂર્વક જણાવો કે "હે સાધુઓ! જ્ઞાનમાં આગળ વધો, ધ્યાનમાં આગળ વધો, ઉપદેશ કરવાની શૈલિમાં આગળ વધો, શ્રાવકોના ઉદયમાં રાજી રહો, અને શ્રાવકોના ઉદયને સારૂ પ્રયત્ન કરો. તમારો અને શ્રાવકોનો સંબંધ તૂટયો તૂટે તેમ નથી, તેમ છૂટયો છૂટે તેમ નથી. શ્રાવકોના ઉદયની દોરી અમે તમારા હાથમાં સોંપી છે, તે દોરીને બરાબર ચલાવો; તે દોરીનો સદુપયોગ કરો. નહિતર ભવિષ્ય બહુ ઉજ્વળ જણાતું નથી."

હે મહાગુરો! જ્યારથી આપે 'પૂર્વ' નું જ્ઞાન ખેંચી લીધું,

જ્યારથી ધર્મના ગુપ્ત રહસ્યની ચાવીઓ અનધિકારી પુરૂષો પાસેથી આપે લેઇ લીધી, જ્યારથી ઉંડું રહસ્ય સમજવાને યોગ્ય પાત્રોનો આ ભરતમાં વિરહ પડયો—ત્યારથી અને ખરેખર ત્યારથી—અમારી અધોગતિનું ચક્ર શરૂ થયું છે. યોગની ઉચ્ચ શકિતઓ નાશ પામી, અવધિજ્ઞાન જેવું ઘણા ઉતરતા દરજ્જાનું જ્ઞાન ધરાવનાર પણ અમારા સાધુઓમાં ન રહ્યા, અને આપની સાથેનો દેખીતો સંબંધ જ્યારથી તૂટયો ત્યારથી, હે **પ્રભો** ! આ અધમદશાનું બીજ રોપાયું. આપે મૂકેલા પદવીધરોમાંથી જ્યારે ઉચ્ચ અને અતીંદ્રિય બાબતોનું પ્રત્યક્ષ જ્ઞાન જતું રહ્યું ત્યારે તેઓ પણ અમારી માફક કેવળ ગ્રંથો ઉપર આધાર રાખતા થયા. ' **भिन्नमतिर्हि लोकः** ' લોકોની મતિ ભિન્નભિન્ન હોય છે, એ નિયમ પ્રમાણે શાસ્ત્રોના અર્થો સૌ પોતાની મતિ પ્રમાણે કરવા લાગ્યા. જ્યાં શંકા પડી ત્યાં સૌ કોઇએ પોતાની બુદ્ધિ પ્રમાણે અર્થ કર્યા, વળી કેટલાક ભવભીરૂ હતા તેઓએ જણાવ્યું કે ' **तत्त्वं तु केवलिगम्य** ' 'તત્ત્વ તો કેવળી જાણે.' આવી સ્થિતિને લીધે ધર્મના ખરા જાણકાર રહ્યા નહિ. પ્રત્યક્ષ જ્ઞાનને આધારે પ્રાચીન પૂર્વાચાર્યો જેટલા જોરથી બોલતા હતા, તેટલું જોર કેવળ સૂત્રો ઉપર આધાર રાખનારાઓમાં ક્યાંથી હોઇ શકે ? આ કારણથી ઉપદેશકની અસર પણ જેટલી જોઇએ તેટલી થતી નથી.

હે **નાથ** ! હે **પ્રભો** ! હે દયાળુ ગુરો ! જ્યાં સુધી આપ વિદ્યમાન છો ત્યાં સુધી હજુ પૂર્વ જ્ઞાનના વિચ્છેદનો ભય જણાતો નથી, ત્યાં સુધી સંઘ—તેની આવી આવી સ્થિતિમાં પણ ચાલ્યાં કરશે. પણ હે **નાથ** ! આપના શાસનમાં વખતો વખત ' યુગપ્રધાન ' જાગશે અને ધર્મનો પુનરૂદ્ધાર કરશે, એવી આગાહી આપેલી છે તો શું એ

ઉજ્વળ ભવિષ્ય સફળ કરવાનો સમય હજી આવી લાગ્યો નથી ? હે પ્રભો ! 'યુગ પ્રધાન'ને પ્રકટ થવાને વાસ્તે આ સમય બહુ અનુકૂળ છે. સંઘ તદ્દન નાયક વગરનો થયો છે એવો કોઈ આચાર્ય નથી કે જેની સત્તા સકળ સંઘ કબુલ કરે; એવો કોઇ નાયક નથી કે જેનું વચન સર્વ કોઈ કબુલ કરે. ઘર ઘરના નાયકો બન્યા છે. સૌ કોઇ પોતપોતાની મહત્તા સ્થાપન કરવા તત્પર છે. સંઘનું માહાત્મ્ય કેમ વધે, અને એ સંસ્થાદ્વારા મનુષ્ય પોતાનું જીવવ ઉન્નત કેમ કરે, એની કોઇને દરકાર નથી. જરા સરખી પણ દરકાર હોય એવું તેમનું વર્તન દેખાતું નથી. કોઇપણ રીતે **પોતાનો** કક્કો ખરો કરાવવા શું શ્રાવક કે શું સાધુ–સર્વ કોઇ મથે છે. આથી સત્ય માર્ગનો લોપ થાય છે. રાગદ્વેષની જ મારામારી ચાલી રહેલી છે. જેવાં બ્હાર **કષાયેલાં** વસ્ત્ર પહેરાય છે, તેવા અંદર પણ **કષાય** ભરેલા હોય છે. સંઘની આ સ્થિતિ, હે પ્રભો ! લાંબો વખત ચાલશે તો પછી તેને સુધારવાનો— તેને યોગ્ય સ્થિતિમાં લાવવાનો કાંઇ પણ માર્ગ રહેશે નહિ.

હે પ્રભો ! આપ અત્રે પધારો અને સંઘની આ સ્થિતિને બદલે ઉત્તમ દશા લાવો. અમારે પ્રજાસત્તાક રાજ્ય કે જેમાં એક અભણ મનુષ્યનો અભિપ્રાય પણ મ્હોટા જ્ઞાની જેટલો વજનદાર ગણાય તેવી જાતના સ્વતંત્ર ધાર્મિક રાજ્યોની જરૂર નથી. અમારે તો આપ જેવા એક જ્ઞાની '**રાજા**'ની આવશ્યકતા છે. **સો તારાઓની** નહિ પણ **એક ચંદ્ર**ની જરૂર છે. સો ખદ્યોતોની નહિ પણ એક સૂર્યના દર્શનની આતુરતા છે. માટે આપ અત્રે આ **ભરતમાં** પધારો. ખરેખરા મહાન્ પુરૂષો મ્હોટા–ન્હાનાનું અંતર જોતા નથી. મેઘ ચાંડાલના ઘર પર પણ એક સરખી રીતે વરસે છે તો પછી તમે

મહાવિદેહમાં બીરાજો છો, અને અને આ ભરતપર કેમ નજર નથી કરતા ? જો અમે અજ્ઞાની હોઇએ, વધારે પાપી હોઇએ, વધારે દુષ્ટ આશયવાળા હોઇએ, તો તો અમારી તરફ આપે વધારે દયા બતાવવી જોઇએ છે. જે મ્હોટા મનુષ્યો છે તેઓ તો પોતાનું સાધી લેશે, પણ ભરતમાં રહેલા—અમારા જેવા રંક પર દયા કરો. તેમાં જ આપનું ગૌરવ છે—આપની મહત્તા છે—આપના '**वसुधैव कुटुम्बकम्**' એ વ્રતની સાર્થકતા છે.

હે ગુરો ! જો આપ અત્રે સ્થૂલ શરીરમાં આવી ન શકતા હો તો આપનું આહારક શરીર મોકલી અમને મદદ કરો; કારણકે અમારૂં આહારક શરીર મોકલી આપની પાસે આવવાનું અમારૂં સામર્થ્ય રહેલું નથી. અમે એવા હલકા બન્યા છીએ કે આપની પાસે આવવાની તાકાત નથી; તેથી, હે ગુરો ! અમે આપને અમારી ભૂમિમાં આમંત્રણ આપીએ છીએ.

હું કેવળ મારા તરફથી નહિ—પણ ભરત ક્ષેત્રમાં રહેલા સર્વ જીવો વતી પ્રાર્થના કરૂંછું કે, હે નાથ! અત્રે પધારો. આપ જો ન આવી શકો તેમ હો તો આપે કહેલા કોઇ 'યુગ પ્રધાન'ને મોકલી આપો. એ યુગપ્રધાન આપના પ્રનિનિધિ તરીકે કામ કરશે. આ યુગમાં પ્રધાન પુરૂષ તરીકે કામ કરે તેવા કોઇ લાયક નરને આ ભરતમાં મોકલી આપો. શું વસુધા કેવળ રત્નરહિત થઈ ગઈ છે ? શું અમે એવા પુણ્ય વગરના થઈ ગયા છીએ કે અમારા નાયક થવાનું પણ કોઇ અંગીકાર કરશે નહિ ? શું જૈન ધર્મની છેક એવી કફોડી સ્થિતિ થવાની છે કે આ યુગમાં પ્રધાન થઈ શકે એવો પુરૂષ ન જ ઉત્પન્ન થાય ?

પ્રિય **જૈન** બંધુઓ ! આવો આપણ સર્વ એકઠા મળીએ અને એક અવાજે અને એકજ મનથી શ્રી **સીમન્ધર** દેવની પ્રાર્થના કરીએ, તેમને વિનંતિ કરીએ, તેમને કાલાવાલા કરીએ. જરૂર તે દયાળુદેવ આપણી અરજ સાંભળશે. આ લખતાં જે આત્મિક સ્ફુરણ થાય છે, તે એમ સાક્ષી પુરે છે કે જરૂર આપણી વિનંતિ ઉપર તે કૃપાળુ ગુરૂ ધ્યાન આપશે, અને ઘણાં થોડાં વર્ષમાં આપણામાં કોઈ ‘ યુગપ્રધાન ’ જાગી નીકળશે, જે આખા જૈન ધર્મને ઉંચી પાયરી પર મૂકશે, અને સંઘને પણ તેની અસલની મહાન સ્થિતિએ લાવશે; અને જૈન ધર્મનો મહાન્ સિદ્ધાંત—દયા તે આખા વિશ્વમાં વ્યાપી રહેશે. તે કાળ નજદીક આવે તે માટે ચાલો આપણે બધા એક મનથી તે કૃપાળુ દેવ શ્રી **સીમન્ધર** સ્વામિની પુનઃ પુનઃ પ્રાર્થના કરીએ.

10—7—11

પત્ર ૬ ઠો.

હે દયાસાગર પ્રભો ! હે નિઃસ્વાર્થ પ્રેમી ગુરો ! હે વિશ્વના નિષ્કારણ બંધો !

આપના નામનું તથા ગુણોનું જ્યારે હું સ્મરણ કરૂંછું, ત્યારે મારા હૃદયમાં કાંઇક ઓરજ પ્રકારનો ભક્તિભાવ ઉત્પન્ન થાય છે, આપે અનેક જન્મો પહેલાં લીધેલી સર્વસ્વનો ત્યાગ કરવાની, કેવળ જ્ઞાન મેળવવાની અને તે દ્વારા જગતનું હિત કરવાની પ્રતિજ્ઞા જ્યારે મને યાદ આવે છે, ત્યારે હું કાંઇક ઉંડા જ પૂજ્યભાવના વિચારોમાં મગ્ન થાઉંછું. **આત્મભોગ** એ જ આપની ઉન્નતિનું કારણ તેમજ ફળ છે. આત્મભોગ આપીને, સ્વાર્થનો ત્યાગ કરીને, આપ આ મહાન્ પદવીએ—ઉચ્ચમાં ઉચ્ચ પદે પહોંચ્યા છો; અને હજુ પણ એ જ આત્મભોગ આપીને પરમાર્થનું કામ કર્યે જાઓ છો. પાશ્ચાત્ય વિદ્વાન હક્સલી, જેને અમે નાસ્તિક કહીએ છીએ, તે ખરેખર ખુલ્લા શબ્દોમાં જણાવતો હતો કે "છેક જ ખનિજ પદાર્થથી પ્રાણી વર્ગ સુધી ઉન્નતિની કુંચી 'બળીઆના બે ભાગ' અથવા 'નબળાના ભોગે સબળો જીવે' એ સૂત્ર હતું; પણ જ્યારથી જીવ મનુષ્ય દશામાં આવી પહોંચ્યો ત્યારથી તો 'આત્મભોગ'—'સ્વાર્થત્યાગ' એજ ઉન્નતિનું રહસ્ય છે." આપે એ રહસ્ય પૂર્ણ રીતે અનુભવ્યું છે અને વ્યવહારમાં પણ મૂક્યું છે. પણ આપના પગલે ચાલવાને માન લેનારા સાધુઓ તથા શ્રાવકો આ ઉચ્ચ નિયમને તદ્દન વિસરી ગયા છે. **"કિમ્મત આપ્યા વિના કોઇ પણ વસ્તુ મળતી નથી."** એ સિદ્ધાંત અમે અમારા વ્યાપાર રોજગારમાં બરાબર સમજીએ છીએ; પણ **અધ્યાત્મ વિદ્યાની** બાબતમાં તો અમે એમ માનીએ

છીએ કે અમારા ગુરૂના વચન પર **માત્ર શ્રદ્ધા** રાખવાથી અમારૂં કલ્યાણ થઇ જશે ! અમારા ગુરૂઓએ અમને આ આત્મભોગનો સિદ્ધાંત સમજાવ્યો નથી, તેમજ તેઓ પોતે પણ તે નિયમને અનુસરતા હોય એમ જોવામાં આવતું નથી. " **Work out your Salvation and the Key to that is the law of self-sacrifice** " " તમારો મોક્ષ તમે જાતેજ સાધી લો, અને તેની કુંચી બીજી કોઇ કહિ પણ સ્વાર્થત્યાગ અથવા આત્મભોગનો નિયમ છે " આટલું જ જો અમને અમારા ગુરૂઓએ ખાસ કરીને શિખવ્યું હોત અને પોતાના દૃષ્ટાન્તથી અમને તેમ કરવાને પ્રેર્યા હોત તો આ જૈન ધર્મની આવી સ્થિતિ, હે **નાથ** ! ન હોત; પણ હજુ બાજી કાંઇ સમૂળગી બગડી નથી. આપ જેવા ધુરંધર નાથ અમારે માથે છો, અને અમારી ઘણા સમયથી મીંચાએલી આંખો આપે કાંઇક ખોલવા માંડી છે તો આશા રહે છે કે અમે આપને પગલે ચાલવા પ્રયત્ન તો અવશ્ય કરીશું.

હે **નાથ** ! આપે મૂકેલા સાધુઓને આ પાઠ કાંઇ નવીન નથી. તેઓ સ્વાર્થ ત્યાગ કરવાનું તો કેટલેક અંશે દીક્ષા લીધી ત્યારથી શિખેલા છે. તેઓએ ઘર-બાર, સ્ત્રી, પુત્ર અને ધન પણ તજ્યું છે. તેઓ આ કારણથી જ 'નિર્ગ્રન્થ' કહેવાય છે.

તેઓને કોઈ પણ જાતની બેડી નથી. તેઓ સર્વનો ત્યાગ કરીને નીકળ્યા છે. તેમને વાસ્તે આ આત્મભોગ એ એકજ અગત્યનું પગથિઉં છે. શું જ્યારે તેઓએ આટલી બધી વસ્તુઓનો ભોગ આપ્યો છે, ત્યારે પોતાની માન-કીર્તિનો ભોગ ન આપે ? શું તેઓ 'હુંપણા'નો ભોગ ન આપે ? અને જો તેઓ તેમ કરી શકતા હોય તો તેમના માનમરતબા પાછળ ખર્ચાતા લાખો રૂપીઆ

કાંઈક સારા કામમાં ખર્ચાવવાનું શું ન સૂચવી શકે?

હે **નાથ** ! આપનું અનુકરણીય દૃષ્ટાંત સંમુખ છતાં શું તેઓ સ્વાર્થનો ભોગ નહિ જ આપે? શું નિર્ગ્રન્થ સાધુઓમાંથી એટલું સત્ત્વ ચાલ્યું ગયું છે કે આ અગત્યનું પગલું તેઓ નહિ ભરે? મને આશા છે કે તેઓ જરૂર આત્મભોગ આપતાં શિખશે, અને જે ત્યાગ કર્યો છે **તે ત્યાગમાં** આ હુંપણાનો–**મમત્વનો** ત્યાગ ઉમેરી જૈન ધર્મના ભાવિ ઉદયમાં પોતાનો હિસ્સો આપશે.

કોઇપણ પ્રકારની રસોઈ પકવવાને બધી સામગ્રી હોય, પણ અગ્નિ વિના તે રસોઇ થઈ શકે નહિ; તેમ જ્ઞાન એ અગ્નિ છે અને મોક્ષ મેળવવાનાં બધાં સાધનોમાં જ્ઞાન એ મુખ્ય છે. બીજાં સાધનોની જરૂર છે ખરી, પણ બધાં સાધનોને ચેતન આપનાર આ 'જ્ઞાન' છે. તે જ્ઞાન મેળવવાનું ઉત્તમ સાધન 'કેળવણી' છે. આ કેળવણીના જે રિપુ હોય તે ખરેખર જ્ઞાનના રિપુ છે, અને જે જ્ઞાનના રિપુ છે તે મોક્ષ માર્ગના રિપુ છે. હે **નાથ** ! '**પઢમં નાણું તઓ દયા**' 'પ્રથમ જ્ઞાન અને પછી અહિંસા' એ સૂત્રનો બોધ આપનાર આપના શાસનમાં જ્ઞાનના રિપુ કોઇ હોવા જ ન જોઇએ, છતાં અત્યારે એવા કોઇ દેખાય તો તે કાળનો પ્રભાવ ! જૈન ધર્મનો ઉદય થવાનો હોય તો તેને વાસ્તે, હે પ્રભો, એક જ માર્ગ છે, અને તે જ્ઞાનમાર્ગ છે. જે વખતથી જૈન તત્ત્વજ્ઞાન તરફ લોકો બેદરકાર થયા ત્યારથી અમારી અધોગતિનો પાયો રોપાયો; અને અમારી ઉન્નતિનો આધાર પણ એ જ તત્ત્વજ્ઞાન પર રહેલો છે. તે તત્ત્વજ્ઞાન લોકો સમજતા થાય, અને તે સમજીને તેને **અમલમાં મુકતા થાય** તેને વાસ્તે યોગ્ય પ્રકારની કેળવણીની આવશ્યક્તા છે, તેની ના કહેવા કોણ હિંમત ધરે છે? કોઇ એવો હોય તો બ્હાર આવો અને હું કહીશ કે તે જૈન કોમનો હિતચિંતક નથી.

અમારા સાધુઓએ કેળવણીનો ફેલાવો કરવાનો મુદ્દો ઉપાડી લેવો ઘટે છે. **જે મનુષ્યો નિઃસ્વાર્થ વૃત્તિથી કામ કરે છે, તેમનું વચન સર્વ કોઇ માન્ય રાખે છે.** જો તેઓ જૈન કોમના ઉદયને અર્થે આ કામ સારૂં સમજતા હોય અને જો પોતાના સ્વાર્થનો ભોગ આપવા તત્પર હોય તો તો થોડા વખતમાં અમારો ઉદય થાય. અને એવું કામ કરનારા મહાન્ સાધુઓનાં નામો દેવોના દફતરોમાં અને જૈન પ્રજાના ઇતિહાસોમાં સોનેરી રંગથી લખાય. હે પ્રભો ! આપ શાસનના શિરતાજ છો. **આપ આજ્ઞા કરો–રે પ્રેરણા કરો અને અમારા આ સાધુઓને આત્મભોગ આપતાં શિખવો.**

મહાન્ તત્ત્વવેત્તા રસ્કીન આપનું અથવા આપ જેવા અન્ય કોઇ મહા–આત્માનું અપૂર્વ જ્ઞાન કિરણ ગ્રહણ કરીને જણાવી ગયો છે કેઃ—

"આપણી આસપાસ મનુષ્યજાતિ જે દુઃખથી પીડાતી પડી છે, તેનો જો આપણને બરાબર ખ્યાલ આવતો હોય તો પછી મોજશોખની પાછળ પૈસા ખર્ચવાનું આપણામાંથી કોઇ પસંદ કરી શકશે શું ? ભવિષ્યમાં જ્યારે સર્વ કોઇ **સર્વના** કલ્યાણ અર્થે કામ કરશે ત્યારે ઉત્તમપ્રકારના વૈભવને માટે સ્થાન મળી શકશે; પણ **હાલ** તો કેવળ અજ્ઞાની મનુષ્ય સિવાય કોઇપણ મોજશોખ કરી શકે જ નહિ. ધાતકીમાં ધાતકી મનુષ્ય પણ જો આંખ ઉઘાડીને ચારે પાસનું દુઃખ જુએ તો ખાલી ઠાઠમાઠમાં અને મિષ્ટાન્નમાં પૈસા ઉડાડવાનું પસંદ કરશે નહિ." આ શબ્દોના ભાનની અત્યારે અમારી જૈન કોમને બહુ જરૂર છે. આ ઉપદેશ અમારા હૃદયમાં અમારે કોતરી રાખવાની આવશ્યકતા છે; અમારા સાધુઓના જીગરના એક ભાગ રૂપ આ વચનો બનવા જોઇએ છે. આ મહાન્ તત્ત્વવેત્તા રસ્કીનના શબ્દોનું

રહસ્ય જો અમારા દિલમાં ચ્હોટતું હોય તો અમારે આજથી જ કેટલાક **નકામા મોજશોખનો ત્યાગ કરવા તત્પર થવું ઘટે છે. સાધારણ** મનુષ્ય પણ મોજશોખના **એકાદ** સાધનનો ભોગ આપીને કાંઇક **પૈસા બચાવી શકે** ને તે તેના **જાતિ ભાઇ-ઓના કલ્યાણ અર્થે વાપરી શકે.** સાધુઓ કલહ કરે કે કરાવે અને પૈસા સરકાર દરબારમાં ખર્ચાય તેના કરતાં જો હુંપણાનો ભોગ આપીને તે સાધુઓ તે પૈસા શિક્ષણ ફેલાવતી કોઈ સંસ્થાને મદદ કરવામાં વાપરવા ઉપદેશ કરે, તો કેટલું પુણ્ય ઉપાર્જન કરે ? અને જૈન કોમની જાહોજલાલી કેટલી બધી વધે ?

અહા પણ, હે પ્રભો ! હું આ સાધુઓ સંબંધી વિચાર કરતાં એક અગત્યની બાબત વિસરી ગયો. અમારી જૈન કોમમાં અગણિત ભંડાર કરેલો છે. અખૂટ શક્તિ દાટેલી પડી છે. તેનો ઉપયોગ કરવાને કેમ કોઇને સુઝતું નથી ? સાધ્વીઓ એ પણ સંઘનું અગત્યનું અંગ છે, કારણ કે શ્રાવિકાઓની ઉન્નતિ અથવા અવનતિનો આધાર તે સાધ્વીઓ પર જ રહેલો છે.

સાધ્વીઓની સ્થિતિ તો, હે પ્રભો ! કહી જાય તેમ નથી. આપ સર્વ જાણો છો, એટલે મારે તે કહેવાની જરૂર મથી. તે સાધ્વી-ઓએ પ્રથમ તો જાતે જ અભ્યાસ કરવો જોઇએ. આળસુ બેસી નહિ રહેતાં અથવા પ્રમાદ કે વિકથામાં નકામો વખત નહિ ગુમાવતાં તેઓએ શાસ્ત્રાભ્યાસ તેમજ વ્યાવહારિક શિક્ષણ પણ મેળવવું જોઇએ. અને જે જે ઘેર વ્હોરવા જાય ત્યાં તે ઘરની સ્ત્રીઓ ભણેલી છે કે નહિ તેની તપાસ રાખવી અને તે ઘરમાં અભણ હોય તેમને ભણ-વાનો બોધ આપવો, કુમારિકાઓને કન્યાશાળાએ મોકલવાની સૂચના કરવી, અને બની શકે ત્યાં પોતે પણ સ્ત્રીશિક્ષક તરીકેનું કામ કરવું: આ વગેરે ફરજો તેઓએ બજાવવી જોઇએ.

શ્રાવકાઓનો—તીર્થંકર જેવા સુપુત્રોને જન્મ આપનાર રત્ન-જનેતાઓ તિરસ્કાર કરી અથવા તેમને હલકી સ્થિતિમાં રાખી અમે અમારો ઉદ્ધાર કરવાનો કેટલોક પ્રયાસ આરંભ્યો હતો; પણ વખત જતાં અમને જણાય છે કે જેની એક પાંખ બાંધી લેવામાં આવી હોય તે પક્ષી ઉડવાને પ્રયત્ન કરે અને તેની જેવી સ્થિતિ થાય **તેવી** અમારી સ્થિતિ થઈ છે.

એક પૈડાવાળા રથના જેવી અમારી શોચનીય દશા થઇ છે. આ સ્થિતિમાંથી કોઇ અમારો ઉદ્ધાર કરી શકે તો તે અમારી સાધ્વીઓ છે. હે **પ્રભો**! આ સાધ્વીઓને કાંઇક નવું જીવન આપો, કે જેથી તેઓ આ પરમાર્થનું મહાન્ કામ ઉપાડે. ધરઆરી જેવી થઈ બેઠેલી સાધ્વીઓ શું પોતાની જોખમદારી સમજશે? શું તેઓ આ **જૈન**કોમના ઉદયનું ઘણુંજ જરૂરનું કાર્ય ઉપાડી લેશે? હે **પ્રભો**! આ ઘણી પાસથી નિરાશ થયેલ હૃદયને આ બાબતમાં શંકા રહે છે. પણ હું પામર પ્રાણી ભવિષ્યના સંબંધમાં શી તુલના બાંધી શકું? 'જે થાય છે તે સારા વાસ્તે થાય છે' એ સૂત્રમાં વિશ્વાસ રાખી હું જણાવું છું કે, આ બાબતમાં પણ નજદીકના ભવિષ્યમાં કાંઇક શુભ પ્રયાસ સાધ્વીઓ તરફથી થયેલો જોવા અમે ભાગ્યશાળી બનીશું. પણ આ સર્વ કામને વાસ્તે ઉત્તમ કુંચી આત્મભોગ છે; માટે હે **પ્રભો**! હે **નિઃસ્વાર્થ બંધો**! અમને સઘળાને–સાધુઓને તેમજ સાધ્વીઓને–શ્રાવકોને તેમજ શ્રાવિકાઓને આ આત્મભોગનો, હુંપણાના—સ્વાર્થના ત્યાગનો ઉમદા ગુણ શિખવો, કે જેથી અમે ધીમે ધીમે આપના પગલે ચાલી આ પવિત્રધર્મની સેવા બજાવવા કાંઇક અંશે સમર્થ થઇએ.

17—7—11

પત્ર ૭ મો.

હે સત્યશીલ, પક્ષપાતરહિત વિભો !

વારંવાર અમારી દુઃખભરી કથની આપ સંમુખ જણાવતાં અમને ખેદ થાય છે. પણ અમે અમારી મેળે અમારો સુધારો કરવાને શક્તિમાન રહ્યા નથી, તો પછી આપને ન જણાવીએ તો કોને જણાવીએ ? અમારૂં દુઃખ રડયા સિવાય છૂટકો નથી. અમારા હૃદયનો ભાર ખાલી કર્યા વગર તો અમે રહી–જીવી શકીશું પણ નહિ. 'સ્વજન આગળ અથવા ઇષ્ટ મિત્ર આગળ હૃદયનાં દ્વાર આપોઆપ ઉઘડી જાય છે' એ કવિ કાલિદાસની ઉકિત અનુભવથી પણ સિદ્ધ થાય છે. એ ભાવથી આપને અમારા 'પરમ ઇષ્ટ બંધુ' અથવા 'નિષ્કારણ સુહૃદ્' ગણીને આ કાંઇ કાંઇ લખવામાં આવે છે.

સુંદર ચિત્રો અથવા મનોહર છબી જો ભીંત ઉપર કાઢવા માગતા હોઇએ તો પ્રથમ તો તે ભીંતની કાળાશ દૂર કરવી જરૂરની છે. તે ભીંતને તે પછી પણ સફાઇદાર, લીસી અને બરફ જેવી શ્વેત બનાવવાની જરૂર છે. જે પ્રમાણમાં ભીંત નિર્મળ અને શ્વેત બને, બરાબર તે જ પ્રમાણમાં તે ઉપરનું ચિત્ર પણ અચ્છું અને મનોરંજક બને છે. આ નિયમ મનુષ્યજીવનને પણ એક સરખી રીતે લાગુ પડે છે. યતિધર્મની વાત બાજુએ રાખીએ તોપણ શ્રાવકનાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત મળી થયેલાં બારવ્રત એ સુંદર 'ચિત્ર' સમાન છે. તે આળેખવાને 'મનુષ્ય હૃદય' રૂપી ભીંત નિર્મળ અને સ્વચ્છ બનાવવી જોઇએ, એ સ્વાભાવિક છે,

આ ભીંત નિર્મળ અને સ્વચ્છ બનાવવાને પણ કયો માર્ગ

અમારે ગ્રહણ કરવો, એ વાતથી આપે અમને અજાણ રાખ્યા નથી. ધર્મને લાયક થવાને માટે આપે અમને ૩૫ ગુણો ખીલવવાને જણાવ્યું છે, જે ગુણો શાસ્ત્રોમાં, 'માર્ગાનુસારિપણાના ગુણો' એવે નામે પ્રસિદ્ધ છે. ધર્મનું બીજ અમારા હૃદયમાં બરાબર વવાય તે માટે અમારે તે ક્ષેત્રને બરાબર ખેડીને તૈયાર કરવાનું છે. તે કામ માટે આ ગુણોની કેટલી બધી આવશ્યકતા છે તે આપે સારી રીતે સમજાવ્યું છે.

અમે, હે **નાથ**! આપના અનુયાયી કહેવરાવવા માગીએ છીએ. અતીત, અનાગત અને વર્તમાન ત્રણે કાળના તીર્થંકરોને અમે નમસ્કાર કરીએ છીએ; પણ તે નમસ્કાર માત્ર બોલવા રૂપજ રહ્યા છે; કારણ કે હે ગુરો! અમે આપની આજ્ઞા પ્રમાણે **ચાલતા** નથી. અમે આપનાં ફરમાનો હરઘડી અને હરપળે તોડીએ છીએ. માર્ગાનુસારિપણાના ૩૫ ગુણની વાત તો દૂર રહી પણ તેનો પ્રથમ સદ્ગુણ જે 'ન્યાયસંપન્ન વિભવ' અથવા 'ન્યાયથી ધન પેદા કરવું' એટલું પણ અમે પાળી શકતા નથી. અમે ધર્મના મોટા મોટા સિદ્ધાંતોની વાતો કરીશું. 'અમારો ધર્મ બહુ ઝીણો છે,' એમ મગરૂબી સાથે લોકો આગળ જણાવીશું. યુગલીઆના વાળની સંખ્યા અથવા એક જૂ-લીખની લંબાઈ વિષે અમે ઝટ લઇને જવાબ આપીશું. અને બીજી અનેક બાબતોમાં અમે અમારૂં ડહાપણ ચલવીશું; પણ અમે તદ્દન સ્વાર્થી છીએ. અમે અન્યાયથી ધન પેદા કરનારા છીએ, કોઇનાં ગળ રેંસીને-કોઇની થાપણ ઓળવીને-કોઇ વિશ્વાસીને છેતરીને-ખોટી સહીઓ કરીને-જૂઠી સાક્ષીઓ પૂરીને-**કેળવાયેલી બુદ્ધિ અમને સુઝાડે અને કાયદાના દાવપેચમાં ન અવાય એટલી**

બારી મૂકીને અમે ધન પેદા કરવામાં જરા પણ આંચકો ખાઇએ તેવા નથી. પણ અમારા આ અન્યાયથી મેળવેલા ધનનું થાય છે શું? ‘ આહાર તેવો ઓડકાર ’ એ નિયમ પ્રમાણે અન્યાયથી પેદા કરેલી લક્ષ્મીનો સદ્‌વ્યય કરવાનું અમને સુઝે જ ક્યાંથી? કાળાં કૃત્યો કરી મેળવેલી લક્ષ્મી કાળાં કૃત્યોમાં ન વપરાય તો પછી તે અન્યાયની લક્ષ્મી જ કેમ કહેવાય? અમે આ લક્ષ્મીનો વ્યય હલકાં કાર્યો પાછળ કરવામાં લાજતા નથી. પણ જ્યાં કેળવણીનો સવાલ આવ્યો, જ્યાં કોઇ ભણનાર વિદ્યાર્થીને સહાય આપવાની વાત આવી, ત્યાં અમારી થેલીનું મોં બંધ જ રહેવાનું. કોઇ અનાથ બંધુને વેપારરોજગારે ચ્હડાવવાની વાત આવી ત્યાં અમે આંખ આડા કાન કરવાના. ખોટે રસ્તે રળાયેલી દોલત ખોટે રસ્તે જાય એમાં આશ્ચર્ય શું?

હે ગુરો! અમે આ અન્યાય ભરેલી રીતિએ નાણાં કમાવવા મહેનત કરીએ છીએ, તેમાં પણ કારણો છે. અમે અમારી મોજશોખની ટેવો વધારી દીધી છે. અમે મોટા માન-મરતબાના ભૂખ્યા છીએ. અમારી પાસે ધન ન હોય તો પણ અમે અમારૂં ધનવાનપણું બતાવવાને પૈસાદાર કરતાં પણ વધારે ઇન્તેજાર છીએ. **મનુષ્યની કુદરતી તંગીઓ બહુ થોડી છે.** પણ ‘ ફૅશનની ફીશીઆરી ’ એ અને ખોટી મોટાઇની ઘેલછાએ મનુષ્યમાત્રને ધનની પાછળ ગીધ જેવા બનાવ્યા છે. આ રીતે અમારી તંગીઓ વધી, અને તે પૂરી પાડવાને અમે પછી અન્યાય આચરતાં, કાળાં ધોળાં કરતાં, ખોટાં તોલ-માપ કરતાં, અને અનેક અધર્માચરણ કરતાં પણ ડરતા નથી.

લીલી વનસ્પતિ ઉપર પગ મૂકતાં આંચકો ખાનારા એવા અમે-ખુદ **જૈનો**-કોઈ મોટી રકમ સારૂ માણસનું-જાતભાઈનું-રે ખુદ બન્ધુનું ગળું રેંસતાં પાછી પાની ધરીએ તેવા નથી.

હે **પ્રભો**! પડદા પાછળનાં અમારાં કૃત્યો જણાવતાં અમારૂં હૃદય કંપે છે-અમારી આંખોમાં આંસુ વહે છે-અમારી મતિ મુંઝાય છે.

હે **નાથ**! 'કરણી તેવી પાર ઉતરણી.' 'વાવશે તેવું લણશે' અને 'કરશે તેવું ભોગવશે,' 'કર્યા કર્મ ભોગવ્યા સિવાય છૂટકો નથી' આવાં ઉપદેશભર્યા વાક્યો અમે શાસ્ત્રોદ્વારા અથવા સાધુઓ-દ્વારા દરરોજ વાંચીએ છીએ, સાંભળીએ છીએ, અને અમે પણ તેવોજ ઉપદેશ બીજાને આપીએ છીએ; પણ 'કર્મ'ના અચળ નિયમ-માં અમને પ્રતીતિ-વિશ્વાસ નથી. અમે મુખે લવનારા પોપટ સમાન છીએ. 'બિલાડી આવે તો નાશી જવું' એવું બોલનાર પોપ-ટની ડોક બિલાડીએ આવી ભાગી નાખી ત્યાં સુધી તે એમને એમ બોલે જ ગયો, તેના જેવી અમારી સ્થિતિ થઇ છે. જો અમને 'કર્મના નિયમ'માં શ્રદ્ધા હોય અને આવતા ભવમાં અમારાં દુષ્કૃ-ત્યોનાં ખરાબ પરિણામ ભોગવવાં પડશે જ તેનો જો અમને યથાર્થ ખ્યાલ આવતો હોય તો અમે અન્યાયને માર્ગે એક પગલું પણ મૂકીએ નહિ; ધનની પાછળ ભૂત જેવા બનીએ નહિ. એક મહાન્ કવિએ કહ્યું છે કેઃ—

यद् ददासि विशिष्टेभ्यो यच्चाश्नासि दिने दिने ।
तत्ते वित्तमहं मन्ये शेषं कस्यापि रक्षसि ॥

જે ધન તું યોગ્ય પુરૂષોને આપે છે અને જે તું પ્રતિદિન ભોગવે છે, તે જ તારૂં ધન છે એમ હું માનું છું;બાકી બીજું ધન તો કોઇનું છે અને તેનું તારે માત્ર રક્ષણ કરવાનું છે. આવો ઉમદા બોધ અમારી સંમુખ છતાં દાનના જ શત્રુ બનીએ, તે વિષે શું કહેવું?

હે પ્રભો ! અમારા જૈન બાંધવોની આ દયાજનક સ્થિતિ શું નહિ જ સુધરે? શું તેઓ પ્રમાણિકપણે થોડું ધન મેળવીને તેનો પણ સદુપયોગ કરતાં નહિ શિખે ? હે પરમ પ્રભો ! કાંઇક કૃપા કરો, દાન કે જે જૈનધર્મનો પ્રથમ પાયો છે, તે કરતાં અમને શિખવો. અમને ન્યાય નીતિમય રહેતાં શિખવો. ન્યાય નીતિથી જો અમે વર્તીશું તો અમારાં 'લાભાંતરાયી કર્મ' નો નાશ થશે અને એવી રીતે મેળવેલું ધન જો ઉત્તમ પરોપકારી કામોમાં ઉદારતાપૂર્વક ખર્ચીશું તો અમારાં 'ભોગાંતરાયી' કર્મનો નાશ થશે.

હે ગુરો ! અમારી સાખ બહુ હલકી પડી છે. 'જૈન' એટલે સત્યપ્રિય; 'જૈન' એટલે દયાળુ; 'જૈન' એટલે ન્યાયી; 'જૈન' એ શબ્દ બોલતાંની સાથે જ સામા પુરૂષના હૃદયમાં સત્ય, દયા, ન્યાય વગેરે ગુણોની ઉજ્વલ છાપ પડવી જોઇએ; પણ તેને બદલે ઉલટું જ નજરે પડે છે. અને આપ પણ આ બધી સ્થિતિ જોઈ બેસી રહ્યા છો. એથી વિશેષ આશ્ચર્ય લાગે છે ! આટલું મ્હોટું દયાનું કામ આપ સંમુખ પડ્યું છે–અમારાં હૃદયોમાંથી અન્યાયપણાની કુટેવો કહાડવાનું ભગીરથ કામ આપની નજર આગળ ઉભું છે, છતાં પણ આપ કેમ તે હાથ ધરતા નથી ?

હે પ્રભો ! આ અમારા સાધુઓને જણાવો કે તમારો ઉપદેશ નિરર્થક જાય છે. શ્રાવકોનાં હૃદયો બિલકુલ પિંગળતાં નથી. માટે

કાંઇ વ્યવહારૂ અને સમયોચિત ઉપાય યોજો.

'જે જાતે સુધર્યા નથી, તે કદાપિ બીજાને સુધારી શકે જ નહિ' એ નિયમનું ભાન જ્યારે અમારા સાધુઓને આવશે, જ્યારે તેઓને પોતાને 'ગુરૂપણા'ની 'જોખમદારી'નો કાંઇક ખ્યાલ આવશે, અને જ્યારે તેઓ સર્વ પ્રકારના અન્યાયથી–સ્વાર્થથી–ખોટી ખટપટોથી દૂર રહી પોતાની જાતને સુધારવા તરફ લક્ષ આપશે–ત્યારે જ હે પ્રભો! તેમના ઉપદેશની અસર કાંઇક થવા પામશે, અને ત્યારે જ શ્રાવકો 'માર્ગાનુસારિપણા'ના પગલે ચાલી શકશે.

હે **નાથ**! અન્યાયથી ધન પેદા કરવામાં કેટલું જોખમ અને નુકશાન રહેલું છે, તેનો જો યથાર્થ ખ્યાલ મગજમાં ઠસવા પામે તો આશા રહે છે કે કાંઇકિ ને કાંઈ સન્માર્ગ તરફ લોકોની વૃત્તિ ગયા વિના રહે નહિ. એક કાપડનો વેપારી બીજા મનુષ્યને જૂઠું સમજાવી, ધર્મના સોગન ખાઈ (અમારા લોકો ધર્મના સોગન ખાતાં પણ અચકાતા નથી!) રૂપીએ એક આનો નફો ખાવાનું કહી ત્રણ આના ખાઇ ગયો. આ રીતે સામા મનુષ્યને છેતરી બે આના કમાયો. શું કમાયો? બે આના! પણ 'વ્યાપાર'માં શું ખોયું તેનો ખ્યાલ કોને છે? કરોડો રૂપીઆ આપતાં પણ ન મળે તેવું 'ન્યાય તત્ત્વ' (Principle of Justice) તેણે ગુમાવ્યું: આથી પ્રકાશ કે જે ખીલવાને માટે સર્વ ધર્મની ક્રિયાઓ અને અનુષ્ઠાનો ફરમાવવામાં આવ્યાં છે, તે ઝાંખો પડ્યો. તપાસો હવે નુકશાન! પણ હે પ્રભો! આ હું **કોના આગળ** કહું છું? અમારાં વીતક આપ સંમુખ જણાવતો હતો, તેવામાં અમારા ભાઇઓની સ્થિતિ તરફ નજર કરતાં તેમને શિખામણ આપવા દોરવાઈ ગયો.

આપ ધુરંધર અમારે માથે છો; માટે જ આશા રહે છે કે આ અંધકારમય સ્થિતિ લાંબો કાળ ટકી શકશે નહિ. હે પ્રભો! અમારા બાંધવોમાં પ્રકાશનાં કિરણો મોકલો, કે જેથી તેમની બુદ્ધિ વિકસ્વર થાય, તેમનું હૃદય પવિત્ર થાય, જેથી તેઓ ધર્મના પાયા રૂપ 'માર્ગાનુસારિપણા'ના ગુણો પાળતા થાય અને આ રીતે મોટાં વ્રતો માટે લાયક થાય. અમને જૈનોને, હે કૃપાળુ ગુરો! **'પરિગ્રહ પરિમાણ' નામના વ્રતનું રહસ્ય સમજાવો, કે જેથી અમે અમારી તંગીઓને જેમ બને તેમ ઓછી કરી શકીએ;** કારણ કે અમારી તંગીઓ ઓછી હશે તો અમે અન્યાયને રસ્તે જઈશું નહિ, અને અમારી તંગીઓ થોડી આવકથી પૂરી પડવાથી અમારી પાસે જે કાંઈ ધન બચશે તેનો પણ અમારા બાંધવોના કલ્યાણ અર્થે સદુપયોગ કરી આપના મહાન્-ભગીરથ કાર્યમાં અમારો યત્કિંચિદ્ હિસ્સો આપી આપની સેવા કરવાને યોગ્ય બનીશું.

7—8—11

પત્ર ૮ મો.

હે વિશ્વના નિષ્કારણ બંધો ! જગદ્વત્સલ પ્રભો !

જૈનધર્મનો મૂળ પાયો, જૈનધર્મનો મૂળસિદ્ધાંત, જૈનધર્મની વિશેષતા, જે કહો તે સર્વ 'અહિંસા'ના સિદ્ધાંતમાં આવી જાય છે. " કોઈ પણ જીવતા પ્રાણીને નહિ મારવાથી મનુષ્ય શાંતિરૂપ નિર્વાણ પ્રાપ્ત કરે છે " એ શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર દ્વારા આપે જણાવેલું વાક્ય અક્ષરસઃ ખરૂં છે; તેમાં જરા માત્ર પણ અતિશયોક્તિ નથી. તે વાક્યમાં આખા જૈનધર્મનો ટુંકમાં સાર આવી જાય છે. પણ હે પ્રભો ! અમે કેવળ ટુંકી બુદ્ધિના છીએ. અમે કેવળ અક્ષરોના કોશ કે વ્યાકરણ આધારે અર્થ કરનારા રહ્યા છીએ; પણ તે શબ્દોનું જીવન–તે શબ્દોનું રહસ્ય અમે સમજ્યા નથી, અથવા સમજવા જેટલી શક્તિ પણ અમારામાં નથી. કદાચ અમે તે સમજવા પ્રયત્ન કરીએ અને જરા વિશાળ દૃષ્ટિથી તે નિહાળવા મથીએ અથવા તો તેનો ગુપ્ત આશય જોવા મહેનત કરીએ તો અમારા તે પ્રયાસને ' ઉત્સૂત્ર પરૂપણા ' ના મોટા ગુનાને પાત્ર થવું પડે છે!

અમારી બુદ્ધિને ગુંગળાવવા હરેક રીતે પ્રયત્ન કરવામાં આવે છે. ' શંકા કરવાથી સમ્યક્ત્વને દૂષણ લાગશે ' એ ભય બતાવી અમારી બુદ્ધિને હરેક રીતે સાંકડા વાડામાં પૂરી રાખવામાં આવે છે. અમારી ખરી શંકાનો પણ કોઈ જવાબ આપતું નથી, અને અમે એવા નિર્બળ મનના થઈ ગયા છીએ કે કોઇને તે બેધડક પૂછવાની હિમ્મત ધરાવતા નથી.

હે પ્રભો! પણ આ પ્રસંગાન્તર મૂકી હવે હું મારે કહેવાના

મૂળ મુદ્દા ઉપર આવુંછું. 'અહિંસા' નો અર્થ એટલો જ મનાય છે કે કોઈ જીવની હિંસા ન કરવી. કોઇ પણ જીવનો વધ ન કરીએ એટલે અમને 'અહિંસા વ્રત પાલક જૈન' ગણાવાનો હક્ક મળી ચૂક્યો ! પરંતુ ખરૂં જોતાં તો—

अद्रोहः सर्व भूतानाम् कर्मणा मनसा गिरा ।
अनुग्रहश्च दानं च सतां धर्मः सनातनः ॥

મનથી, વચનથી અને શરીરથી કોઈ પણ પ્રાણીનું અહિત ન કરવું અને સર્વ જીવ તરફ દયા બતાવવી એનું નામ અહિંસા છે. અહિંસાનો આવો વિશાળ અર્થ ઘણાજ થોડા જૈનો સમજે છે. જ્યારે સમજનારા બહુ થોડા ત્યારે તે પ્રમાણે વર્તનારા તો વિરલા જ હોય એમાં શું આશ્ચર્ય ? શું અનેક જીવોને અસત્ય બોલી છેતરનાર અને આ રીતે તેમના આત્માને દુઃખ આપનારને અહિંસા ધર્મ પાળનારા ગણી શકાય ? શું બીજાઓનું ધન અન્યાયથી પચાવી પડનાર અને આ રીતે બીજાઓને નાહક દુઃખ આપનારા અહિંસા વ્રત પાળનાર કહી શકાય કે ? શું ન્યાયી અને સત્યવાદી પુરૂષોને માથે ખોટાં આળ મૂકી તેઓનું દિલ દુઃખવનારને અહિંસા વ્રતના ઉપાસક માની શકાય કે ? શું હજારો રીતે લોકોને કનડીને ત્રાસ આપનારા અહિંસા વ્રતને સેવનારા તરીકે ઓળખી શકાય કે ?

બીજાઓના આત્માને વચનથી દુઃખવતાં, બીજાઓનું ધન અન્યાયથી પડાવી લેતાં, બીજાઓને માથે કલંક મૂકી તેઓનું દીલ દુખવતાં અથવા તો બીજી અનેક રીતે જનસમુદાયને અમારા સ્વાર્થ ખાતર છેતરતાં કે કનડતાં અમે જરા સરખી પાછી પાની ધરીએ તેવા નથી.

આટલું છતાં અમે અહિંસા વ્રતપાલક છીએ ! કારણ કે અમે કોઈ જીવની 'હિંસા' કરતા નથી !

હે પ્રભો ! હે ગુરો ! આટલું છતાં અમારી આ અહિંસાને માટે પણ મગરૂરી આવે છે. જ્યારે ચારે બાજુએ આહાર નિમિત્તે, યજ્ઞ નિમિત્તે, ફૅશન નિમિત્તે, શિકાર નિમિત્તે, અપ્સરા નિમિત્તે અને બીજી હરેક રીતે પશુઓનો નાશ થતો હું ભાળું છું, ત્યારે જૈનોના 'કોઈ પણ પ્રાણીને નહિ મારવું' એ સિદ્ધાન્તના-કાંઈ નહિ તો બહારના વર્તન માટે પણ ખરેખર હૃદયમાં સંતોષ થાય છે. પણ હે પ્રભો ! જે મનુષ્ય પશુઓ તથા વનસ્પતિ તરફ પણ આટલી બધી દયા બતાવે છે, તે મનુષ્યે મનુષ્ય બાંધવ તરફ તો કેટલો બધો વધારે પ્રેમ બતાવવો જોઈએ ? તેમાં વળી પોતાના જ સ્વધર્મી મનુષ્યો તરફ તો હદબહાર પ્રેમાળ, દયાળુ અને દિલસોજીવાળી વર્તણુક રાખવી જોઈએ.

જો—અહિંસા વ્રતનો—આપે ઉપદેશેલા આ ઉત્તમ વ્રતનો—અમને ખ્યાલ હોત તો અમારૂં વર્તન કાંઈક જૂદા જ પ્રકારનું હોત; દયાના કામમાં જૈનો પ્રથમ નંબરે ગણાતા હોત. ખરેખર પશુઓ તરફની અમારી દયા આખા વિશ્વને હેરત પમાડે છે. પણ એ દયાનું ક્ષેત્ર એટલેથી અટકવું ન જોઈએ. મનુષ્યો પ્રતિની—પંચેન્દ્રિય મનુષ્યો પ્રતિની દયા પશુઓ કરતાં પણ વિશેષ હોવી જોઈએ. પણ અફસોસ ! જીવદયાનો બહુ સંકુચિત અર્થ હાલમાં જોવામાં આવે છે. જીવદયા એટલે પશુઓની દયા-એટલો જ અર્થ તેનો કરાય છે ! પણ જીવમાં મનુષ્ય પણ આવી જાય છે, એ બાબત હાલમાં જૈન ભાઈઓને સમજાવવાની જરૂર પડે છે, એ જ હે ગુરો ! અમારૂં હતભાગ્ય છે.

જે પશુની દયા કરે, જે કીડીની દયા કરે, જે વનસ્પતિની પણ દયા કરે તેનું હૃદય મનુષ્ય પ્રત્યે તો **ઉભરાઇ જતું** હોવું જોઇએ. પણ કોણ જાણે શાએ કારણથી અમારા **જૈન** બાંધવો આ બાબતમાં પાછળ પડી ગયા છે. હે **નાથ** ! હવે ઉદયનો સૂર્ય કાંઇક ઉગવા માંડયો છે. લોકો સ્વજાત અને સ્વકુટુંબની પેલીપાર જોતાં શિખ્યા છે. સ્વજ્ઞાતિના હિતમાં પોતાનું હિત સમાયેલું છે, એ સત્ય તરફ તેમનું લક્ષ દોરવાતું જાય છે, જો કે પ્રમાણમાં બહુ જૂજ. હજુ પરોપકારનાં ઘણાં પગથિયાં ચઢવાનાં છે. હે **નાથ** ! જે સીઢીના હજારમે પગલે આપ બિરાજમાન છો, તેના પહેલે પગથિએ અમે ઉભેલા છીએ. પરોપકારની જે ઉચ્ચતા આપે પ્રાપ્ત કરી છે, તેની હજુ સહજ પણ ઝાંખી મહા મહેનતે અમે પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયા નથી. પણ હે **નાથ** ! આપના અગાધ પ્રેમરૂપ સૂર્યનાં કિરણ ગ્રહીને કોઇક કોઇક મહા પુરૂષોને પરોપકાર કરતાં, સ્વાર્થનો ત્યાગ કરી પરમાર્થે પ્રયત્ન કરતાં અમે નજરે નિહાળીએ છીએ ત્યારે અમારા જીગરમાં આપને પગલે ચાલવાનું પ્રોત્સાહન મળે છે. પણ પાછો સ્વાર્થી પડદો આંખ આગળ આવી પડે છે, અને તે પરમાર્થનું બળ આપનારૂં કિરણ અદૃસ્ય થાય છે.

હે ગુરો ! અમે ખરી અહિંસા શિખ્યા નથી. અહિંસાનો ખરો ભાવાર્થ કોઇએ અમને શિખવ્યો નથી. અમે વંશપરંપરાથી આવેલી પ્રાણી તરફ દયાની લાગણી પ્રગટ કરીએ છીએ, પણ હજુ અમારૂં જીગર ખરૂં પ્રેમાળ બન્યું નથી. જો અમારામાં ખરો પ્રેમ હોય, જો અમારામાં ખરી દયા હોય, જો અમે દયાનું રહસ્ય સમજ્યા હોઇએ તો પછી શું કોઇને છેતરીએ ? જો છેતરીએ તો પછી તે છેતરાનાર પ્રતિ દયા ક્યાં રહી ? ખરો દયાળુ કદી ચોરી કરે જ નહિ.

જે મનુષ્યનું ધન ચોરાયું તેના પ્રતિ પ્રેમ ક્યાં રહ્યો ? જો ખરેખર પ્રેમ અમારા હૃદયમાં વાસ કરતો હોય તો અમે કદી જૂઠી સાક્ષી પૂરીએ નહિ; જો પૂરીએ તો પછી જેના વિરૂદ્ધ જૂઠી સાક્ષી પૂરી તેના પ્રતિ દયા ક્યાં રહી ? દરેક સદ્‌ગુણનું મૂળ તપાસીએ તો છેવટે એમજ લાગે છે કે તે દયામાં છે-પ્રેમમાં છે—સર્વ તરફ રખાતા બંધુભાવમાં છે.

હે પ્રભો ! ખરો દયાળુ પુરૂષ આટલેથી અટકે નહિ. કેવળ કોઇને હેરાન ન કરીને સંતોષ માને નહિ. કોઇને દુઃખ ન આપવાથી તેનો પ્રેમ અટકી જાય નહિ. પ્રેમ, જો તે જીગરનો પ્રેમ હોય—સર્વમાં આપણા સમાન આત્મા રહેલો છે અને બીજા મનુષ્યોને પણ આપણા જેવી જ લાગણી, વિચારો અને ઇચ્છાઓ હોય છે એવી ભાવનાથી જ જો તે પ્રેમ ઉત્પન્ન થયો હોય—તો તેવો પ્રેમ **દયાનાં કાર્યો રૂપે પ્રકટ થયા વિના રહે નહિ.** જે દયાની વૃત્તિ કેવળ શબ્દોમાં ગોંધાઇ રહે છે, મોટી મોટી વાતો કરીને બેસી રહે છે, બહારથી બન્ધુભાવ અથવા મૈત્રી ભાવની મહત્તા જણાવે છે. પણ કાર્યરૂપે પરિણામ પામતી નથી, લોકોનું દુઃખ દૂર કરવા પ્રેરાતી નથી, તે વૃત્તિ ખાલી નામની છે. તે નાટકીઆના વેશ જેવી છે. ઘણીવાર જે મનુષ્ય મુખેથી દયાની વાતો કર્યા કરે છે, પણ દયાનું કામ અર્થાત્ દાન કરતો નથી, તેની લાગણી ધીમે ધીમે બુઠ્ઠી થઇ જાય છે.

હે પ્રભો ! ‘ વિચાર ’ ‘કાર્ય’ રૂપે પ્રકટ થાય, ‘જ્ઞાન’ ‘ ચારિત્ર ’ રૂપે આવિર્ભાવ પામે, તે પહેલાં વચલી સાંકળની જરૂર છે. અને તે સાંકળ ‘શ્રદ્ધા’ છે. જ્ઞાન અને ચારિત્રને જોડનાર ઉત્તમ અને જરૂરનો

અંકોડો 'શ્રદ્ધા' છે. હે દયાળુ ગુરો ! બહુ વિચાર કરતાં અમને લાગે છે કે અમને જે દયા કે પ્રેમનું જ્ઞાન મળેલું છે, તે કેવળ **બુદ્ધિનો વ્યાપાર** છે; મગજમાં તેનું ચિત્ર પડે છે, પણ હજુ તેનો **સાક્ષાત્કાર થયો નથી,** હજુ તે જ્ઞાનની સત્યતાનો **અનુભવ** થયો નથી, —**જૈન** શૈલીમાં કહીએ તો તેની '**શ્રદ્ધા**' થઈ નથી. નથી થઇ ! ખરેખર નથી થઇ ! જો શ્રદ્ધા થઇ હોત તો તે વિચાર ક્યારનોએ **અમલમાં** મૂકાત !

હે દયાસાગર ! આપ જેવા કરૂણાળુ, પરોપકારી અને દયાના નિધિનો અનુપમ દાખલો અમારી સંમુખ છતાં અમે દયાના કામમાં પ્રવૃત્ત (active) થતા નથી એ જ જણાવે છે કે અમારામાં પૂર્ણ શ્રદ્ધા નથી. એમ પણ નથી કે દયાને વાસ્તે—પરોપકારને વાસ્તે **ક્ષેત્ર** નથી. દયાનાં અસંખ્ય કામો દયાળુ-પરોપકારી મનુષ્યોની તંગીને લીધે પડી રહ્યાં છે. જ્યાં અને ત્યાં આત્મભોગી, નિઃસ્વાર્થી તથા ખરા હૃદયના પ્રેમાળ મનુષ્યની જગતને જરૂર છે. જગત્-દુઃખી જગત્ એવા મનુષ્યોની રાહ જોતું બેઠું છે; પણ ક્યાં છે તેવા ખરી દયાવાળા પુરૂષો ? કોઈ હશે તે તો ક્યારનાએ પોતાના કર્તવ્યક્ષેત્રમાં લાગુ પડી ગયા હશે. છતાં કોઇ એવા પરોપકારી પુરૂષો હોય કે જેઓનાં હૃદયમાં ' દયા ' ઉછાળા મારી રહી હોય, છતાં જેમને કામ ન જડતું હોય તેવા પુરૂષોને માટે એટલું બધું વિશાળ ક્ષેત્ર ખુલ્લું પડયું છે કે તેનો વિચાર કરતાં, અને તેવા પુરૂષોની તંગી વિચારતાં આંખમાં આંસુ ભરાઈ આવે છે.

ગામડાઓમાં તેમજ શહેરોમાં હજારો મનુષ્યો આરોગ્ય વિદ્યાના જ્ઞાનના અભાવે માંદા, રોગિષ્ઠ અને દુઃખી માલૂમ પડે છે; તેમના

રોગની દવા કરવાને તો હવે નાનું સરખું દવાખાનું સરકાર તરફથી ખોલવામાં આવેલું જોવામાં આવે છે. પણ રોગ થયા **પછી** તે અટ-કાવવાના ઉપાય કરવા કરતાં તે રોગ **પેદા જ ન થાય** એવા માર્ગો દર્શાવવા–લોકોને ચોકખાઇના ગુણ દર્શાવવા, સૂર્યના પ્રકાશ અને ચો-ખ્ખી ખુલ્લી હવાની જરૂર શિખવવી, બ્રહ્મચર્યના ફાયદા બનાવવા, નિર્મળ જળની આવશ્યકતા દેખાડવી તથા બીજી હરેક રીતે તેમની તંદુરસ્તી સારી રહે તેવી શિખામણો તે-લોકો સમજે તેવી ભાષામાં, દાખલા દલીલો સાથે આપવી, એ કામ માટે મોટું ક્ષેત્ર છે.

માંદાની માવજત કેમ કરવી, અમુક રોગ ઉપર ચરી કઇ અને કેમ પળાવવી, માંદાનો મિજાજ આનંદમાં રહે અને શારીરિક દુઃખ છતાં માનસિક આનંદને લીધે તેની વ્યથા તેને ઓછી લાગે, અને ઘડીભર તેનું દુઃખ વિસરી જાય એવી રસભરી વાતો કરવી, અને હરેક રીતે તેની મરજી જાળવવી; આવી માવજત કરનારાની મોટી ખામી છે. ખરી દયા ધરાવનાર વાસ્તે આ એક ક્ષેત્ર ખુલ્લું છે.

શારીરિક સુધારણાની જેટલી જરૂર છે, તેટલી જ અને તેથી પણ વિશેષ માનસિક સુધારાની છે. આ કામ માટે તો વળી ઉપર જણાવ્યા કરતાં પણ અતિ વિશાળ ક્ષેત્ર ખુલ્લું પડ્યું છે. લોકોમાં એ-ટલું બધું અજ્ઞાન નજરે પડે છે કે તે દૂર કરવાને જેટલો પ્રયાસ કર-વામાં આવે તેટલો ઓછો ગણી શકાય. જે લોકોનો બધો વખત કુટુંબનું ગુજરાન મેળવવા માટે ધન કમાવામાં પસાર થઇ જતો હોય, અને જેમને જ્ઞાન મેળવવાની ઇચ્છા છતાં તે મેળવવાનો પ્રસંગ ન મળતો હોય, તેવા યુવાનો તેમજ મોટા પુરૂષો વાસ્તે રાત્રિશાળાઓ ખોલવામાં આવે અને ત્યાં તેમને સામાન્ય વાંચન, હિસાબ, અને

લેખન ઉપરાંત થોડો થોડો વખત સામાન્ય નીતિનો બોધ આપવામાં આવતો હોય તો જે લાભ થાય તે અવર્ણનીય છે. મફત ખોલેલી રાત્રિશાળામાં ભણતાં હોવાથી તે લોકો શિખવનારના ઉપકાર તળે આવશે, અને તેના તરફ આભારની લાગણી થવાથી જરૂર તેઓ તેના બોધને માન આપશે, અને તે બોધ પ્રમાણે તેઓ ધીમે ધીમે ચાલવા લાગશે. પણ આઘે ક્યાં જોવું? જૈનશાળાઓની સ્થીતિ તરફ નજર કરતાં તો ખરેખર નિઃસ્વાર્થી પુરૂષોની ઘણીજ જરૂર જણાઇ આવે છે. જૂદે જૂદે સ્થળે જૈન પાઠશાળાઓ સ્થપાય છે, વિદ્યાર્થીઓ ભણવા જાય છે, તેમનાં માબાપ જાણે કે છોકરાઓ ધર્મનો અભ્યાસ કરે છે, શિક્ષક જાણે મને ધર્મનું જ્ઞાન મેળવવા ખાતર પગાર મળે છે અને છોકરાઓ મોઢેથી ગોખેલાં પ્રતિક્રમણ સૂત્રો કે ભગવાનની સ્તુતિ બોલી જાય છે;-બસ એટલેથી જ પાઠશાળાના શિક્ષણનો મોટે ભાગે અંત આવી જાય છે. શું તે ધર્મ તે પગારદાર શિક્ષકો શિખવી શકે? શું સૂત્રો ગોખીને ધર્મનું જ્ઞાન મેળવવાનો લક્ષ ધરાવનાર બીજાને-કુમળા બાળકોને ધર્મનો બોધ આપી શકે? હૃદય ના પાડે છે. માનસશાસ્ત્ર (Psychology) આ બાબતમાં તદ્દન જૂદો જ અભિપ્રાય દર્શાવે છે. જેના હૃદય ઉપર ધર્મના સંસ્કાર પડયા નથી તે બીજા ઉપર શી રીતે પાડી શકશે, એ પ્રથમ પ્રશ્ન છે. અને લાંબા વખતથી જેનો ઉપયોગ બંધ થયો છે એવી ભાષા (dead language) ના શબ્દો બોલી જવાથી બોલનાર કે સાંભળનારને લાભ શો? આ વગેરે અનેક પ્રશ્નોનો નિકાલ કરવાને ધર્મના જ્ઞાનવાળા, કેળવાયેલા, પરોપકારી, અને પોતાના 'જીવન' વડે ધર્મના સિદ્ધાંતોનો બોધ આપનારા જૈનોની જરૂર છે. હે **નાથ**! ક્યાં છે

એવા વિરલા નરો ? ક્યાં છે એવા ખરા દયાળુ પુરૂષો ?

હે ગુરો ! પરોપકારનાં ઘણાં કામો કરવાનાં છે. અમારામાં જો ખરી દયા હોય, જો ચૌદ લાખ જૈન ખરેખર 'દયા' એ શબ્દને દીપાવનાર હોય તો આખી દુનિયાને સ્વર્ગમય બનાવી શકે. પણ હે **નાથ** ! એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ? આપ અમને દયાનો વિશાળ અર્થ શિખવો, અમને પરોપકારનો ઉમદા પાઠ પઢાવો, અમને નિષ્કામ વૃત્તિથી સ્વાર્થનો ભોગ આપતાં શિખવો, કે જેથી પ્રેમ અમારા હૃદયમાં સમ્રાજ્ય ભોગવે અને અમે આપને પગલે અનુસરીએ.

14–8–11

પત્ર ૯ મો

હે ક્ષમાવાન્દયાવાન્ ગુરો !

આપ સર્વ જાણોછો, સર્વ સાંભળો છો, મારા હૃદયના વિચાર પણ જાણોછો, છતાં મારી નમ્ર વિનંતિ ઉપર આપ કેમ લક્ષ આપતા નથી ? હે કરૂણાસાગર ! મને આશા રહે છે કે, આજે તો મારી આ વિનંતિ ઉપર આપ જરૂર ધ્યાન આપશો; કારણ કે પવિત્ર પર્યુષણ પર્વને લીધે મારા સહધર્મીબંધુઓ પણ આજે આ લેખ વાંચી મારી સાથે આપને વિનંતિ કરવામાં જોડાશે. મારી પ્રાર્થનામાં તેઓ ભાગ લેશે, તેથી અમારો **ભેગો અવાજ** આપને અમારા કલ્યાણ તરફ જરૂર પ્રેરશે.

હે ગુરો ! આ પર્યુષણ પર્વનું માહાત્મ્ય એટલે સુધી વર્ણવવામાં આવ્યું છે કે, ૨૧ વાર પર્યુષણ પર્વનું વ્યાખ્યાન જે શ્રવણ કરે તે અવશ્ય મુક્તિપદ મેળવે. લોકો આ શબ્દોનો ગમે તેવો અર્થ કરે પણ મને તો આ વચનમાં જરા પણ અતિશયોક્તિ લાગતી નથી. તે કથન અક્ષરસઃ ખરૂં છે, એમ જો હું જણાવું તો તે પણ અતિશયોક્તિ નથી. ' પર્યુષણનું વ્યાખ્યાન ' એટલે શું ? આપ જેવા મહાપુરૂષોનાં ચરિત્રોનું કથન–આપ જેવા સમર્થ પુરૂષોના ગુણનું કીર્તન–આપ જેવા મહાત્માઓએ કેવી રીતે ઉચ્ચતમ પદવી પ્રાપ્ત કરી તેનું વર્ણન ! જ્યારે ' પર્યુષણના વ્યાખ્યાન 'માં આવી ઉત્તમ બાબતો સમાયેલી છે ત્યારે તેનું શ્રવણ કરવાથી અમારા હૃદયમાં જરૂર આપ અથવા આપ જેવા બીજા કોઈ **તીર્થંકર–અર્હત્** તરફ ભક્તિભાવ ઉત્પન્ન થયા વિના રહે જ નહિ; અને આપની તરફ જો અમારા

હૃદયની ભક્તિ જાગૃત થઈ તો પછી અમે આપને પગલે ચાલવાના એ પણ નિઃસંદેહ જ છે. અને આપના જીવનના જ્વલંત મૂર્તિરૂપે પ્રકટ થયેલા અનેક સદ્‌ગુણોનું શ્રવણ કરી તેમાંથી અમે દર વર્ષે એક બે ગુણ પાળવાની પણ જો તે વખતે દૃઢ પ્રતિજ્ઞા કરીએ અને આખા વર્ષ સુધી તે પ્રમાણે ચાલવાને પ્રયત્ન કરીએ, અને કદાચ ભૂલ થાય તો તે ભૂલને ભૂલ તરીકે અંગીકાર કરી તે સદ્‌ગુણને અનુસરવામાં મચ્યા રહીએ, તો જરૂર અમે તે સદ્‌ગુણો ખીલવી શકીશું. આ પ્રમાણે દરવર્ષ જો માત્ર એકાદ બે સદ્‌ગુણ ખીલવવા અમે શક્તિમાન્ થઇએ તો પણ પાંચ સાત વર્ષમાં અમે ઘણા જ આગળ વધી જઇએ. ઘણા સદ્‌ગુણો એક બીજા સાથે સંકળાયલા છે; અને જે મનુષ્ય એક પણ સદ્‌ગુણ યથાર્થ રીતે પાળવા તત્પર થાય છે તેનામાં બીજા બધા સદ્‌ગુણો થોડેઘણે અંશે ખીલેલા હોવા જોઇએ, અથવા તેણે ખીલવવા જોઈએ. ઉપર જણાવેલો હેતુ ધ્યાનમાં રાખી, હે **પ્રભો** ! જો અમે આપનું જીવનચરિત્ર સાંભળીએ તો જરૂર અમે આપને પગલે અનુસરી શકીએ. **'अप्पा सो परमप्पा'** 'આત્મા તે જ પરમાત્મા' એ આપે આપેલો બોધ અમને જણાવે છે કે અમારામાં પણ આપના જેવા થવાનું સામર્થ્ય–શક્તિ રહેલી છે; અને તેથી જો અમારી આત્મશક્તિમાં વિશ્વાસ રાખી આપના જીવનનું રહસ્ય અમારા જીવનમાં ઉતારીએ તો પર્યુષણ પર્વનું આપે ઉપદેશેલું માહાત્મ્ય અમારા દૃષ્ટાન્તથી અમે ખરૂં પાડી શકીએ.

હે **પ્રભો** ! આપનું જીવનચરિત્ર સાંભળતી વખતે ચિત્ત ઠેકાણે રાખી સાંભળે છે જ કોણ? મન જ્યારે હજારો વસ્તુઓમાં ભમતું હોય, આંખો અનેક બાજુએ ભટકતી હોય, કાન અનેક પ્રકારનાં

આભૂષણોના ઝણઝણાટ અથવા તો મધુર ધ્વનિવાળાઓના સુસ્વર પીવામાં તલ્લીન બન્યા હોય, અને ચિત્તની સ્વસ્થતાનું જ્યાં નામ-નિશાન પણ ન હોય, ત્યાં પછી સમ્યક્ પ્રકારના 'શ્રવણ' ની શી રીતે આશા રાખી શકાય ? અને જો 'શ્રવણ'જ ન થયું તો તેના પર 'મનન' તો થાય જ શી રીતે ? અને 'મનન' ન થાય તો તદ-નુસાર 'વર્તન'ની તો આશા જ શી ? જ્યાં સુધી સત્ય ગ્રહણ કર-વાને અનુકૂળ સ્થિતિમાં આંખ, કાન, શરીર તથા મન મૂકાયાં નથી, ત્યાં સુધી આપે જણાવેલો અપૂર્વ લાભ અમે ન મેળવી શકીએ તો તેમાં, હે પ્રભો ! આપનો નહિ પણ અમારો જ દોષ છે. વર્ષા-ઋતુ એ ક્ષેત્રમાં બીજ રોપવાનો અનુકૂળ સમય છે, તેમ ધર્મનાં બીજ રોપવાને પણ ધર્મગુરૂઓ માટે પર્યુષણ એ ઘણો યોગ્ય અવ-સર છે. અમે, હે **નાથ** ! ધર્મના દિવસોમાં શાસ્ત્ર શ્રવણ કરવાને જરા વધારે ઇંતેજાર હોઇએ છીએ. એ દિવસે અમે વધારે ઉત્સાહથી ઉપાશ્રયે જઈએ છીએ. લોઢું તપેલું હોય ત્યારે જેવો ઘાટ આપવો હોય તેવો આપી શકાય છે, તેમ જ્યારે ધર્મજીજ્ઞાસા પવિત્ર દિવ-સોમાં હૃદયમાં બરાબર ખીલી હોય, ત્યારે જો ઉપદેશક તે સ્થિતિનો લાભ લેઇ બરાબર ઉપદેશ કરે તો શ્રોતા વર્ગપર તેની સચોટ અસર થયા વિના રહે નહિ. પણ, **પ્રભો** ! અમારાં જીજ્ઞાસુ હૃદય તૃપ્ત થતાં નથી, અને વ્યાખ્યાન સાંભળ્યા પછી પણ અમે પ્રથમના જેવા જ શુષ્ક હૃદયના માલૂમ પડીએ છીએ; આમાં દોષ કોનો છે તે, હે **નાથ** ! આપ ક્યાં નથી જાણતા કે જેથી મારે કહી બતાવવું પડે ? ગમે તેમ હો, અમારા પર અસર થતી નથી એ તો સાબીત કરવા જવું પડે તેમ નથી જ.

હે ગુરો ! આ પર્યુષણ પર્વનું માહાત્મ્ય વિચારતાં મને કાંઇક અલૌકિક આનંદ થાય છે. 'પર્યુષણ'નો અર્થ 'ઉપાસના'–'ભક્તિ' એવો થાય છે. આપની ઉપાસના કરવી–આપની સેવા કરવી–આપની ભક્તિ કરવીઃ અહા ! કેવા અપૂર્વ શબ્દો ! પણ આપની ભક્તિ શી રીતે કરવી ? ખરી 'ભક્તિ' એટલે શું ? " **आणाए धम्मो** " "આપની આજ્ઞા પ્રમાણે ચાલવું એ જ આપની ખરી 'ભક્તિ' છે." આપે ઉપદેશેલા બોધ પ્રમાણે જીવન ચલાવવું એ જ ખરી 'સેવા' છે, આપના આદેશને શિર પર ચ્હડાવી તદનુસાર **વર્તવું** એ જ ખરી 'ઉપાસના' છે. જે મનુષ્ય બાહ્યથી આપની ભક્તિ કરે છે, પણ આપના સિદ્ધાંતાનુસાર વર્તતો નથી, તે ખરેખર આપનો 'ભક્ત' નથી. માટે આજ્ઞાપાલન એ જ ધર્મ, એજ ઉપાસના, એજ સેવા, એ જ ભક્તિ અને એ જ 'પર્યુષણ'.

હે ગુરો ! આપની આજ્ઞાઓ કઇ છે તે કાંઇ અમારાથી અજાણ્યું નથી. આપે જૂદાં જૂદાં સૂત્રો દ્વારા જૂદે જૂદે સ્થળે ધર્મની વ્યાખ્યાઓ આપી આ બાબતમાં અમને અંધારામાં રહેવા દીધા નથી. **"धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो "** "અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે." વળી '**अहिंसा परमो धर्मः**' અહિંસા એ ઉત્કૃષ્ટ ધર્મ છે. '**कषायमुक्तिः सा एव मुक्तिः**' કષાયથી છુટવું એજ મુક્તિ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ આ પાંચ કર્મના બંધથી અળગા રહેવું તે જ મોક્ષનો માર્ગ છે. '**ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः**' જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ જ મોક્ષનો માર્ગ છે. આવી જૂદી જૂદી વ્યાખ્યાઓ અપાયેલી છે. આ વ્યાખ્યાઓમાંથી ગમે તે એક અંગીકાર કરી

મનુષ્ય તે પ્રમાણે વર્તે તો તે આપને પગલે જરૂર ચાલી શકે; કારણ કે વિચાર કરતાં–સૂક્ષ્મ વિચાર કરતાં બધી વ્યાખ્યાઓનો એકજ ઉદ્દેશ છે.

નાથ ! ગૌતમ ગણધરને ઉપદેશ આપવામાં આવ્યો હતો કે **"હે ગૌતમ ! એક ક્ષણવાર પણ તું પ્રમાદ કરીશ નહિ,"** પ્રમાદથી–આલસ્યથી–મન ઉપરનો કાબુ ખોવાથી મનુષ્યો આડે માર્ગે દોરવાય છે, ન કરવાનું કરે છે, ન બોલવાનું બોલે છે, ન વિચારવાનું વિચારે છે. '**અપ્રમત્ત દશા એ નિર્વાણનો માર્ગ છે**' તેમ 'પ્રમાદ એ અવનતિનું કારણ છે' અર્થાત્ ઉન્નતિને બાધક છે. જ્યારે મનુષ્ય પ્રમાદ કરે છે, અર્થાત્ જ્યારે મન ઉપરનો સંયમ તે ખોઈ બેસે છે, ત્યારે અશુભ વિચારો તેના મગજમાં ઘુસી જાય છે. અને જ્યારે ઘણા વિચારો મગજમાં સ્થાન પામે છે ત્યારે મનુષ્ય તે વિચારોને લગતું કાર્ય કરવાને દોરાય છે, એ બાબત સર્વ કોઇ વિચારવંતના અનુભવની બ્હાર નહિ હોય.

માટે સર્વ અનર્થનું મૂળ પ્રમાદ છે. જગતમાં જે ક્લેશો, કંકાસો અને મારામારીઓ થાય છે તેનું મૂળ કારણ પ્રમાદ અથવા મનની અસાવધતા છે. ઘણીવાર આપણે મનુષ્યોને એમ બોલતા સાંભળીએ છીએ કે "જો મેં જરા વિચાર કર્યો હોત તો હું આ શબ્દ બોલત નહિ કે લખત નહિ. મેં જરા મન ઉપર કાબુ રાખ્યો હોત તો તે અવિચારી કાર્ય હું કદાપિ આચરત નહિ." આ પસ્તાવાનાં વચનો બોલતાં અમે બીજાને સાંભળીએ છીએ, અથવા જાતે અમે બોલીએ છીએ. આ પ્રમાણે અમે દોષ કરવા દોરવાઈએ છીએ, તેનું કારણ 'પ્રમાદ' અથવા તેની સાથે ભળેલો 'કષાય' હોય છે.

કાં તો ક્રોધથી, કાં તો માનથી, કાં તો માયા–કપટથી અથવા લોભથીઃ આ ચાર કષાયોને લીધે અમે દોષો કરવા પ્રેરાઇએ છીએ. હે નાથ! અમારે તે દુષ્ટ કર્મો વાસ્તે આપની સમક્ષ અને અમારા હૃદય સમક્ષ તરત જ તેને તે પળે પશ્ચાત્તાપ કરવો જોઇએ; તે જ પળે અમારે અમારા દુષ્ટ વિચારો કે કાર્યો કે વચનો સારૂ પ્રતિક્રમણ કરવું જોઈએ; પણ અમારાં હૃદય એટલાં બધાં બુઠ્ઠાં થઇ ગયાં છે કે અમને તે ને તે વખતે પ્રતિક્રમણ કરવાનું સુઝતું નથી. મ્હોટા જ્ઞાનીઓ પણ પાપ કરતી વખતે, 'ઉપયોગશૂન્ય' થઈ જાય છે, તો હે પ્રભો! અમારા જેવા પામર પ્રાણીની શી સ્થિતિ?!

પણ આપ દયાળુ છો એટલે અમને બચાવવાને આપે બીજી યોજના શોધી કહાડી અમને જણાવ્યું કે "જો પાપ કરતી વખતે જ હૃદયથી પ્રતિક્રમણ કરવાનું ન બને તો દરરોજ તમારે રાત્રિએ અને સવારમાં એમ બે વાર પ્રતિક્રમણ કરવું." આપના જ્ઞાન, દીર્ઘદર્શિપણું અને દયાનો ખ્યાલ અમારા સંકુચિત હૃદયમાં આવી શકે તેમ નથી. જ્યારે આપની અમારા પ્રતિની દયાનો વિચાર કરીએ છીએ, ત્યારે ખરેખર અમારા હૃદયમાં આપ પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ જાગૃત થયા વિના રહેતો નથી. કદાચ અમારા જેવા પ્રમાદી પુરૂષોથી દરરોજ પ્રતિક્રમણ ન થઇ શકતું હોય તો પછી અમને અમારા પાપનો પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ જ ન મળે? ના, ના! એમ નથી; આપે વળી દયાનું ક્ષેત્ર વિસ્તારી નવો માર્ગ દર્શાવ્યો અને અમને ફરમાવ્યું કે "જો તમારાથી દરરોજ પ્રતિક્રમણ કરવાનું ન બને તો પાક્ષિક પ્રતિક્રમણ કરો, એટલે પંદર પંદર દિવસના પાપનો પશ્ચાત્તાપ કરો, કદાચ કોઈ કારણોસર તે પણ ન બની શકે તો ચા-

ચુર્માસિક પ્રતિક્રમણ કરો !" અરે અમારા જેવા હીનભાગ્યથી તે પણ ન બની શકે તો આપે છેવટનો છેલ્લો ઉપાય સૂચવ્યો કે "તમારે **સાંવત્સરિક** પ્રતિક્રમણ કરવું; અર્થાત્ વર્ષમાં એક દિવસે (પર્યુષણ પર્વના છેલ્લા દિવસે) શાંત ચિત્તથી બેસી આખા વર્ષમાં તમારે હાથે થવા પામેલા દરેક પાપનો પશ્ચાત્તાપ કરી જવો; આ ઉપરથી તમારે એમ ન સમજવું કે દરરોજના પ્રતિક્રમણની જરૂર નથી. ના, આ તો છેવટનો ઉપાય છે !"

આહા ! આ બધું શું સૂચવે છે ? કોઇપણ રીતે જીવ પાપથી ડરી સન્માર્ગે વળે તેને માટે, હે ગુરો ! આપે આ ઉત્તમ યોજના રચેલી છે. આખા વર્ષમાં કોઇ પણ સંજોગોમાં કોઈ પણ કારણસર જે જે પાપો મનુષ્યથી થવા સંભવે છે તે સઘળાંનું જૂદાં જૂદાં સૂત્રો દ્વારા વર્ણન કરવામાં આવે છે. અમારામાંથી દરેકે પોતે કરેલા પાપનું નામ બોલાતાં જ અમારા હૃદય સાથે તથા આપની સાક્ષીએ તે પાપનો પશ્ચાત્તાપ કરવો જોઇએ, અને મન સાથે દૃઢ પ્રતિજ્ઞા લેવી જોઇએ કે " અમે **તેવાં** પાપ **ફરીથી** નહિ કરીએ."

હે ગુરો ! અત્યાર સુધી મેં કરેલાં પાપોની આપ સમક્ષ હું ક્ષમા ચાહું છું. મેં **મનથી, વચનથી, કાયાથી** કોઇપણ જાતનું પાપ કર્મ આચર્યું હોય તેને વાસ્તે ખરા જીગરથી ક્ષમા માગું છું.

હે દયાળુ દેવ ! કોઈ પણ પ્રાણીના પ્રાણને મનથી, વચનથી કે કાયાથી જાણતાં કે અજાણતાં આ સાંવત્સરિક દિવસમાં મેં દુઃખ દીધું હોય તો તેને વાસ્તે અંતઃકરણથી ક્ષમા ચાહુંછું.

હે કૃપાળુ ગુરો ! કોઈ પણ મનુષ્યને કોઇ પણ રીતે જૂઠું બોલીને, ખોટી સાક્ષી પૂરીને, ખોટા લેખ લખીને વિશ્વાસઘાત કરીને

અથવા બીજી કોઈ પણ રીતે અસત્ય કહીને આ સાંવત્સરિક દિવસમાં જાણતાં કે અજાણતાં મેં દુઃખ દીધું હોય તેને વાસ્તે અંતઃકરણપૂર્વક ક્ષમા ઇચ્છું છું.

હે મહાન્ પ્રભો ! કોઇની થાપણું ઓળવીને, કોઇની વસ્તુ ચોરીને પારકી વસ્તુ પોતાની છે એમ જાહેર કરીને, અથવા કોઇ પણ બીજી રીતે 'અસ્તેય વ્રત' નો ભંગ મારાથી જાણતાં કે અજાણતાં આ વર્ષ દિવસમાં થવા પામ્યો હોય તેની હું ત્રિકરણ યોગે ક્ષમા ઇચ્છું છું.

હે શીલાંગરથધારી ! મનથી, વચનથી કે કાયાથી કોઇપણ રીતે 'સ્વદાર સંતોષ' અથવા 'બ્રહ્મચર્ય વ્રત'નો ભંગ મારાથી જાણતાં કે અજાણતાં આ વર્ષ દિવસમાં થવા પામ્યો હોય તેની હું મનથી, વચનથી અને કાયાથી ક્ષમા ઇચ્છું છું.

હે નિષ્પરિગ્રહી દેવ ! મેં ધન, ધાન્ય, રૂપું, સોનું, આકર્ષક પદાર્થો વગેરે ઉપર આ વર્ષ દિવસમાં જાણતાં કે અજાણતાં મૂર્છા ધરી હોય, અને જે વસ્તુ આત્માની નથી તેને **મારી** કલ્પી હોય તે પાપને વાસ્તે હું મન, વચન અને કાયાથી ક્ષમા માંગું છું.

હે અનાહારિ પ્રભો ! મેં કાર્યવશથી અથવા પ્રમાદથી આપે સ્થાપેલા નિયમને ઓળંગીને રાત પડી ગયા, પછી આ વર્ષમાં કોઈ પણ દિવસ ભોજન કર્યું હોય તો આપની આજ્ઞા ઓળંગવાના તે દોષ માટે હું ક્ષમા માગું છું.

હે નિષ્કષાયી ગુરો ! ક્રોધ, પૈશુન્ય (પારકી ચાડી), પરનિંદા, હાસ્ય, જુગુપ્સા, રાગ, દ્વેષ વગેરે અનેક 'વિભાવી વૃત્તિ'ઓને લીધે 'સ્વભાવ' ચૂકી મેં જે કોઇ બુરા અધ્યવસાય મનમાં ચિંતવ્યા હોય, તે અધ્યવસાયોને મનમાં રાખી બુરાં વચનો બોલ્યો હોઉં

અથવા તે વિચારો અને વચનો પ્રમાણે બીજાને પીડા ઉપજાવનારાં અને મારા મનની શાંતિનો ભંગ કરનારાં જે કોઇ કાર્યો મેં આ વર્ષ દિવસમાં જાણતાં કે અજાણતાં કર્યાં હોય તે સર્વ મિથ્યા થાઓ ! અને તેને વાસ્તે, હે પ્રભો ! હું આપની અનંતશઃ ક્ષમા ઇચ્છું છું.

હે કરૂણાળુ બંધો ! આ ગત વર્ષ દરમ્યાન કોઇ પણ જીવ સાથે, કોઈ પણ કારણસર વૈરવિરોધ થવા પામ્યો હોય, કોઇના પણ જીવને મારાં કાંઇપણ કાર્યોથી ઉદ્વેગ યા અશાંતિ ઉત્પન્ન થઇ હોય તે સર્વ જીવોને હું આજે ક્ષમાવું છું.

" खामेमि सव्वे जीवा सव्वे जीवाव्रि खमंतु मे ॥
मित्ति मे सव्वभूएसु वैर मज्झं न केणई " ॥

" હું સર્વ જીવોને ક્ષમા આપું છું; સર્વ જીવો મને ક્ષમા આપો ! મારે સર્વ પ્રાણી સાથે મૈત્રી છે; મારે કોઈ સાથે શત્રુતા નથી. " હે નાથ ! સઘળાના આત્મા સત્તાએ—સ્વરૂપમાં એક સરખા છે. જે જે મનુષ્યો દોષ કરે છે, તે અજ્ઞાનતાથી કરે છે. મને કોઈએ હેરાન કર્યો હોય, મારી કોઇએ નિંદા કરી હોય, મને કોઇએ કટુ વચન કહ્યું હોય, મારૂં કોઇએ નુકશાન કર્યું હોય—તે સર્વને હું મારા હૃદયથી ક્ષમા આપું છું અને તે બિચારાની દયા ચાહું છું; કારણ કે તે સર્વ તે અજ્ઞાનતાથી કરે છે. હે દયાળુ પિતા ! આપ તેમના અપરાધો માફ કરો; કારણ કે તેઓ શું કરે છે તેમની તે બિચારા જીવોને ખબર નથી.

હે પ્રભો ! મારાં પોતાનાં કરેલાં કર્મો સિવાય મારૂં કોઈ ખરી

રીતે બગાડનાર નથી. માટે મારે નિષ્કારણ બીજા ઉપર શા સારૂ રોષ ધરવો ? **હે વિશ્વના નિષ્કારણ બંધો !** હું સર્વ જીવને ક્ષમા આપું છું, વૈર વિરોધ તજું છું અને આપને પગલે ચાલવાને ઉદ્યમવન્ત થયો છું. **મને તે કામ કરવાને પુરતું બળ આપો.** જેને કોઈ શત્રુ નથી, અને જે કોઇનો શત્રુ નથી તે 'સમભાવ'માં રમે છે–અને તે જ મોક્ષનો અધિકારી છે, એમ આપે અનેકશઃ બોધ આપ્યો છે. એવો 'સમભાવ' અમારા હૃદયમાં ખીલે અને સર્વ મનુષ્યો તથા પ્રાણીવર્ગ એક બીજા સાથે સંપથી હળીમળીને એક બીજાને મદદ કરનારા તરીકે રહે, એવી હૃદયની ભાવના સહિત આપને વારંવાર પ્રણામ કરી હાલ તો એટલેથી જ અટકીશ. વિશેષ લખવાની શક્તિ મારામાં નથી; મારી ઓછપ આપ જ પુરશો.

21-8-11

પત્ર ૧૦ મો.

હે વિશાળદૃષ્ટિવાળા, સમભાવમાં રમી રહેલા દેવ !

આપે આપેલો **જૈન** ધર્મ ! આહા તે કેવો વિશાળ હતો ! અને આજે તે કેવો સંકુચિત થઇ ગયો છે ! હે **પ્રભો** ! એના કારણોમાં કારણ માત્ર અમારી સ્વાર્થવૃત્તિ અને અમારૂં અજ્ઞાન એ જ છે. આપનો જ્યારથી વિરહ પડયો, આપ જ્યારથી દૂર જઈ બેઠા, આપની સાથેનો સંબંધ ધરાવનારા-આહારક લબ્ધિવાળાની જ્યારથી આ **ભર**તમાં ખામી પડી, જ્યારથી આપનો સંદેશો આ **ભર**તભૂમિને પહોંચાડનારા આપના શિષ્યો આ ભરતમાંથી અદૃશ્ય થયા, ત્યારથી જ આ સંકુચિતતાનો આરંભ થયો.

અમે, હે **નાથ** ! ત્યારથી ' વાડો ' કરી બેઠા. **જૈન** ધર્મને ઝરાની માફક ચારે બાજુએ ફેલાતો જોવાને બદલે મુઠીભર માણસોમાં અમે તેને ગોંધી રાખ્યો. જે ઝરાનું પાણી વહે નહિ, જે ઝરાનું પાણી વહીને બીજાના ઉપયોગમાં ન આવે, જે ઝરો એક સ્થળે ભરાઈ રહે તે ઝરો, **ઝરો મટી ખાબોચીઉં થાય**-વગર વહેતા પાણીનું ખાબોચીઉં થાય છે, અને તે ખાબોચીયાનું પાણી સ્વાભાવિક રીતે ગંધાવા માંડે છે, લાંબો વખત એની એ સ્થિતિમાં પડી રહે તો છેવટે તે પાણી ઝેરી બને છે.

હે ગુરો! જૈન ધર્મની પણ કાંઇક આવા જ પ્રકારની સ્થિતિ થઈ છે, તે આપથી કયાં અજાણ્યું છે ? હજારો પુરૂષો અને સ્ત્રીઓ કે જેઓ અહિંસાના—પ્રાણી માત્ર તરફ દયા કરવાના-**મદ્યમાંસ** નહિ ખાવાના ઉચ્ચ સૂત્રોથી કેવળ અજ્ઞાત છે, તેવાઓને આ જૈન ધર્મના

પવિત્રમાં પવિત્ર સિદ્ધાંત શિખવવાનું મૂકી દેઇ અમે માંહોમાંહે કાપાકુપી કરવા માંડીએ છીએ. અમને નવું ચણતાં આવડતું નથી, ત્યારે અમારી જે કાંઈ શક્તિ હોય તે આપ જેવા કેવળ પરમાર્થી આત્માઓ જે કાંઈ કામ કરી ગયા હોય તેને તોડવામાં ન વાપરીએ તો પછી શું કરીએ ? !

હે દેવ ! અમારી અત્યારની સ્થિતિ આપ સંમુખ કહેતાં અમને લજ્જા આવે છે. અમે જ આ ધર્મનું જડમૂળ કહાડવા બેઠા છીએ. કારણકે અમારો કોઇ ભાઇ જરા વિશાળ દૃષ્ટિ બતાવે તો અમે કે જેઓ સંકુચિત દૃષ્ટિવાળા છીએ તે તેની વિશાળ દૃષ્ટિનું સ્વરૂપ સમજવા થોભીએ એમ નથી; અમે તો અમારા વાડા બ્હારની વાત કરનારને જીવતો જવા મૂકીએ છીએ તે પણ આ રાજ્યનો પ્રતાપ છે ! અમને અમારો જ નાશ કરવાનું—આત્મઘાત કરવાનું સરસ હથિયાર હાથ લાગ્યું છે. ઘડીએ ને પલકે, છાસવારે ને છાસવારે તે હથિયાર અમે ઉગામીએ છીએ, અથવા નબળા પોચાને તો ડરાવી જ મારી નાખીએ છીએ. હે પ્રભો ! તે હથિયાર બીજું કાંઇ નહિ પણ 'સંઘબ્હારની શિક્ષા ' છે ! નાત બ્હારની શિક્ષા ! પોળ બ્હારની શિક્ષા ! શિક્ષાજ ! શિક્ષા ! અમારા જાતિભાઈઓ જેમને અમે ધર્મથી વમી ગયેલા માનીએ છીએ, જેમને અમે ધર્મથી ભ્રષ્ટ માનીએ છીએ, અને જેમને અમે મિથ્યાત્વી, નિહ્નવ, અથવા બીજા ગમે તેવા ખિતાબો આપતાં ડરતા નથી તેવા અમારા અજ્ઞાની ભાઇઓની જો અમને ખરેખર જ દયા હોત તો અમે તેમને અમારા સમુદાયમાથી દૂર કરવા પ્રયત્ન કરત નહિ, અને તેમને શિક્ષા કરી કરાવી અમારા શત્રુઓ બનાવત નહિ અથવા અમારી સલાહ માની

શકે તેથી ઘણે દૂર કહાડી મૂકત નહિ. પણ હે **નાથ** ! દયાનું તો કેવલ **નામ છે ! અજ્ઞાનીનું અજ્ઞાન દુર કરવાનો ખરો ઉપાય 'શિક્ષા' નથી; પણ 'જ્ઞાન'** છે. અશુદ્ધતા દૂર કરવાનો ખરો માર્ગ શુદ્ધિ છે. અને દ્વેષ દૂર કરવાનો સરલ રસ્તો પ્રેમ છે. આપે આ સિદ્ધાંતોનો વારંવાર ઉપદેશ આપ્યો છે; પણ તે સિદ્ધાંતો તો, હે **નાથ** ! પુસ્તકોમાં રહ્યા ! અમારે તે સિદ્ધાંતોનું કામ હોત તો અમારૂં આજનું વર્તન કાંઇક જૂદાજ પ્રકારનું હોત. હે **નાથ** ! પ્રેમનુ અગાધ બળ છે તે આપતોનો આપનો દાખલો અમારી સંમુખ છતાં અમે પ્રેમનું સ્વરૂપ સમજતા નથી એ જ અમારી અજ્ઞાનતા છે, એ જ અમારી સંકુચિતતા છે. જ્યારે આપ સમોસરણમાં બીરાજોછો અને અનેક જીવોને બોધ આપોછો તે સમયે પશુ, પક્ષી, મનુષ્યો, દેવો વગેરે બધા ઉચિત સ્થાને બેસી જાય છે. સ્વાભાવિક વૈર વિરોધ રાખનાર પશુઓ જેવાં કે સર્પ અને નોળીઓ, ઉંદર અને બિલાડી, મોર અને સર્પ વગેરે જાનવરો તે વખતે નૈસર્ગિક (જન્મથી વારસામાં મળેલો) વિરોધભાવ તજી દે છે, અને એક બીજા પ્રતિ પ્રેમભાવથી વર્તે છે. અહા ! આ આપના વિશાળ અને સર્વગત પ્રેમનું માહાત્મ્ય નહિ તો બીજું શું ?

આ અપૂર્વ દૃષ્ટાન્ત અમારી સંમુખ છે, છતાં અમે દ્વેષ કરીને, ડરાવીને, મારીને, નિંદા કરીને અગર શિક્ષા કરાવીને બીજાઓને અમારા 'મત' માં વાળવા મથીએ છીએ. હે **નાથ** ! જે જૈન ધર્મ કેવળ દયાના સિદ્ધાંતો પર રચાયેલો છે તેના અનુયાયીઓ શું અમે છેકજ આવા નિર્દય થઇ ગયા ? શું અમે એવા જૈનત્વ વિનાના થઇ ગયા કે અમારા બીજા જાતિ ભાઇઓને અમારાથી દૂર ખસેડવામાં જ અમારૂં જૈનત્વ આવી રહ્યું ? શું અમારામાંથી જ્ઞાન એટલું બધું

નાબુદ થઇ ગયું કે અમારા જ્ઞાન બળથી બીજાઓનું અજ્ઞાન દૂર કરવાનું ભૂલી જઇ કેવળ અમે અમારા ભયથી અજ્ઞાન દૂર કરાવવા ઉભા થયા છીએ ?

હે નાથ ! અમે તદ્દન ઉંધો માર્ગ ગ્રહણ કર્યો છે, અમે કેવળ અવળે પંથે વિચર્યા છીએ; આનું પરિણામ પણ આત્મઘાતક વિના બીજું શું આવવાનું હતું ?

હે નાથ ! આપનો પ્રકાશ ચારે બાજુએ ફેલાયલો છે. અમે જરા આંખો ઉઘાડી જોઇએ છીએ તો ચારે બાજુ પ્રકાશ, પ્રકાશ અને પ્રકાશ નજરે પડે છે. પણ અમારા ગુરૂઓ અમને આંખ ઉઘાડવાની ના પાડે છે. જે ઉપાશ્રયમાં અમારા 'કુળગુરૂ'ઓ બેઠા હોય તે ઉપાશ્રયની બ્હારની બાજુ આંખ ઉઘાડી જોવાને તેઓ તદ્દન મના કરે છે.

પ્રકાશ એક જ બારીએથી આવી શકે, એમ તેઓ જણાવે છે અને તે બારી તે બીજી કોઇ નહી પણ અમારા 'કુળગુરૂ'ની બુદ્ધિ અથવા ઘણું તો તેમની ધર્મગ્રન્થો સમજવાની શક્તિ ! અમારે જ્ઞાન પામવાનો ફક્ત આ **એક જ** માર્ગ છે એમ પોકારી પોકારીને તેઓ કહે છે. પણ ચારે બાજુએ બ્હારની પાસે એટલો બધો પ્રકાશ વ્યાપી રહેલો છે કે અમે અમારા એ ગુરૂઓની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને પણ બીજી બારીએથી બ્હાર ડોકીયું કરવા દોરવાઇએ છીએ. અને ત્યાં જ્યારે અમારી નજરે કાંઇક ઓરજ પ્રકારનો પ્રકાશ પડે છે, ત્યારે અમે અમારા ગુરૂઓને જણાવીએ છીએ, અને તે પ્રકાશને લીધે અમારી આંખો ઉઘડવાથી અમે નવા નવા પ્રશ્નો પૂછવાને દોરવાઇએ છીએ; પણ તે પ્રશ્નોના ખુલાસા આપવાને બદલે

અમારા આપે સ્થાપેલા નાયકો અમને જણાવે છે કે 'એ પ્રકાશ તે ભૂતનો ભડકો છે, અને શંકા આણવી તે મિથ્યાત્વ છે. પ્રશ્ન પૂછવો તે નિહ્નવપણું છે, અને બારી બ્હાર જોવું તે સંસારમાં ભટકવા સમાન છે!' આ પ્રમાણે અમે, હે ગુરો! પ્રકાશ વિના રઝળીએ છીએ! 'ષડદર્શન જીન અંગ ભણીજેજી' એ આપનું કિરણ ગ્રહીને શ્રી આનંદઘનજીએ જણાવેલું વાક્ય જો અમે બોલીએ, અને તે પ્રમાણે જે જે અપેક્ષાએ અન્ય ધર્મમાં સત્ય જણાય, તે તે જણાવીએ, તો તે પણ મિથ્યાત્વ! તે પણ નિહ્નવપણું! તે પણ ઉત્સૂત્રપ્રરૂપણા! તે પણ સંઘ બ્હારની શિક્ષાને પાત્ર! હે ગુરો! અમારાં વીતક ક્યાં જઇને કહીએ, અને કોની આગળ રડીએ? વિચારની વિશાળતા અમારામાં બિલકુલ નથી. અમે ફોકટ જણાવીએ છીએ કે અમે સ્યાદ્વાદ—અનેકાંતવાદને માનનારા છીએ. સ્યાદ્વાદ ધર્મ તો એટલો વિશાળ છે કે તેના એક ઉપાસકે કહ્યું છે કે '**युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः**' જેનું વચન યુક્તિયુક્ત લાગે, જેનું વચન હૃદય અને બુદ્ધિને સંતોષ આપે, જેના વચનનો આપણા અંતઃકરણમાં પ્રતિધ્વનિ પડે તે વચન બાળકે કહ્યું હોય કે વૃદ્ધે કહ્યું હોય, સ્ત્રીએ ઉચ્ચાર્યું હોય કે પુરૂષે ઉચ્ચાર્યું હોય, છતાં તે અંગીકાર કરવા યોગ્ય છે—માનવા યોગ્ય છે—આચરવા યોગ્ય છે. આપે, હે ગુરો! એટલે સુધી જણાવ્યું છે કે સમ્યગ્દષ્ટિ જીવ ગમે તે પુસ્તક વાંચે તો **તેને** તે સમ્યક્ત્વ રૂપે પરિણમે, અને મિથ્યાદષ્ટિ ગમે તે પુસ્તક વાંચે તો મિથ્યાત્વ રૂપે પરિણમે; પુસ્તકનો કાંઇ વાંક નથી. પુસ્તક તો નિર્જીવ છે, તેને જેવી દષ્ટિની જુએ તેવો તે લાભ આપે. આપનું આવું દીવા જેવું વાક્ય છતાં અમને અમારા

નાયકો કહે છે કે અમુક આચાર્યોએ લખેલાં પુસ્તકો સિવાયનાં તમામ પુસ્તકો મિથ્યાત્વી પુસ્તકો છે.

હે ગુરો ! આપની કૃપાની આ અવસરમાં ઘણી જ જરૂર છે. જે ધર્મને નામે લોકોનાં અંતઃકરણ પ્રેમની સુવર્ણમય દોરીથી જોડાવાં જોઇએ, તે ધર્મને નામે જ જ્યાં ત્યાં વેર વિરોધ, મારામારી, કલહ અને દ્વેષ નજરે પડે છે. આપ શું આ બધું નથી જાણતા ? 'સવી જીવ કરૂં શાસનરસી, એવી ભાવદયા મન ઉલ્લસી' આપે એકવાર એવો ભાવ પ્રદર્શિત કર્યો હતો. એવું વાક્ય આપે ઉચ્ચાર્યું હતું, અને આપ જેવા મહાત્મા એવું વાક્ય ઉચ્ચારે ત્યારે તે ખરા ભાવપૂર્વક જ હોય એમાં આશ્ચર્ય શું ? સર્વ જીવોને— દુનિયાના તમામ જીવોને જૈન ધર્મી બનાવું–દયામય બનાવું–પ્રેમી બનાવું–કષાયમુક્ત બનાવું–એજ આપની અપૂર્વ ભાવના હતી અને આપે બનતો પુરૂષાર્થ કર્યો અને હજુ કરો છો. પણ અમે આપના અનુયાયીઓ તે ભાવના પર પાણી ફેરવવા બેઠા છીએ: તે ભાવનાને પગ તળે કચરવા બેઠા છીએ; અમે ખરેખર શાસનરાગી નથી; અમે ખરેખર આપના ભક્ત નથી.

અમે અમારી માનપૂજાના લોલુપી છીએ. અમારી માનપૂજામાં કે પ્રતિષ્ઠામાં જેઓ વિઘ્નકર્ત્તા હોય તે સઘળાઓને અમારા શાસન, માંથી દેશ નિકાલ કરવાના. (જાણે કે 'શાસન' અમારા બાપનું હોય નહિ !) હે **નાથ** ! **આપનું** શાસન અમે પચાવી પડયા છીએ. હે ગુરો ! અમે આપની સત્તા ધારણ કરી બેઠા છીએ. આ જમાનામાં જો કોઇ કેવળજ્ઞાની હોય તો અમે જ છીએ, અને અમારી આજ્ઞા પ્રમાણે **જૈન**ધર્મની ધ્વજા આમ કે પેલીગમ ફરકવી જોઇએ ! આહા

કેવી અમારી ધૃષ્ટતા ! કેવી અમારી હલકાઈ ! કેવી અમારી સંકુચિતતા ! કેવો અમારો સ્વાર્થ ! જ્યાં ત્યાં 'હું' ની જ પૂજા છે. અમને જૈનધર્મ કરતાં અમારો આ સાડાત્રણ હાથમાં રહેલો 'હું' વધારે વ્હાલો છે ! ધર્મનું નિકંદન થાય કે લોકોની નજરે જૈન ધર્મની હલકાઇ થાય તે અમે જોઇ રહીશું, પણ અમારા 'હું' ને જરા પણ અડચણ આવવી જોઇએ નહિ ! જો તે 'હું'ની સત્તામાં કોઇ આડે આવ્યું, જો તે 'હું'ના માનમરતબામાં કોઇ આડખીલ રૂપ થયું તો પછી અમારી દયાનું અમારે કામ નથી ! ગમે તે ઉપાયે, ગમે તેટલા છળ કપટથી, ગમે તેટલા ભોગે તે મનુષ્યને, તેના સગાવ્હાલાને, તેના અનુયાયીઓને, તેના મિત્રોને અને તેની સાથે સંબંધ ધરાવતા સર્વને અમારાથી બનતું નુકશાન કરવા અમે ચૂકીશું નહિ. ધર્મની અમારી વ્યાખ્યા આટલામાં આવી ચૂકી ! હાલ તો

ગચ્છકદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ;
આત્મગુણ અકળાયતા રે, ધર્મ ન જાણે રે શુદ્ધ.
તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ;
જાણોછો જિનરાજજી રે, સઘળો એહ વિવાદ.

આ રીતે ગચ્છના ભેદો, અને તેના ઉપભેદોને પ્રધાનપદ આપવામાં, અને કદાગ્રહ વધારવામાં ધર્મની પ્રસિદ્ધિ આવી રહી હોય એવું અમારા નાયકો સમજે છે, અમને સમજાવે છે અને અમે પણ ગાડરીયા પેઠે 'હાજી સાહેબ !' કહી એમને એવા કામમાં સહાય આપીએ છીએ. આત્માના ગુણ જે જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે જેથી ખીલે, અથવા ક્રોધ–માન–માયા અને લોભ રૂપ કષાય જેથી મંદ પડે, તેવો જે ખરો ધર્મ–જે શુદ્ધ ધર્મ તેનો ઉપદેશ કોઇ

આપતું નથી. જ્યાં જોઇએ ત્યાં બહારની ધમધમા ચાલે છે અને ધર્મ પણ તેમાં જ રહેલો હોય, એમ જણાવવામાં આવે છે. હે પ્રભો ! આ સમયમાં તત્ત્વના–આત્મતત્ત્વના–ધર્મનાં ઉચ્ચ સિદ્ધાંતોને જાણવાના રસવાળા પુરૂષો બહુ થોડા છે. અને મોટે ભાગે તો મનુષ્યોની વિકથા જ માલૂમ પડે છે. એક બીજાની નિંદા, એક બીજાની અદેખાઈ, એક બીજાની ઇર્ષ્યા, એક બીજાને હલકો પાડવાની વાતો–આવી બાબતો જ ઘણે ભાગે સંભળાય છે.

હે જીનરાજ ! હે દયાળુ દેવ ! આપ સર્વ જાણોછો. આપથી આ બાબત કાંઈ અજાણી નથી. માટે હે પ્રભો ! હવે કાંઈ આ તરફ કૃપાદૃષ્ટિ કરો. હવે લોકોને ખરૂં સત્ય શું છે, તે સમજાવો, લોકોને વિશાળ દૃષ્ટિના અને ગુણાનુરાગી બનાવો, અને તેમને એવો પ્રેમ શિખવો કે જે પ્રેમથી તેઓ બીજાને પોતાનાથી દૂર ન કરતાં પોતાનામાં ભેળવવાનું સમજે. આપ ' પ્રેમ સ્વરૂપી ' છો, ' પ્રેમના સૂર્ય ' છો; તો આપ તે પ્રેમનું એકાદ કિરણ પણ અમારા જેવા અજ્ઞાની અને સ્વાર્થી મનુષ્યો તરફ મોકલશો તો અમે તેના આધારે કાંઈક વિશાળતા શિખીશું, કાંઈક ખરો દયાભાવ શિખીશું, અને એ કિરણને આધારે આપ તરફથી બીજાં વિશેષ કિરણો ગ્રહણ કરવાને સમર્થ થઈશું.

11–9–11

પત્ર ૧૧ મો.

પરમ કૃપાળુ પ્રભો. !

આપ **મહાવિદેહ** ક્ષેત્રમાં બિરાજ્યા છો, તથાપિ આ ક્ષેત્ર ભણી પણ દૃષ્ટિ કરવાનું આપનું કર્તવ્ય છે, એ આપને સ્મરણમાં લેવરાવવા ખાતર હું કાંઈ પણ લખું તેમાં જો આ સેવકનો અવિનય થતો હોય તો તેની, હે **પ્રભો** ! ક્ષમા આપશો; કારણકે આ સેવકનો **આશય** શુદ્ધ છે. અમારા જાતિબાંધવોનું હિત જેથી થાય એ જ આશયથી આપને આ પત્રો લખવામાં આવે છે અને હૃદયના ઉદ્દગાર ખાલી કરવામાં આવે છે.

હે ગુરો ! અમારી આ સ્થિતિ થવાનું કારણ વિચારતાં—સૂક્ષ્મ રીતે અવલોકતાં—એમ લાગે છે કે અમારામાં નૈતિકબળ નથી –અમારી આત્મશક્તિમાં અમને વિશ્વાસ નથી–અમારા હૃદયમાં પુરૂષાર્થ નથી. અમે ઘણી બાબતોમાં સત્ય શું છે તે સમજીએ છીએ ખાનગી મિત્રોમાં તેની વાતો પણ કરીએ છીએ, અલંકારિક ભાષાદ્વારા તે જણાવીએ પણ છીએ; **પણ** તે સત્યને તેના નગ્ન સ્વરૂપમાં મૂકવાની અમારામાં હિમ્મત નથી—નૈતિક બળ નથી. એનું કારણ બીજું કાંઇ નહિ પણ અમારો સ્વાર્થ છે. અમે સ્વાર્થી બનેલા હોવાથી અમારા સ્વાર્થને જેથી વાંધો આવે, અમે અપ્રીતિને પાત્ર થઇએ, અમે **લોકવલ્લભ થતા અટકીએ,** એ ભયને લીધે—એ **માની લીધેલા ખોટા ભયને** લીધે-અમે અમારા હૃદયના ભાવ **ખુલ્લી રીતે** જણાવી શકતા નથી. અને એથી જ, હે **નાથ** ! આપના જૈનશાસનની સ્થિતિ આવી ડામાડોળ થઈ છે.

મનુષ્યો **હૃદયથી** જે માનતા હોય, તે વાત જો **ખુલ્લી રીતે** જાહેર કરતા રહે, તો ઘણા પ્રકારનો સડો એની મેળે ચાલ્યો જાય. પણ 'silence gives consent' 'ચૂપકી એ પણ હા પાડવા સમાન છે' એ ન્યાયે અમે અમારી ચૂપકીથી ઘણા પ્રકારના સડાને ઉત્તેજન આપીએ છીએ. અમુક રિવાજ ખરાબ છે, એમ અમે બોલીએ છીએ; એનાં કડવાં પરિણામ આવેલાં અનુભવીએ છીએ; પણ તે છતાં તે ખરાબ રિવાજ અથવા રશમનો ત્યાગ કરતાં અચકાઇએ છીએ. કારણકે રૂઢીના અમે ગુલામ છીએ-ખરેખર ગુલામ છીએ. બ્રીટીશ સરકારે ગુલામનો ધંધો બંધ કર્યો, પણ **રૂઢીના ગુલામોની** સંખ્યા તો એટલીને એટલી જ છે. રૂઢી રૂપી વાદળનું અંધકાર એટલું બધું વ્યાપેલું છે કે જેઓને આંખો છે, જેઓને સારૂં ખોટું પારખવાની શક્તિ છે, તેવા લોચનવંતા પુરૂષો પણ હાય! અંધ દેખાય છે.

હે ગુરો ! અમે કર્મના નિયમને માનનાર છીએ; અમે એમ પણ કહીએ છીએ કે કરેલો પુરૂષાર્થ કદી નિષ્ફળ જતો નથી; છતાં અમારાં કાર્યો આપ અવલોકશો તો જણાશે કે અમે ફક્ત **આ જીંદગી વાસ્તે જ** જીવીએ છીએ, આ જીંદગી એ જ સર્વસ્વ છે એમ અમારે મન ભાસે છે. અને તેથી જે કાર્યનું ફળ **તરત** આવે તેજ કાર્ય અમે કરીશું; જેથી આ જગતના **લોકોની વાહવાહ** મળે તેવાંજ કામો કરીશું; પણ જેથી **દુનિયાનું ખરૂં કલ્યાણ** થાય તેવા માર્ગો અમે અંગીકાર કરીશું નહિ, જેથી સ્વ અને પરના **આત્માનું કાયમનું** હિત થાય તેવો રસ્તો ગ્રહણ કરીશું નહિ. કારણ કે અમારૂં- આત્મા અમર છે એમ **માનનારાનું**, જાણે કે પુનર્જન્મ મુદ્દલ હોયજ નહિ એવું **વર્તન** થઈ ગયું છે.

હે પ્રભો ! હવે અમારા ઉદયનો ફક્ત એક જ માર્ગ છે. જેઓનાં શરીર નિર્બળ છે, જેઓનાં મન નિર્બળ છે, જેઓનામાં સત્યને ખાતર **સત્યને પડખે ઉભા રહેવાની હિમ્મત** નથી, તેવા ડરપોકથી, હે ગુરો ! કદાપિ જૈન ધર્મનો ઉદય થવાનો નથી. જૈન ધર્મ ક્ષત્રીયોનો છે, જૈન ધર્મ ક્ષત્રીય જેવા ટેકીલાનો છે, જૈન ધર્મ ' જીતનારા ' ઓનો છે, જૈન ધર્મ સત્યના ઉપાસકોનો છે. તે જૈન ધર્મ અત્યારે બે પૈસા વાસ્તે ધર્મને વેચનારાના હાથમાં આવ્યો છે. **તે ધર્મ આજે લોકપ્રિયતા ખાતર સત્યને વેચનારાના કબ્જામાં પડયો છે.** તે ધર્મ આજે રૂઢીના ગુલામોના સકંજામાં સપડાયો છે. તે ધર્મના સત્યસિદ્ધાંતોનો વ્યાવહારિક ઉપયોગ બહુ જ ઓછો જોવામાં આવે છે. સત્યના ઉપાસકો-શિરસાટે પણ સત્યને વળગી રહે એવા ઉપાસકો ગણ્યાગાંઠયા મળી આવશે. આ જ કારણુથી—ખરેખર આ જ કારણથી અમારી આ શોચનીય દશા થઈ છે. શ્રાવકોનો વાંક હોય તો **ખુલ્લા દિલથી** શ્રાવકોને બેધડક ઉપદેશ આપનારા સાધુઓ ક્યાં નજરે પડે છે? સાધુઓનો દોષ હોય તો તેમને શિખામણ આપી તેમને સાધુપણાના વર્તનમાં સ્થાપવા જેટલી હિમ્મત કયા જૈનમાં માલૂમ પડે છે? જ્યાં સ્થિતિ આવી છે, જ્યાં નૈતિક બળની ખામી છે, ત્યાં હે પ્રભો ! ઉદય શી રીતે થઇ શકે? " Reform the clergy, reform the laity. " સાધુઓને સુધારો, શ્રાવકોને સુધારો—સુધારો સુધારો—પણ કોણ કોને સુધારે અને તે શી રીતે એ પ્રશ્ન આવી ઉભો છે. આપે તો, હે પ્રભો ! મૌન જ ગ્રહણ કર્યું છે. શું આ સ્થિતિમાં આપની સલાહની—આપના કિમતી બોધની અમને જરૂર નથી? ખરેખર જરૂર છે, માટે હવે અમને આપનું નૈતિક બળ આપો, કે જેથી અમે પ્રથમ

અમારી **જાતને** સુધારીએ, અમે અમારા દુર્ગુણોને વશ ન થતાં તેમને 'ના' કહેતાં શિખીએ, અમે કોઇની સ્હેમાં ન તણાતાં અમારા **અંતઃકરણના અવાજને** માન આપતાં શિખીએ, જ્યારે અમે આ રીતે વર્તીશું, ત્યારે જરૂર અમારૂં મનોબળ ઘણું વધશે-જરૂર અમારી આત્મિક શક્તિઓ ઘણી ખીલશે. અને હે ગુરો! આપની સહાયથી-આપની કૃપાભરી દૃષ્ટિથી અમે અમારી જાતને સુધારી અમારા બંધુઓને સુધારવા મથીશું અને અમારા બંધુઓ અને અમે જ્યારે સુધર્યા ત્યારે ગુરૂવર્યોને સુધરવું જ પડશે; નહિ તો પછી કાળ પોતાનું કામ કર્યે જશે-અને ભવિષ્ય શું આવશે તે તો આપ સર્વજ્ઞ હોઈ સારી રીતે જાણો છો. કોઇપણ પ્રજા, કોમ કે ધર્મનો ઉદય થવો હોય તો તે પ્રજા, કોમ કે ધર્મના મનુષ્યોના ચારિત્ર (character) માં પ્રથમ સુધારો થવો ઘટે છે. હવે, **નાથ!** **બાહ્ય ક્રિયાઓ**થી કોઇપણ મનુષ્ય ધર્મી ગણાય એ સમય રહ્યો નથી.

ક્રિયાઓ—શુષ્ક ક્રિયાઓ—હૃદયના પ્રેમ વગરની ક્રિયાઓથી કોઇના જીવનનો ઉદ્ધાર થાય, એમ આ હૃદય તો માનતું નથી; જેઓ તેમ માનતા હોય તેમની આડે પણ આવતું નથી. ચારિત્ર એજ સર્વસ્વ છે. તેનું અનુપાલન એજ મનુષ્યના જીવનની કસોટી છે. આપ અમારાથી ઘણા દૂર વસો છો છતાં અમે આપને વારંવાર સંભારીએ છીએ તેનું કારણ આપના ગુણો છે—આપનું ઉચ્ચ **ચારિત્ર** છે. જે મનુષ્યમાં ઉચ્ચ ચારિત્ર નથી, તે ભલે ને મ્હોટી મ્હોટી ક્રિયાઓ કરે, મ્હોટી મ્હોટી માળાઓ જપે, પણ તેઓ હે પ્રભો! આપની દૃષ્ટિમાં કાંઇ હિસાબમાં ગણાતા નથી. હું સારી ક્રિયાનો નિષેધક નથી પણ **ચારિત્ર વિના**ની ક્રિયાઓ છાર ઉપર લિંપણ બરાબર છે, એમ તો મારૂં માનવું અવશ્ય છે. હે ગુરો! આવા વિચારો જણાવવામાં નૈતિક બળની જરૂર જોઇએ છે.

" મારા વિષે લોકો શું ધારશે ? મને કેવા કહેશે ? " જ્યાં સુધી એ ભાવના હૃદયમાં રમ્યાં કરે, ત્યાં સુધી સત્ય શી રીતે પ્રરૂપી શકાય ? ત્યાં સુધી સત્ય બેધડક શી રીતે જણાવાય ? હે **નાથ** ! અમારામાં આ બાબતનું નૈતિકબળ બહુ જ ઓછું છે, તે હવે અમને ધીરો, અમારા આત્માની શક્તિઓને સતેજ કરો, કે જેથી અમારા અંતઃકરણને ખરાં લાગતાં સત્યો જણાવી અમે આપની સેવા બજાવી શકીએ. હે **નાથ** ! આ વિચારોથી કોઇના વિરૂદ્ધ વિચારો હોય તો તેમાં કાંઇ દોષ નથી; કારણ કે દરેક મનુષ્યની બુદ્ધિમાં ભેદ હોવાનો સંભવ છે. ઘણા મનુષ્યો આવા વિચારના હોય છે. પણ તે **જણાવવાની** તેઓ હિમ્મત ધરતા નથી, એટલુંજ નહિ પણ જ્યારે કોઇ તે વિચારોને સ્થુળ રૂપમાં પ્રકટ કરે છે ત્યારે **હૃદય થી** તેને સત્ય તરીકે માનવા **છતાં બ્હારથી** તે વિચારોની **નિંદા** કરે છે. આવા ' અંતઃકરણના ચોર ' મનુષ્યો, હે **પ્રભો** ! આપના જૈનશાસનમાં અનેક છે. **અંતઃકરણને વેચનારાની** સંખ્યા કાંઇ ઓછી નથી. આ દોષ અભણ તેમજ ભણેલા બન્નેમાં માલૂમ પડે છે. અભણને વાસ્તે તો કાંઈ કહેવાનું નથી, પણ જેઓ હાથમાં દીપક લેઇ કુવામાં પડે છે તેવા બિચારા તો વિશેષ દયાને પાત્ર છે. હે **નાથ** ! તેવાની કુમકે ધાઓ અને તેમના અંતઃકરણમાં સત્યની જે ચિણગારી છે તેને પ્રજ્વલિત કરો. તે ચિણગારી કદાપી ઓલાવાની તો નથી જ, પણ અનુકુળ સંજોગો ન મળવાથી ઘણા વખત સુધી તેના પર પડલ આવી જાય છે. તે પડળને દૂર કરી અમારા–દરેક જૈનના–સાધુ કે શ્રાવકના હૃદયમાં, હે **નાથ** ! સત્યને જાહેર કરવાની હિમ્મત આપો, કે જેથી **અમે અમારી ભૂલો સુધારી શકીએ,** અને **અમે અમારા ઉદયનો માર્ગ ગ્રહણ કરી શકીએ.**

9–10–11.

જૈનોદય અને કેળવણી.

What joys, what glories round him wait,
Who bravely for his duty dies;
While with dishonest wounds shall Fate,
Pursue the coward as he flies.

HORACE.

કોઇ પણ કોમ, જ્ઞાતિ કે પ્રજાનો ઉદય કરવો હોય તો તેને વાસ્તે માર્ગ અનેક છે; પણ ખરો ઉદયનો માર્ગ તો તેજ કહી શકાય કે જે આપણી અવનતિનાં મૂળ કારણો શોધી તે નાશ કરવાનો રસ્તો બતાવે. આપણે વૃક્ષને ઉપરથી કાપી નાંખીએ, છતાં જમીનમાં રહેલાં મૂળીઆં યોગ્ય સંયોગો મળતાં ફરીથી સજીવન થાય છે, અને નવા રૂપમાં વૃક્ષને ઉત્પન્ન કરે છે, તેજ રીતે બાહ્ય સ્થિતિ સુધારવાને આપણે ગમે તેટલો પ્રચાર કરીએ, પણ જ્યાં સુધી તે હલકી બાહ્ય સ્થિતિને જન્મ આપનારાં કારણોનો નાશ કરી શકીએ નહીં, ત્યાં સુધી ખરી ઉન્નતિ થઇ શકે નહીં. અંદરથી પગ સડી ગયો હોય તેનું ચાંદુ મલમપટાથી રૂઝાય, પણ જ્યાં સુધી તે સડાનો નાશ કરવાને અંદરના ઉપચારોનો આશ્રય લેવામાં આવ્યો નથી, ત્યાં સુધી તે સડો કોઇને કોઇ રૂપમાં પ્રગટ થવાનો એ નિર્વિવાદિત સત્ય છે.

ઉપરના સિદ્ધાંતને ધ્યાનમાં લઇ આપણી હાલની સ્થિતિનું ખરૂં કારણ આપણે પ્રથમ શોધીશું, અને તે કારણ કેવી રીતે દૂર થઇ થઇ શકે તેને સારૂ યોગ્ય માર્ગ વિચારીશું.

આપણી અવનતિનાં ગમે તેવાં કારણો બતાવવામાં આવે, છતાં તે બધાં કારણોનું ખરૂં કારણ આપણી અજ્ઞાન દશા છે. આપણામાં યથાર્થ પ્રકારની કેળવણીની ખામી છે; આ વિચાર એકદમ સર્વના ધ્યાનમાં આવી શકશે નહીં, પણ જે વિચારશ્રેણિ આ લેખમાં સમજાવવામાં આવશે તે પર ધ્યાન આપી વિચાર કરનારને જણાશે કે સર્વ અનર્થોને દૂર કરવાનું સાધન ખરી અને સર્વાંગ કેળવણી છે.

આપણે પ્રથમ મનુષ્યનું બંધારણ તપાસીશું; તો આપણને સહજ જણાશે કે જેને આપણે મનુષ્ય કહીએ છીએ તે ચાર તત્ત્વોનો બનેલો છે. તે ચાર તત્ત્વો મનુષ્યનું શરીર, તેની ઇચ્છાવાસનાઓ, તેનું મન, અને તેનો આત્મા છે. એ ચાર તત્ત્વો સંપૂર્ણ રીતે કેળવાય, એ ચારે પુરેપુરી રીતે ખીલે તોજ તે સર્વાંગ કેળવણી કહી શકાય, અને તેવી કેળવણી લીધેલા મનુષ્યોની સંખ્યા જેમ જેમ દિનપ્રતિદિન આપણી કોમમાં વધતી જાય, તેમ તેમ આપણી ઉન્નતિનો સમય સમીપ આવ્યો છે, એમ માનવાને સબળ કારણો છે.

હાલમાં સ્કુલો તથા કૉલેજોમાં જે કેળવણી અપાય છે તે કેવળ મન તત્ત્વને ખીલવે છે, પણ બીજાં તત્ત્વોની કેળવણી ઉપર બીલકુલ લક્ષ અપાતું નથી, એમ કહીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. શરીરને કેળવીને મજબૂત દઢ અને નિરોગી બનાવવા તરફ, તેમજ નીતિવાન્, પરોપકારી, ઉદાર, અને તે સાથે ધર્મિષ્ઠ બનાવવા તરફ સ્હેજ પણ લક્ષ અપાતું નથી, અને અને તેથીજ લોકો કેળવાયા છતાં, અને ભણેલાની સંખ્યાની વૃદ્ધિ થયાં છતાં, ધારેલું ફળ મેળવવા આપણે ભાગ્યશાળી થતા નથી.

ઉપર જણાવેલાં ચાર તત્ત્વો બરાબર ખીલવવામાં આવે, તો તેથી કોમની સાંસારિક, આર્થિક, ધાર્મિક અને નૈતિક સ્થિતિ કેવી રીતે સુધરે તે દરેક તત્ત્વનો જુદો જુદો વિચાર કરી સમજાવવા આ લેખમાં પ્રયત્ન કરવામાં આવે છે.

મનની કેળવણી.

નિશાળોમાં અને પાઠશાળાઓમાં જો કોઈ પણ તત્ત્વને કેળવવા તરફ સ્હેજ પણ લક્ષ અપાતું હોય તો તે મન તત્ત્વ છે. કેળવણીનો ખરો ઉદ્દેશ મનની જુદી જુદી શક્તિઓને પ્રગટ કરવાનો છે. જે જે વિષયો શિખવાય છે તેનો એક ઉદ્દેશ જ્ઞાનની વૃદ્ધિ કરવાનો છે, પણ બીજો ઉચ્ચ ઉદ્દેશ મનની જુદી જુદી શક્તિઓ—સરખામણી કરવાની શક્તિ, સ્મરણશક્તિ, અનુમાન બાંધવાની શક્તિ, તર્ક કરવાની શક્તિ, સત્ય કાઢવાની શક્તિ, ન્યાય શક્તિ, વગેરે—ખીલવવાનો છે. કહેવાને અસંતોષ ઉપજે છે કે ઘણે ભાગે આ શક્તિઓ ખીલવવા તરફ વિદ્યાર્થીઓ બિલકુલ લક્ષ આપતા નથી, અને તે શક્તિઓ જેવા શિક્ષણથી ખીલે તેવા પ્રકારનું શિક્ષણ આપવા શિક્ષકો પણ પોતાની ફરજ અદા કરતા નથી, અને તેથી પરિણામ એ આવે છે કે કેવળ સ્મરણશક્તિ માત્ર ખીલે છે.

વિદ્યાર્થિઓ યથાર્થ સમજ્યા વિના અનેક બાબતો યાદ કરે છે; કેવી રીતે પરીક્ષા પાસ કરવી એજ વિદ્યાર્થિઓનો તેમજ તેમના શિક્ષકોનો મુખ્ય ઉદ્દેશ રહે છે. જેવી રીતે શરીરમાં અનેક પ્રકારના ખોરાકો જેમ તેમ ભરવામાં આવે, અને તેમને પચાવવા તરફ અને તેમનું લોહી બનાવવા અને તેથી શરીરને ખરૂં પોષણ આપવા તરફ કાળજી ન રાખવામાં આવે તો તે ખાધેલા ખોરાકનું અજીર્ણ થાય છે; અને તેનો ઘણો ભાગ નકામો થાય છે, તેજ રીતે પુસ્તકો વાંચી વાંચી

કેવળ સ્મરણ શક્તિ ઉપર બોજો મુકવામાં આવે, પણ તે વાંચેલા ગ્રન્થો ઉપર મનન કરી, નિદિધ્યાસન કરી, તેમને મનના એક ભાગ રૂપ ન બનાવવામાં આવે તો તે વાંચેલું ઘણે ભાગે નિષ્ફળ નિવડે છે. જેમ એક ટોપલીમાં પુષ્પો ભરવામાં આવ્યાં હોય, પછી તે ટોપલીને ખાલી કરી નાંખવામાં આવે, છતાં ફુલની સુવાસ કેટલોક સમય તે ટોપલીમાં રહી જાય છે, તે પ્રમાણે ઘણા વિદ્યાર્થિઓ મગજમાં સ્મરણશક્તિદ્વારા ભરેલા ગ્રન્થોના વિચારો પરીક્ષાના મંડપમાં કાગળ ઉપર ઠળવી નાંખે છે, અને જે બાકી રહે છે તે ફક્ત તેનો કાંઇક ઝાંખો ચિતાર માત્ર હોય છે. પરીક્ષા પછી થોડા જ દિવસે તે ગ્રન્થોમાંનો સ્હેજ પણ ખ્યાલ આપી શકવા અસમર્થ થતા ઘણા વિદ્વાનો આ લેખકની જાણમાં છે. આ બધાનું કારણ માત્ર એટલું જ છે કે ભણવાનો ઉદ્દેશ માત્ર પરીક્ષાઓ પસાર કરવામાંજ સમાયેલો તેમને ભાસ્યો હોય છે; અને તેથી ગમે તેવા પ્રકારે પરીક્ષાઓ પાસ કરી સર્ટીફીકેટ-ડીગ્રી મેળવવામાં જ તેમની કેળવણીની સમાપ્તિ થાય છે. આવી રીતે કેળવાયલા મનુષ્યો પોતાની કોમનો, ધર્મનો કે પોતાનો જ ઉદ્ધાર શી રીતે કરી શકે? આમ જ્યારે હું લખું છું ત્યારે મારા કેળવાયલા બંધુઓ ઉપર હું આક્ષેપ મુકવા માંગતો નથી; પણ મારો કહેવાનો ભાવાર્થ એ છે કે કેળવણીનો ઉદ્દેશ પરીક્ષા પાસ કરવી એજ હોવો જોઇએ નહીં. ઍરીથમેટીક અને ઍાલજીબ્રા ઘણા વિદ્યાર્થિઓને તદ્દન નીરસ અને કંટાળા ભરેલાં લાગે છે, અને વિદ્યાર્થિ જીવન પછીની જીંદગીમાં, સંસાર વ્યવહારમાં તેમને તે ઉપયોગી થઇ પડે નહીં, એવા વિચારથી તે તરફ તેઓ બેકાળજી રાખે છે, પણ માનસિક શક્તિઓ અને કેટલાક ઉમદા ગુણો ખીલ-

વવાનું સામર્થ્ય તે એ વિષયોમાં રહેલું છે, એ જો તેમને યથાર્થ રીતે સમજાવવામાં આવે તો હું ધારૂં છું કે ખચિત તેઓ તે વિષયો પર અધિક લક્ષ આપતા થશે. નિશાળોમાં તેમજ કૉલેજમાં જે વિષયો શિખવાય છે, તેઓ ઉત્તરકાળમાં સંસાર વ્યવહારમાં બહુ ઉપયોગી થઇ પડતા નથી, એ વાત ખરી છે, પણ તેમને શિખવવાનો ઉદ્દેશ તેમના ઉપયોગમાં રહેલો નથી, પણ મનની વિવિધ શક્તિઓ ખીલવવામાં રહેલો છે. માટે જ્ઞાનની સાથે મનની શક્તિઓ કેળવવા તરફ વિશેષ લક્ષ અપાતું જાય તોજ કેળવણીનો ઉચ્ચ ઉદ્દેશ સિદ્ધ થાય.

આવી રીતે કેળવાયલા મનુષ્યોને તમે ગમે તે વ્યાપારમાં ધંધામાં, હુન્નરમાં, ઉદ્યોગમાં રોકો તો મારી ખાતરી છે કે તેઓ પોતાની કેળવાયેલી મનશક્તિને લીધે બહુ જ થોડા સમયમાં તેમાં પ્રવીણતા મેળવશે, અને અભણ મનુષ્યો વ્યાપારદ્વારા જે ધન સંપાદન કરી શકે તેનાં કરતાં અધિક ધન તેઓ મેળવવા સમર્થ થશે. હાલનો સમય હરીફાઇનો અને રસાકસીનો છે; કેવળ શરીરબળથી વધારે ધન પ્રાપ્ત થઈ શકે તેવા સંજોગો હવે રહ્યા નથી. હવે તો બુદ્ધિબળવાળા જ વ્યાપારમાં ઉદ્યોગમાં, તથા હરેક ખાતામાં ફાવી શકે છે, તો પછી જેની માનસિક શક્તિઓ ખીલેલી છે, તેવા વિદ્વાનો પોતાની બુદ્ધિ વ્યાપારમાં ફેરવે તો ઘણા જુજ સમયમાં તેઓ સારૂં ધન મેળવી શકે, તેઓ પોતાના બુદ્ધિબળથી નવા નવા હુન્નરો શોધી કાઢી શકે, અને તે હુન્નરોમાં પોતાના નિરાધાર જાતિભાઇઓને વળગાડે, અને આ પ્રમાણે પોતાની તથા કોમની આર્થિક સ્થિતિ સુધારવામાં તેઓ ઘણો અગત્યનો ભાગ બજાવી શકે.

જૈનધર્મનું તત્ત્વજ્ઞાન ઉચ્ચ પ્રકારનું છે, એમ આપણે મગરૂબી

સાથ જણાવીએ છીએ; અને વિદ્વાન્ ઉપદેશકો—સાધુઓ આપણને વ્યાખ્યાનો દ્વારા અહર્નિશ બોધ આપે છે, છતાં આપણા જીવન વ્યવહાર અને આચાર વિચાર ઉપર તે બોધની અસર થતી નથી તેનું કારણ શું ? કારણ શોધવાને દૂર જવું પડે તેમ નથી; તેનું ખરું કારણ યથાર્થ જ્ઞાનની ખામી છે.

આપણે કર્મ અને પુનર્જન્મના નિયમને કબુલ કરીએ છીએ, 'કરીશું તેવું પામીશું,' અને 'વાવીશું તેવું લણીશું' એવાં વાક્યોનો ઉચ્ચાર કરીએ છીએ, 'ધર્મ કરશે તે સુખી થશે, અને પાપનું ફળ બુરૂં છે,' એવી વાતો કરીએ છીએ, છતાં આપણાં વર્તન ઉપર તેની અસર થતી નથી. અને આપણે તે સિદ્ધાંતોને બીલકુલ માનતા ન હોઇએ, તેવું વર્તન રાખીએ છીએ, તેનું ખરૂં કારણ એકજ છે. તે કારણ એ છે કે તે સિદ્ધાંતોનો આપણને યથાર્થ અનુભવ થયેલો નથીઃ તે સિદ્ધાંતોનું રહસ્ય આપણે યથાર્થ સમજતા નથી. જો કે આપણે કબુલ કરતાં આંચકો ખાઇશું છતાં કહેવું પડે છે કે તે સિદ્ધાંતો ખરા જ છે. એવો દૃઢ નિશ્ચય હજુ આપણને થયેલો નથી. આમ નહી થવાનું કારણ આપણી બુદ્ધિની મંદતા છે, સત્ય ગ્રહણ કરવાની માનસિક શક્તિની ખામી છે. માટે આ સ્થળે પણ માનસિક કેળવણી પામેલા નરોની ખાસ જરૂર છે. જો તેઓ જૈન તત્ત્વજ્ઞાન યથાર્થ સમજે, અને દરેક સદ્‌ગુણ કયા ધર્મના ઉચ્ચ સિદ્ધાંત પર આધાર રાખે છે, તેનો તેમને પુરેપુરો ખ્યાલ આવે તો તેની પુરેપુરી શ્રદ્ધા થાય, અને તે શ્રદ્ધા જ તેમને સત્કાર્યો કરવાને પ્રેરી શકે. માટે મનુષ્યો સત્કાર્ય કરવાને દોરાય તેને વાસ્તે ધર્મનાં તત્ત્વોનો બુદ્ધિપૂર્વક ખુલાસો મળવાની ખાસ જરૂર છે; અને તે

બુદ્ધિપૂર્વક આપેલો ખુલાસો પણ યથાર્થ સમજનારા ભણેલા છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ધર્મનાં તત્ત્વો યથાર્થ સમજવાને પણ માનસિક કેળવણી પામેલા વિદ્વાનોની ખાસ જરૂર છે. તેઓ જો ધર્મનો બરાબર અભ્યાસ કરે તો તેમનું વર્તન ઉચ્ચ પ્રકારનું થયા વિના રહે જ નહીં; અને સામાન્ય વર્ગ ભણેલા તરફ માનદૃષ્ટિથી જુએ છે, તેથી સામાન્ય વર્ગ પણ ભણેલાનું ઉચ્ચ વર્તન જોઇ તેવા પ્રકારે વર્તવાને દોરાશે. આ રીતે માનસિક કેળવણીથી વર્તન ઉચ્ચ પ્રકારનું થશે; અને જે કોમના મનુષ્યોનું વર્તન ઉચ્ચ પ્રકારનું થયું તેનું ભવિષ્ય ચળકતું થાય એ નિર્વિવાદિત છે.

શારીરિક કેળવણી.

શરીર જેમ ધર્મનું પ્રથમ સાધન છે, તેમ મનનું પણ પ્રથમ સાધન છે. મનુષ્ય ગમે તેવો વિદ્વાન્ હોય, ગમે તેવો સદાચારી અને ઉચ્ચ ભાવનાવાળો હોય પણ જો શરીરે અશક્ત અને નિર્બળ હોય તો તે પોતાનું કે કોમનું હિત સાધી શકતો નથી. હૃદય અને મગજ હોય, પણ પગ વિના માણસ ચાલી શકે નહીં, અને તેથી હૃદય અને મગજ પોતાનાં કાર્ય કરી શકે નહીં, તેજ રીતે મનુષ્યોની ઉચ્ચ ભાવનાઓ, અને કોમનું શ્રેય કરવાના સદ્વિચારો શરીર સામર્થ્યના અભાવે હૃદયમાં જ ઉદ્ભવ પામી, હૃદયમાં જ વિરામ પામે છે. જેટલું મનને કેળવવા તરફ હાલમાં લક્ષ અપાય છે તેનું શતાંશ પણ શરીર કેળવવા તરફ અપાતું નથી, એ જોઇ કોના હૃદયમાં શોક ઉત્પન્ન નહીં થાય ? શરીર અને મનની વૃદ્ધિ થવાનો સમય એક જછે; માટે જ બાળપણથી મનની કેળવણી આપવાની સાથે કસરતદ્વારા અથવા શરીરને મજબૂત બનાવનારાં બીજાં સાધનોદ્વારા

શરીરને કેળવવાની જરૂર છે, માટે જ્યાં જ્યાં આપણી પાઠશાળાઓ, સ્કુલો હોય ત્યાં ત્યાં શરીર કેળવાય એવાં કસરતનાં યોગ્ય સાધનો પુરાં પાડવાની જેટલી જરૂર વિચારીએ તેટલી ઓછી છે. ડોક્ટર કેલહોગ લખે છે કે " Weaker and wiser the world is growing " દુનિયા દિનપ્રતિદિન વધારે ડાહી, પણ સાથે વધારે નિર્બળ થતી જાય છે. પૂર્વના જમાનાના પુરૂષોએ મેળવેલા જ્ઞાનમાં આપણા અનુભવ જ્ઞાનનો ઉમેરો કરીએ તો આપણા જ્ઞાનની વૃદ્ધિ થાય, પણ શરીરની બાબતમાં તો ડોક્ટર કેલહોગના શબ્દો આપણી જૈન કોમને યથાર્થ લાગુ પડે છે. જે સમયે આપણો જુવાન વર્ગ મજબૂત અને બલિષ્ઠ દેખાવો જોઇએ, અને જે સમયે શરીર ઉપર જુવાનીનું નુર ઉછાળા મારતું જણાવું જોઇએ તે ભરજુવાનીના સમયમાં બેસી ગયેલાં ડાચાં, નિસ્તેજ આંખો, અને સુકું અને પીળું પડી ગયેલું વદન અને શરીર જોઈ કોની આંખમાં આંસુ નહીં આવે? શારીરિક સ્થિતિ તદ્દન દયાજનક છે, માટે તે સુધારવાને સત્વર ઉપાય લેવાની જરૂર છે. જ્યારે ઇંગ્લંડમાં મી. મોરલી, સર હેનરી બેનરમેન, અને લોર્ડ રીપન જેવા સ્વદેશહિતચિન્તકો ૭૦ ને ૮૦ વર્ષની વયે મોટા રાજ્યકારભારોને બહુજ સત્ત્વ સાથે ચલાવી શકે ત્યારે આપણા ૪૦ અને ૨૦ વર્ષના મનુષ્યો તદ્દન નિઃસત્ત્વ અને કામ કરવાની શક્તિ વગરના જણાય, તે ખરેખર આપણી અધોગતિનું એક મોટું કારણ છે. શરીર સંપત્તિની બેકાળજી રાખવામાં આપણે ભર નિદ્રામાં સૂઇ રહ્યા છીએ, માટે જાગ્યા ત્યાંથી સવાર ગણી હવે એક ક્ષણ પણ આ કામમાં વિલંબ કરવાની જરૂર નથી. નાશ પામેલું શરીરબળ પાછું મેળવવું એ કામ સરલ નથી; માટે કુંભકરણની ઘોર નિદ્રામાંથી હવે જાગીને જૈન કોમની વિનાશ પામતી

શારીરિક સ્થિતિને ફરીથી ચેતનમય કરવાની બહુ જ જરૂર છે. શારીરિક ઇમારતને તોડી નાંખવામાં બાળલગ્ને પણ કાંઇ ઓછો ભાગ ભજવ્યો નથી, પણ તે સાથે આરોગ્યતાના નિયમોનું અજ્ઞાન પણ શરીરની નિર્બળતા લાવવામાં કેટલેક અંશે કારણ છે. પણ બાળલગ્નના વિષયને આ લેખમાં અમે ચર્ચવા માંગતા નથી; તેમજ આરોગ્યતાના નિયમોનો પણ માત્ર ઉલ્લેખ કરી અટકીએ છીએ, પણ શરીરને મજબૂત બનાવવામાં કસરતની જે જરૂર છે તેના ઉપર વિશેષ ભાર મૂકીએ છીએ. આપણા જૈન બાંધવોના હાથમાં કેળવણીની કેટલીક સંસ્થાઓ છે, ત્યાં શરીરને કેળવવાની પ્રથા દાખલ કરવાની પ્રથમ જરૂર છે. શરીરે સારી રીતે કેળવાયેલા મજબૂત બાંધાના વિદ્યાર્થિઓ જેમ જેમ તે સંસ્થાઓમાંથી બ્હાર પડતા જશે, તેમ તેમ શરીરબળનો લાભ દેખી બીજાઓ પણ પોતાના બાળકોના શરીરને કેળવવા તરફ લક્ષ આપવા દોરાશે. આપણી જૈન કોમ વર્ષ દિવસે ડોક્ટરોના બીલ રૂપે કેટલા રૂપૈયા ખર્ચે છે, તેનો કોઇ દિવસ આપણે વિચાર કર્યો છે ? જો સ્હેજ પણ વિચાર કર્યો હોય તો તે ડોક્ટરોના બીલ પાછળ ખર્ચાતા રૂપૈયાના સદુપયોગ કરવાનું ઉત્તમોત્તમ સાધન કસરતખાનાં જુદે જુદે સ્થળે ખોલવાનું છે.

સ્ટેશનથી ઘર સુધી ગાડી સિવાય ચાલી શકાય નહીં દશ શેરનો ભાર પણ એક માઇલ સુધી આપણે ઉચકી શકીએ નહીં, એ આપણી કોમળતા—કોમળતા નહીં પણ નિર્બળતાનો આપણને જરાપણ વિચાર આવતો હોય, તેમજ સ્હેજ સ્હેજ બાબતમાં આપણને જે માંદગી ભોગવવી પડે છે, અને તે નિમિત્ત ધનનો વ્યય કરવા ઉપરાંત આપણા સગાં સ્નેહીઓને જે શ્રમ આપવો પડે છે, તે તરફ

આપણું જરા પણ લક્ષ દોરાતું હોય તો હવે વિલંબ કર્યા સિવાય આ કસરતખાનાં ખોલવાનું કામ ઉપાડી લેવું જોઇએ છે. ઇંગ્લાંડ અને જર્મનીમાં એવું એક પણ શહેર નથી, બલ્કે એવું એક પણ નાનું ગામ નથી જ્યાં ત્યાંની વસ્તીના છોકરાઓના તેમજ પુખ્ત ઉમરના મનુષ્યોનાં શરીર કેળવવાને યોગ્ય કસરતખાનું ન હોય. કેટલાક મોટાં શહેરોમાં તો દશથી પંદર જેટલાં કસરતખાનાં માલૂમ પડે છે. માટે આપણે આપણી ફરજો યથાર્થ બજાવી શકીએ, અને આપણા ઉચ્ચ વિચારો અને આશયોને અમલમાં મૂકી શકીએ તે સારૂ જોઇતી શરીર સંપત્તિ મેળવવાને કસરતખાનાં ખોલવાની ખાસ આવશ્યકતા છે.

નૈતિક કેળવણી.

આપણી અંદર અનેક પ્રકારની હલકી અને ઉચ્ચ વાસનાઓ, ઇચ્છાઓ અને વિકારો રહેલા છે. હલકી વાસનાઓ, ઇચ્છાઓ અને વિકારો નાશ પામે, અને ઉચ્ચ વાસનાઓને પોષણ મળે તેવા પ્રકારનું જે જ્ઞાન આપવામાં આવે તેને નૈતિક કેળવણી કહે છે. વળી તે સાથે આપણા પિતા, માતા, સ્ત્રી, પુત્ર, ભાઇ, સ્વજન કોમ અને ધર્મ પ્રત્યે આપણી શી શી ફરજો છે, આપણા શા શા ધર્મો છે તે બતાવનાર પણ નૈતિક કેળવણી છે. કેવળ મનુષ્યો તરફ નહીં પશુ પંખી અને છેવટ વનસ્પતિ પ્રતિ પણ આપણી ફરજોનું ભાન કરાવનાર નીતિનો બોધ છે.

આ બોધ આપનાર શિક્ષકનું વર્તન બહુ જ ઉચ્ચ પ્રકારનું હોવું જોઇએ, એ લખ્યા વિના પણ સમજાય તેમ છે. કારણકે નીતિ બુદ્ધિ કરતાં હૃદય સાથે વધારે નિકટનો સંબંધ ધરાવે છે. આટ

હૃદયથી આપેલો બોધ હૃદયને અસર કરે. પણ જે મનુષ્ય પોતાના કથન પ્રમાણે વર્તતો હોય તેજ મનુષ્ય હૃદયથી બોધ આપી શકે; માટે આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે નીતિનો બોધ આપનાર ઉત્તમોત્તમ સંસ્કારી, અને વિચાર પ્રમાણે આચારવાળો હોવો જોઇએ. જે સદ્ગુણોનો આપણે નીતિમાં સમાવેશ કરીએ છીએ, તે સર્વ સદ્ગુણોનું મૂળ પ્રેમ (Love) છે. અને જે મનુષ્ય વિષે એમ કહી શકાય કે 'તે જગતનું કલ્યાણ કરવા તત્પર છે' તેજ મનુષ્ય નીતિની પરાકાષ્ઠાએ પહોંચેલો ગણી શકાય. જેને બીજાના આત્મા ભણી પ્રેમ છે તેજ બીજાનું કલ્યાણ કરી શકે. એ પ્રેમના–એ લોકોનું કલ્યાણ કરવાની વૃત્તિના–અભાવેજ આપણી સાંસારિક સ્થિતિ તદ્દન અધમ બનેલી છે, તેનો પાયો સડેલો ભાસે છે; અને હાનિકારક રીવાજોરૂપી કીડાએ તે સાંસારિક સ્થિતિના વૃક્ષને અંદરથી કોતરી નાંખ્યું છે. ઉપરના સિદ્ધાંતના સત્યને બે ત્રણ ઉદાહરણ આપી સિદ્ધ કરીએ.

પ્રથમ બાળલગ્નનો વિચાર કરીએ. જો પિતાને પોતાના પુત્ર ઉપર ખરો પ્રેમ હોય, જો તે તેનું કલ્યાણ કરવા ઇચ્છતો હોય, તો જે લગ્નથી પોતાના પુત્રની શારીરિક સ્થિતિ નબળી પડે, તેના અભ્યાસમાં ખલેલ પહોંચે, તેની ઉગતી આશાઓ છેદાઇ જાય, અને ભર જુવાનીમાં વૃદ્ધ જેવો થઇ જાય, તેવું લગ્ન કદાપિ તે કરે, અથવા કરવાની સંમતિ આપે? પણ અફસોસની વાત એ છે, કે તે પોતાના પુત્ર પ્રતિની પોતાની ફરજ સમજતો નથી; અને ખાલી પોતાની વાહવાહને સારૂ, અને લ્હાવો લેવાના હેતુથી પોતાના નિરપરાધી બાળકને ગળે બાળપણમાં એક જોતરૂં વળગાડે છે. આ પિતાનો એક પ્રકારનો સ્વાર્થ

છે; જ્યાં સ્વાર્થ છે, ત્યાં પ્રેમનો અભાવ છે. અને જ્યાં પ્રેમ નથી ત્યાં નીતિ નથી. માટે નીતિના અભાવેજ આ મોટામાં મોટો દુષ્ટ રીવાજ આપણામાંથી નીકળતો નથી.

હવે કન્યાવિક્રયનો વિચાર કરીએ. જો પિતા પોતાની પુત્રી તરફની પોતાની ફરજ સમજતો હોય, જો પોતાની પુત્રી પ્રતિ તેને સ્હેજ પણ પ્રેમ કે રહેમ નજર હોય, તો પછી તે ધનની ખાતર–પોતાના અંગત સ્વાર્થની ખાતર–પોતાની નિર્દોષ બાળાને ગમે તેવા વૃદ્ધ, અભણ અને નિર્બળ વરને સોંપવાની.મૂર્ખાઇ બતાવે ખરો ? ખરેખર ઉચ્ચ ભાવનાનો, પ્રેમનો, કર્ત્તવ્ય સમજવાની બુદ્ધિનો અભાવ છે; અને જ્યાં આ સર્વનો અભાવ છે, ત્યાં નીતિ હોઇ શકેજ નહીં. માટે નીતિના અભાવેજ આ દુષ્ટ રીવાજે ઘર ઘાલ્યું છે, અને તે નીતિના અભાવે **અહિંસા પરમો ધર્મઃ** એમ સૂત્રને મુખેથી વદનારા જૈનો એક કસાઇ જેવું ઘાતકી કૃત્ય કરવા દોરાય છે.

હવે વૃદ્ધ વિવાહનો જરા વિચાર કરીએ.

જો પરણવાની ઇચ્છા રાખનાર વૃદ્ધમાં જરા પણ પ્રેમ હોય, જો પોતાની કોમ પ્રત્યે પોતાનું શું કર્ત્તવ્ય છે તે જરા પણ સમજતો હોય, તો પછી પોતાના સ્હેજ સ્વાર્થી સુખ ખાતર અનાથ બાળાનો આખો ભવ બગાડવાનું અધમ કામ કરવા કદાપિ પણ હીંમત ધરશે નહીં. પોતાના ક્ષણિક સુખ સારૂ કોઇની આખી જીંદગી ધૂળમાં રગદોળવી એ કેવા પ્રકારની નીતિ હોઇ શકે ? તે અમને સમજાતું નથી. ખરેખર નીતિનાજ અભાવે આ સર્વ હાનિકારક રીવાજોને પોષણ મળ્યું છે, અને જ્યાંસુધી નીતિની ઉચ્ચ ભાવનાઓ કોમમાં ફેલાશે નહીં ત્યાં સુધી બાહ્ય ગમે તેટલા ઉપચારો કરવામા આવે તો પણ તેનાથી ઝાઝો લાભ થવાનો નથી.

રસ્તામાં પડેલું એક લંગડું કુતરૂં જોઇ આપણી આંખમાં આંસુ આવે છે, અને તેને કોરાણે મુકાવીએ છીએ, અને તેને દવા વગેરેથી ઉપચાર કરવા પણ આપણું મન તલસે છે; છતાં કોઇ દુરાચારી મનુષ્યને જોઇ આપણે તેના તરફ ધિક્કારની નજરથી જોઇએ છીએ. શું તે દુરાચારી મનુષ્ય પણ નીતિની અપેક્ષાએ લંગડો નથી? શું એક લંગડા કુતરા તરફ દયા બતાવનાર આપણે જૈનો એક માનવ બાંધવ તરફ દયા બતાવતાં પાછાં હઠીશું? શું તે પંચેન્દ્રિય જીવ નથી? શું તે આપણી દયાને પાત્ર નથી? પશુ આપણા સ્વાર્થને વિરોધ કરનારૂં નથી, માટે આપણે તેની તરફ દયા બતાવીએ, પણ મનુષ્ય તો આપણા સ્વાર્થની વચ્ચે આવે છે, માટે દયા બતાવતા નથી. આ શું ખરી દયા છે? આપણે દયાના પવિત્ર નામને આપણા વર્ત્તનથી કલંકિત કરીએ છીએ. કોઇ પણ ધર્મ ઉચ્ચ છે કે હલકો છે તેનો ખ્યાલ, બીજાં મનુષ્યો, તે ધર્મની તેના પાળનારાના વર્ત્તન ઉપર તથા તેના જીવન વ્યવહાર ઉપર શી અસર થાય છે, તેના ઉપરથી બાંધે છે. જો વર્ત્તન ઉચ્ચ પ્રકારનું હોય તો જે ધર્મને લીધે તેવું ઉચ્ચ પ્રકારનું વર્ત્તન રાખવાને તેઓ દોરાયા તે ધર્મ પણ ઉચ્ચ પ્રકારનો હશે, એમ સહેજ બીજા માની શકે છે. માટે આપણને જો આપણા ધર્મનું અભિમાન હોય, આપણો ધર્મ ઉચ્ચ છે એવી આપણને શ્રદ્ધા હોય તો પછી આપણા ઉચ્ચ વર્ત્તનથી આપણે તેની ઉચ્ચતા પુરવાર કરી આપવી જોઇએ. આપણા વર્ત્તન ઉપર આપણા ઉચ્ચ ધર્મની અસર ન થાય, અને આપણે પામર મનુષ્યની માફક આપણું વર્ત્તન રાખીએ તો પછી આપણો ધર્મ ઉચ્ચ છે એમ કહેવાને આપણી પાસે કાંઇ પણ સાધન નથી. જો જૈન ધર્મની ઉચ્ચતાની બીજા પર છાપ પાડવી હોય, અને બીજાઓને જૈન તત્ત્વજ્ઞાન તરફ દોરવા

પ તો ઉત્તમોત્તમ માર્ગ એજ છે કે તે ધર્મ પાળનારાઓએ પોતાનું
નિ ઉચ્ચ પ્રકારનું અને નીતિવાળું રાખવું. બાકી ધર્મના સિદ્ધાંતોની
ચતા પોપટની માફક કહી જવાથી કોઇ પણ મનુષ્ય પર તમે અસર
ી શકવાના નથી, એ નિઃસંશય છે. જો દયા ધર્મનો ઝુંડો ફરકાવ-
રા જૈનો પોતાની દીકરીઓને કસાઇની માફક વેચે, પોતાના પુત્રોને
ળલગ્નના ઉંડા કુવામાં હડસેલી મૂકે, પોતાના સ્હેજ સ્વાર્થ સારૂ
નાથ બાળાઓને વિધવા બનાવવાનું ઘોર કૃત્ય કરે, કોર્ટમાં જુઠું
લે, અન્યાયથી ધન પેદા કરે, જુઠી સાક્ષી પુરે, અને ખોટા ધર્મના
ગન ખાય; તો પછી તે દયા કયાં રહી? અને આપણે બીજાને તે
નો શી રીતે બોધ આપી શકીએ? માટે વર્ત્તન નીતિવાળું રાખવું
દરેક જૈનનું પરમ કર્ત્તવ્ય છે.

નીતિનો પાયો ધર્મ છે. ધર્મ એ નીતિને પોષણ આપનાર
મ બળ છે. સામાન્ય મનુષ્યોને વાસ્તે નીતિના માર્ગો બતાવેલા
છે, પણ તેનું રહસ્ય ધર્મના સિદ્ધાંતોમાં રહેલું છે. ધર્મ

ાર્મિક
ળવણી.

સિવાય નીતિ ટકી શકે નહીં. નીતિ કહે છે કે 'સાચુ
બોલવું;' 'ચોરી કરવી નહીં,' પણ શા સારૂ સાચું
બોલવું? શા સારૂ ચોરી ન કરવી? તે કેવળ નીતિ સમ-
ી શકે નહીં. તે સમજાવનાર તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન જણાવે છે કે સર્વ
ત્માઓ સરખા છે. આપણું કોઇ ચોરી જાય તો આપણને દુઃખ
ય છે, તેજ રીતે આપણે પરધન હરણ કરીએ તો તે પરને દુઃખ
ય; માટે ચોરી કરવી નહીં; વળી ચોરી કરતાં પહેલાં તત્સંબંધી
ચાર થાય છે, તેથી મન મલિન થાય છે, અને મલિન મનમાં
ત્માનો પ્રકાશ આવી શકે નહીં, તેથી જ્ઞાનનું આવરણ થાય છે.

ાવી આવી રીતે તત્ત્વ સમજાવી ચોરી નહીં કરવાનો બોધ તત્ત્વ-
ન આપે છે. જો તેવી રીતે ધર્મનું શિક્ષણ આપવામાં આવે.
મજ ધર્મની જે દરેક ક્રિયા કરવામાં આવે છે, તે કરવાનો આશય
છે, તે સમજાવવામાં આવે, તો લોકો ઘણા થોડા સમયમાં નીતિ-
ળા થાય, અને ધર્મની ક્રિયાઓ જે ભાવ વિના ખાલી બોજારૂં
માન ભાસે છે, તેમને નવું ચૈતન્ય મળે. ભાવથી કરેલી ક્રિયાઓ
ાયને શુદ્ધ બનાવે છે; માટે આ રીતે હૃદય પણ શુદ્ધ થાય; કેવળ
મજાવ્યા સિવાય સૂત્ર મોઢે ગોખાવવાથી ઇચ્છિત લાભ થયો નથી,
ને ભવિષ્યમાં થવાની આશા રાખવી વ્યર્થ છે. હાલમાં જે સારીઓ
ાર પડે છે, તેમાં કેટલેક અંશે આ વિચાર ધ્યાનમાં રાખી પાઠો
બવામાં આવેલા છે, છતાં તત્ત્વજ્ઞાન અને નીતિનો શો સંબંધ તે
બંધમાં વધારે પ્રકાશ પાડવાની જરૂર છે. કારણ કે જે તત્ત્વજ્ઞાન નીતિ
પોષે નહીં, તે તત્ત્વજ્ઞાન બહુ લાભકારી ગણી શકાય નહીં. માટે
ા સવાલ ઉપાડી લેવા મારા વિદ્વાન્ બંધુઓને હું ભલામણ કરૂં છું.

આવી રીતે શારીરિક, માનસિક, નૈતિક અને ધાર્મિક કેળવણી
ળકોને આપવામાં આવે તો મને ખાત્રી છે કે ઘણા થોડા સમયમાં
ાપણી કોમમાંથી કેટલાક સ્વાર્થભોગ આપનારા હીરા ઝળકી
ાવે, જેઓ કોમનો ઉદ્દય અલ્પ સમયમાં કરી શકે. પરમાત્મા પ્રત્યે
ર્થના છે કે મારા જૈન બંધુઓ આ વિચારોની સત્યતા અનુભવી
પ્રમાણે વર્તવાને દોરાય.

આ લેખકે રચેલાં બીજાં ઉપયોગી પુસ્તકો.

બુદ્ધદર્શન.—ધર્મ અને નીતિ વચ્ચેનો વિરોધ કેવી રીતે ટળી શકે, અર્થાત્ નીતિના નિયમોનો તત્ત્વજ્ઞાન સાથે કેવો સંબંધ છે, તે આ પુસ્તકમાં વર્ણવવામાં આવ્યું છે; તથા આત્માના ત્રણ સ્વરૂપો સદ્, ચિદ્ અને આનંદ (બીજા શબ્દોમાં કહીએ તો-શક્તિ, જ્ઞાન અને પ્રેમ) ખીલવવાને જરૂરના સાત ગુણો દાન, શીલ, ક્ષમા, વૈરાગ્ય, વીર્ય, ધ્યાન અને જ્ઞાનનું દાખલા દલીલો સાથે વર્ણન કરવામાં આવ્યું છે. આ પુસ્તક વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે તથા સરકારી કેળવણી ખાતાએ લાયબ્રેરી માટે મંજુર કર્યું છે. કીંમત કાચું પુંઠું ૭ આના; પાકું પુંઠું આઠ આના.

શ્રી બુદ્ધચરિત્ર. (પાંચમી આવૃત્તિ) વિશ્વવત્સલ દયામૂર્તિ શ્રી બુદ્ધ મહાત્માનું જીવન ચરિત્ર તેમના સિદ્ધાંતો તથા શિક્ષણો સાથે આ ગ્રન્થમાં આપવામાં આવ્યું છે. દુનિયાની વસ્તીનો $\frac{1}{3}$ ભાગ પ્રાતઃકાળમાં ઉઠીને જે મહાત્માના નામનું સ્મરણ કરે છે તેમનું 'દયા' અને 'આત્મ સંયમ 'નો ઉમદા પાઠ શીખવનાર જીવનચરિત્ર અતિ રસિક અને બોધપ્રદ શૈલિએ રચવામાં આવ્યું છે. પૂર્વના તેમજ પશ્ચિમના અનેક વિદ્વાનોના ગ્રન્થોને આધારે બહુજ કાળજીપૂર્વક લખવામાં આવ્યું છે. વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ તથા સરકારી કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું છે. કિંમત ૧૦ આના.

શ્રી બુદ્ધોપદેશ. આ પુસ્તકમાં શ્રીબુદ્ધધર્મના લોકપ્રિય અને પ્રસિદ્ધ

ગ્રન્થ ધમ્મપદનું ભાષાંતર આપવામાં આવ્યું છે. તેની સાથે શ્રી બુદ્ધધર્મનાં વિવિધ શિક્ષણો આપવામાં આવ્યાં છે. વળી જેના સમયમાં હિંદનો સૂર્ય મધ્યાકાશમાં પ્રકાશતો હતો, તે પ્રતાપી બૌદ્ધ રાજા મહાન્ અશોકના શિલાલેખોનું ભાષાંતર આપવામાં આવ્યું છે. બીજી આવૃત્તિ કીંમત ૬ આના.

થિઓસોફીનાં મૂળ તત્ત્વો. સાદી અને સમજાય તેવી ભાષામાં બ્રહ્મ વિદ્યાનાં શિક્ષણો જનસમાજ આગળ રજુ કરવાનો આ પ્રયત્ન છે. તેમાં નીચેનાં વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. થિઓસોફી, પુનર્જન્મ, કાર્યકારણનો નિયમ, જીવાત્માનો વિકાસક્રમ, દેહી અને તેના દેહો, પ્રાણમય કોષ, વાસના શરીર, માનસિક શરીર, ઉચ્ચ શરીરો, મરણ પછીની સ્થિતિ, સ્વર્ગલોક, ભ્રાતૃભાવ વગેરે. કીંમત ૫ આના.

પ્રભુને નામે તથા મહાત્માનું હૃદય. આ પુસ્તકમાં સત્ અસતનો ભેદ બતાવવામાં આવ્યો છે, તેની સાથે ઈશ્વરીયોજના અથવા ઉન્નતિનો ક્રમ બતાવીને ઈશ્વરીયોજનાને દોરનારા મહાત્માઓના શિષ્ય કેવી રીતે થવાય તેનો માર્ગ અનુભવપૂર્વક બતાવવામાં આવ્યો છે. વળી મહાત્માના હૃદયમાં કેવા ગુણો વિલસી રહ્યા છે, તેનું વર્ણન મહાત્માના હૃદયમાં મળી આવે છે. કિંમત માત્ર ૩ આના.

આદર્શ પુરૂષ યાને ગુરૂ મેળવવાનો માર્ગ. જેમને આપણે જીવનમુક્તો કહીએ છીએ તેવા મહાત્માઓ આ સમયે પણ વિશ્વમાં વસે છે, અને યોગ્ય અધિકારીઓને પોતાના શિષ્યો તરીકે સ્વીકારે છે. "ઉઠો જાગ્રત્ થાઓ, મહાત્માઓને શોધી કાઢો અન જ્ઞાન મેળવો" એ કઠોપનિષદનું વાક્ય આજે પણ ખરૂં છે. તેવા ગુરૂઓનું સ્વરૂપ અને તેમની સાથે સંબંધમાં

આવવા ઇચ્છનારે કયા ગુણો ખીલવવા જોઇએ તથા પોતાનાં જુદાં જુદાં શરીરો કેવી રીતે શુદ્ધ કરવાં જોઇએ તે વગેરે આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે. પૃષ્ઠ ૧૨૦ કિંમત માત્ર ૬ આના.

બીજા પુસ્તકો.

અર્હન્નીતિ	૧-૮-૦
જ્ઞાનદીપક	૦-૩-૦
મહાન્ ગુરૂનો પ્રસાદ	૦-૨-૦
જૈન લેખમાળા	૦-૮-૦
લેખ સંગ્રહ	૦-૪-૦
જૈન વૈરાગ્ય શતક	૦-૦-૬
આત્મનિરીક્ષણ	૦-૦-૩
સુબોધચંદ્ર	૦-૮-૦
આત્મપ્રદીપ	૦-૮-૦
ધર્મબિન્દુ	૨-૦-૦
સ્ત્રીકેળવણી	૦-૨-૦
ગુરૂ નાનકનું ચરિત્ર	૦-૧-૦
સ્વરશાસ્ત્ર	૦-૪-૦
પ્રભુમય જીવન	૦-૧૦-૦
દયાનો ઝરો	૦-૪-૦
ભગવદ્ગીતા અધ્યયન	૦-૧૨-૦
થિઓસોફી લેખમાળા	૧-૦-૦
ભાગ ૧; પાકા પુંઠાનું	૧-૮-૦

એક આના સીરીઝ

યોગમાર્ગના ભોમીઓ.
મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં
મરણ પછીની સ્થિતિ
જગદ્ગુરૂનું આગમન
પૂર્વના તારાનું મંડળ
સેવાનો માર્ગ
મહાત્માનું હૃદય
જૈનધર્મ
શાંતિનું સ્થળ
ચારિત્ર રચના
થિઓસોફી સંબંધી બે બોલ
મરણ પાછળ રડનારને સંબોધન.
ઉચ્ચજીવનનું અઠવાડિયું
સુખની શોધ.

મણીલાલ ન. દોશી.
રતનપોળ; અમદાવાદ.

શ્રી આત્મતિલક ગ્રન્થ સોસાયટીદ્વારા

પ્રકટ થયેલાં પુસ્તકો.

પરિશિષ્ટપર્વ—આ પુસ્તકના બે ભાગ છે. તે હિંદી ભાષામાં લખાયેલ છે. પુસ્તકના પ્રથમ ભાગમાં વલ્કલચિરી, પ્રસન્નચંદ્ર, તથા મહાત્મા જંબુસ્વામીના સવિસ્તર પવિત્ર જીવન ચરિત્રો આપવામાં આવ્યાં છે. જંબુસ્વામીના ચરિત્રમાં અઢાર રોચક કથાઓ છે, જે વાંચવાથી બુદ્ધિ ખીલે છે, અને અનેક પ્રકારનો બોધ મળે છે. બીજા ભાગમાં શ્રેણિક રાજાની ગાદી પર સંપ્રતિરાજા સુધી જેટલા રાજાઓ થયા, તે સર્વનાં વૃતાંત તથા આર્યરક્ષિતાચાર્ય વગેરે મહાન્ પ્રભાવશાળી આચાર્યોનાં જીવન ચરિત્રો છે. અને ૪૦ ફોર્મ ડેમી સાઇઝ ઉંચા કાગળ સુંદર સફાઇદાર છપાઇ, અને બે ફોટા; આટલું છતાં કિંમત માત્ર ૧ રૂપીઓ રાખવામાં આવ્યો છે.

સૂરાચાર્ય અને ભીમદેવ-(ગુર્જર ભૂમિના પ્રસિદ્ધ કવિ તથા સામ્રાટ શિરોમણિ.) આ પુસ્તકની અંદર શ્રીમાન્ સૂરાચાર્યજીનું તથા તેની સાથે સોલંકી વંશના ગુર્જરપતિ સામ્રાટ ભીમદેવનું જીવન ચરિત્ર સરલ હિંદી ભાષામાં લખવામાં આવ્યું છે. ભીમદેવની ગુરૂભક્તિ તથા સુરાચાર્યની કઠિન પ્રતિજ્ઞા,

ભોજ રાજાની રાજસભામાં અનેક વિદ્વાનોની વચ્ચે અનેક મુશ્કેલીઓ વેઠીને મેળવેલો વિજય તથા પાળેલી પ્રતિજ્ઞા, રોમાંચ ખડાં કરે છે. ઇતિહાસના રસિકોએ આ પુસ્તક ખાસ કરીને વાંચવું જોઇએ. કિંમત માત્ર ચાર આના.

ગુણસ્થાન ક્રમારોહ–આ પુસ્તકમાં ચૌદ ગુણસૂચક શ્રેણીઓ છે. તેનું વર્ણન રસીલી હિંદી ભાષામાં કરવામાં આવ્યું છે. મુમુક્ષુ જીવોએ આ પુસ્તક ખાસ કરીને વાંચવું જોઇએ, કારણ કે તેમાં ચાર પ્રકારનાં ધ્યાન વગેરે વિધિઓનું સુંદર વર્ણન આપવામાં આવ્યું છે. ડેમી આઠ પેજી ૨૦૦ પૃષ્ઠ. સોનેરી અક્ષરના પાકા પુંઠાની બંધાઇ સાથેના કીંમત માત્ર ૧૨ આના.

રત્નેન્દુ—આ એક જુદો અપૂર્વ ઉપન્યાસ છે. આ પુસ્તક હાથમાં લીધા પછી સંપૂર્ણ વાંચ્યા વગર તે મૂકી દેવાનું મન થતું નથી. તે હિંદીમાં લખાયેલું છે. તેની કિંમત માત્ર ૪ આના છે.

જાતીયશિક્ષા–હિંદુસ્તાનમાં આવેલી સઘળી જાતો એકમેક સાથે મળી સંયુક્ત ભારતના વિકાસ અર્થે કામ કરવા ઉત્તેજિત થાય તેવી ભાવનાને પોષનારૂં આ નાનું પુસ્તક છે. સ્વદેશ સેવાની ભાવના જાગ્રત થાય અને મનના સંકુચિત વિચારો દૂર થાય તે માટે આ પુસ્તક અવશ્ય વાંચવું. કિંમત માત્ર ૧ આનો.

ચારિત્રમંદિર—આ પુસ્તક અંગ્રેજીમાં મી. અર્નેસ્ટ વુડે લખેલા Character building નામના પુસ્તકનો હિંદી અનુવાદ છે. તેમાં ચારિત્રરૂપી મંદિરનો પાયો, તથા તેની દીવાલો, તથા તેનું છાપરૂં કેવું હોવું જોઇએ, તથા ઉત્તમ ચારિત્રને યોગ્ય ગુણો

શા રીતે બીજે તે ઘણુંજ બોધક અને અસરકારક રીતે દર્શાવવામાં આવ્યું છે. કિંમત માત્ર બે આના.

શિક્ષાકા આદર્શ—આ પુસ્તકના લેખક સ્વામી સત્યદેવજી છે. તે હિંદી ભાષામાં લખવામાં આવ્યું છે. સ્વાતંત્ર્યભાવનાને હિંદુસ્થાનના શિક્ષણના આદર્શરૂપે કલ્પી તે આદર્શને વ્યવહારમાં યોજવા માટે શિક્ષણની વ્યાખ્યા, આર્થિક સ્વતંત્રતા, માનસિક સ્વતંત્રતા, તથા આધ્યાત્મિક સ્વતંત્રતા વગેરે વિષયો ચર્ચ્યા છે. શિક્ષણમાં રસ લેનારા દરેક મનુષ્યે આ પુસ્તક અવશ્ય વાંચવું. પૃષ્ઠ ૬૮ કીંમત પાંચ આના.

હિંદીકા સંદેશ—આ પુસ્તક પણ સ્વામીશ્રી સત્યદેવજીએ હિંદીમાં લખેલું છે. તેમાં સમસ્ત ભારતને વાસ્તે એક ભાષા તરીકે હિંદી ભાષા કેટલે અંશે થઇ શકવા સમર્થ છે, તે બતાવવા તેમણે પ્રયત્ન સેવ્યો છે. હાલમાં સમસ્ત દેશમાં એક ભાષા કરવાનો વિચાર ચાલે છે, તે સમયે આ પુસ્તક ઘણું કીંમતી લેખાવું જોઇએ. કીંમત માત્ર ૧ આનો.

સંજીવની બુટી—આ પુસ્તક પણ સ્વામીશ્રી સત્યદેવે હિંદીભાષામાં લખેલું છે. વાંચનાર ચાતકની માફક પુસ્તક પૂરૂં કરવાને તલપી રહે છે. આ પુસ્તકમાં મનુષ્યનું સામર્થ્ય, હસ્તમૈથુનમાંથી બચવાના ઉપાયો, પવિત્રતાની અમોઘ શક્તિ, આત્મસંયમ, અને સ્વપ્ન દોષમાંથી બચવાના ઇલાજો વગેરે વીર્યરક્ષાના ઘણા જરૂરના પ્રશ્નો આ પુસ્તકમાં સરલ અને સુંદર ભાષામાં તેના અનુભવી લેખકે ચર્ચ્યા છે. જે છોકરાઓ ખરાબ સોબતમાં

પડવાથી કુટેવના ભોગ થઇ પડે છે, અને જેનું પરિણામ તેઓ યુવાસ્થામાં તેમજ મરણ સુધી ભોગવ્યા જ કરે છે, તે કુટેવમાંથી બચવાના સીધા અને સાદા ઉપાયો બતાવવામાં આવ્યા છે. આવા પુસ્તકની ઘણી જ ખોટ હતી, અને તે ખોટ સ્વામીશ્રી સત્યદેવે પુરી પાડી ઉછરતા જુવાનોને એક વિશ્વાસપાત્ર ભોમીઓ પુરો પાડયો છે. આવાં પુસ્તકોનો વિશેષ પ્રચાર થવાની જરૂર છે. સુંદર એન્ટીક કાગળપર છાપેલું દશ ફર્માનું પુસ્તક છે. કીંમત માત્ર આઠ આના.

सेवाधर्मनी भावना.

मन्दाक्रान्ता छंद.

ચાલો મિત્રો! પરહિતતણાં કામ આજે કરીશું,
દુઃખી જે જે નજર પડતાં, દુઃખ તેનાં હરીશું;
શાન્તિ દેવા જિગરબળથી સ્વાર્થનો ભોગ આપી,
રૂઝાવીશું હૃદય વ્રણને દુઃખના હેતુ ટાળી. ૧
આંસુડાં જે નયન ઝરતાં લુછીશું નિજ હસ્તે,
સિંચીશું ત્યાં પ્રણય બળની વારિ ધારાજ પ્રીતે;
શોકે ડુબ્યું વદન નિરખી શાન્તિ તેને દઈશું,
નિમિત્તે જે ઉદ્‌ભવ થયો નાશ તેનો કરીશું. ૨
અજ્ઞાનીના તિમિર પટનો ભંગ કરવા નિમિત્તે,
વિદ્યાનાં જે પ્રબળ કિરણો ફેંકીશું શુદ્ધ ચિત્તે;
દેખી જીવો બળહીન જગે ધીરીશું વીર્ય ખંતે,
જેથી તેઓ ધીરજ ધરીને ચાલશે યોગ્ય પંથે. ૩
લોકોમાંહે નિરખી અશુચિ દ્વેષ તો ના ધરીશું,
દૃષ્ટાંતેથી શિખવી શુચિતા મેલ જલ્દી હરીશું;
જ્યાં જ્યાં જેવી જરૂર પડતી સેવનાની અમારી,
ત્યાં ત્યાં તેવી અમ હૃદય તો આપશે સેવ ભારી. ૪
'સેવા.' 'સેવા,' અવનીતલમાં ધર્મ બીજો ન જાણું,
સેવા! સેવા! રટણ કરીને કાર્યમાં તેજ આણું;
સેવાનો તો વિકટ પથ છે તોય તેને ગ્રહીશું,
પ્રાણિસેવા કરી સુગુરુના માર્ગમાં વિચરીશું. ૫

મણીલાલ ન. દોશી.

આ ટાઇટલ પેજ ધર્મ વિજય પ્રેસમાં છાપ્યું. **અમદાવાદ.**